કુમાર

સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ


આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૬મું · અંક ૫મો · મે · ઈ. ૧૯૭૯

મૃગનયના : બહુધા પ્રણયાત્મક અને શૃંગારભાવને પરિપોષક ચિત્રવિષયો એ કાંગડા ચિત્રશૈલીની એક આગવી લાક્ષણિકતા છે. પૌરાણિક કથાઓ, કૃષ્ણલીલા અને રોજિંદા સામાજિક જીવનના વિધવિધ પ્રસંગોની રજૂઆત સાથે તેમાં પ્રેમી યુગલોનું પણ પુષ્કળ આલેખન થયું છે. તેનાં પુરુષ-પાત્રો પ્રણયમત્ત હોવા છતાં યે પૌરુષના ગૌરવથી યુક્ત હોય છે, તો લાંબું નાક, ગોળ હનુવટી, પુષ્ટ સ્તન તથા હરણી જેવાં નેત્રવાળી એની નમણી નારીનું સૌન્દર્ય વિનયશીલ ગંભીરતા પણ ધરાવે છે. સિદ્ધહસ્ત કાંગડા ચિત્રકારોની નજાકતભરી તરલ રેખા તેના આલેખનમાં સવિશેષ ઓપ ઉમેરે છે. હાથમાંના ગુલાબની સુવાસથી કોઈ મધુર સ્મરણોમાં ખોવાઈ ગએલી આ સનાતન રાધિકા તેની દ્યોતક છે.



તંત્રી · બચુભાઈ રાવત

સળંગ અંક ૬૬૫



ડાંગના શ્રમજીવીઓ (કલાકાર • જગુભાઈ શાહ) આ જંગલમાંનાં જ કોઈ વૃક્ષ ઉપર ચડીને જોતાં દેખાય એવાં દૃષ્ટિકોણ પસંદ કરીને કલાકારે નાના ચિત્રફલકમાં મોટા વિસ્તારને આવરી લીધો છે. તેમાં દેખાતાં વૃક્ષોની ટોચો તથા તેનાં થડની ઊભી રેખાઓ ચિત્રમાં ઊંડાણ પ્રકટ કરે છે, નીચે જુદા જુદા ભાગમાં કામ કરતા શ્રમજીવીઓનાં વિવિધ જૂથ સુંદર સંયોજન રચવા સાથે ચિત્રમાં પ્રાણ પૂરે છે, તો નીચે કપાઈને પડેલાં થડિયાંની ત્રાંસી રેખાઓ ચિત્રફલકની બહારના વનવિસ્તારનો ખયાલ પ્રકટાવે છે.

(શ્રી જગુભાઈ શાહનો પરિચય આ અંકની 'કલાવાર્તા'માં આપ્યો છે.)

અંતરંગ

મે ૧૯૭૯ • અંક ૬૬૫

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યત: દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે એવું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ ગોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ: રૂ. ૨૪.૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬.૦૦; છૂટક નકલ: રૂ. ૨.૫૦

વાચકો લખે છે...

સૂર્યમૂર્તિઓ

'કુમાર'ના નવેમ્બર '૭૮ના અંકમાં 'વાચકો લખે છે' વિભાગમાં રણજિતસિંહ ચાવડા ને કમલેશ વિસાણીએ 'સૂર્યમૂર્તિ' વિષેના પત્રમાં 'આ મૂર્તિ કદાચ સૂર્યની હોઈ શકે. પગમાં હોલબૂટ હોય તેવું જણાય છે.' એ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે, તો એ સંબંધમાં મારા સૂર્યપૂજા ઉપરના વાચનમાંથી મને કેટલીક વિગતો મળી છે તે જણાવવા ઈચ્છું છું.

આર્ય સંસ્કૃતિ પ્રમાણે સૂર્યોપાસના વેદના કાળથી જ શરૂ થઈ લાગે છે. તે સમયે સૂર્યની પૂજા મૂર્તિ દ્વારા નહિ પણ મંત્ર દ્વારા થતી. (દા. ત. ગાયત્રી મંત્ર.) સૂર્યપૂજા પૃથ્વી પરના લગભગ બધા દેશોમાં પ્રચલિત હતી—ખાસ કરીને મધ્ય એશિયા અને ઇજિપ્તમાં. ત્યાં ઇસ્લામ ધર્મના આગમન પહેલાં સૂર્યપૂજા થતી હતી. મધ્ય એશિયામાંથી બઝર, ગીઝર-ગુર્જર એ નામથી ઓળખાતી જાતિઓ ગુર્જર નામથી ભારતમાં પંજાબ, કાશ્મીર, ઉત્તર ભારત અને કાઠિયાવાડ–ગુજરાતમાં ઊતરી આવી હતી અને ત્યાં તેઓએ સૂર્યપૂજા પ્રચલિત કરી હતી. આજે પણ આ જગ્યાઓએ સૂર્યમંદિરો જોવામાં આવે છે. ઉત્તર હિંદની સૂર્યમૂર્તિઓ અને દક્ષિણ હિંદની સૂર્યમૂર્તિઓમાં મુખ્ય ફરક એ જોવામાં આવે છે કે ઉત્તરની મૂર્તિઓના પોશાકમાં મોજાં, બૂટ અને લાંબી ટોપી દૃષ્ટિએ પડે છે અને દક્ષિણની મૂર્તિઓમાં સૂર્યના હાથ ખભા સુધી ઊંચા હોય છે ને પગ ઉઘાડા દેખાય છે. ઉત્તરના મૂર્તિવિધાનમાં આમ ઇજિપ્ત તથા ઈરાનનાં વિદેશી તત્ત્વોનું સૂચન જણાય છે જ્યારે દક્ષિણની મૂર્તિઓ શુદ્ધ ભારતીય સંસ્કૃતિની લાગે છે.

આર્યોના મૂળ સ્થાન ઉપર આ મૂર્તિવિધાન નિર્દેશ કરતું હશે ? કઈ જાતિઓ આ વિદેશી તત્ત્વો ભારતમાં ક્યારે લાવી હશે તે એક રસમય પ્રશ્ન ઊભો કરે છે.

(વડોદરા) —પદ્મકાન્ત ર. શાહ

લસણ અને દીર્ઘાયુ

અંક ૬૫૬માં 'માધુકરી' વિભાગમાં લસણના દીર્ઘાયુ માટેના પ્રયોગના અનુસંધાનમાં 'કુમાર'ના ૬૫૯મા અંકમાં શ્રી રવજીભાઈ ડોબરિયાનું લખાણ વાંચ્યું. તેમની શંકા સાથે હું સહમત થાઉં છું અને સાથે સાથે થોડી સ્પષ્ટતા પણ કરવા માગું છું.

આયુર્વેદના તમામ માન્ય ગ્રંથોમાં લસણ ને દૂધ સાથે જ ખાવામાં આવે, એકસાથે પાચનમાં પણ ભેગા થાય તો ભિન્ન પ્રકૃતિ ને ભિન્ન ગુણને કારણે વિરુદ્ધ આહાર થવાથી કોઢ જેવા અનેક ચર્મરોગ તેમ જ અન્ય રોગોનું કારણ બને છે. ચર્મરોગ જેવા વિરુદ્ધ આહારજન્ય રોગોના નિદાન વખતે પણ આ કારણ વૈદ્યો દ્વારા પ્રાય: દરદીની પ્રશ્નપરીક્ષા વખતે મળી આવતું હોય છે. પરંતુ જે શાસ્ત્રે અષ્ટાંગહૃદયમાં

'विरुद्धमपि चाहारं विद्याद्विषगरोपमम्।

વિરુદ્ધ આહાર ઝેર જેવો તેમ જ ગર (જૂનું ઝેર) જેવો માનવો તેમ કહ્યું છે તે જ શાસ્ત્રે ચિકિત્સાના અને રસાયન પ્રયોગના હેતુથી ન છૂટકે, અને અનુકૂળ આવતું હોય તો ગુલ્મ જેવા રોગમાં ;તથા લસણના રસાયણપ્રયોગમાં લસણને વિવેકપૂર્વક દૂધ સાથે લેવાનું પણ કહ્યું છે! એટલે એનો અર્થ એ થયો કે સરવાળે દરદીનું કે વ્યક્તિનું હિત થઈ શકતું હોય તો લસણ-દૂધની સાથે લઈ શકાય. અન્યથા રોજિંદા આહારમાં નહિ.

(અમદાવાદ) —શોભન વૈદ્ય

ખરજવાનો ઉપચાર

આપના તંત્રીપદે પ્રગટ થતા 'કુમાર' માસિકનો છેલ્લાં વીસેક વર્ષથી ગ્રાહક છું. આ માસિકમાં અપાતી સંસ્કારી ને શિષ્ટ સાહિત્યસામગ્રી અન્ય ગુજરાતી સામયિકમાં ભાગ્યે જ મળે. દિનપ્રતિદિન 'કુમાર'નું ધોરણ વિકાસ પામતું જાય છે અને અવનવા વિભાગો સમાવી લઇને વિવિધ ક્ષેત્રના વિશાળ વર્ગના વાચકોને તેનો લાભ આપો છો તે હર્ષદાયક હકીકત છે. 'વાચકો લખે છે' એ વિભાગમાં 'કુમાર'ના વાચકોને થએલા અનુભવ બીજાઓને ઉપયોગી નીવડે તે માટે આપ પ્રગટ કરો છો તેવો મારો એક સ્વાનુભવ નીચે મુજબનો છે:

મારા ડાબા પગે પગની પાનીથી લગભગ ૨" ઉપર છેલ્લાં ચૌદ-પંદર વર્ષથી ૨" લંબાઈ અને ૧" પહોળાઈની જગામાં સૂકું ખરજવું હતું. આ ખરજવું મટાડવા માટે રંગુનમાં તેમ જ અહીં અનેક જાતની દેશી તેમ જ પરદેશી દવાઓ અજમાવી હતી. દેશી ઉપાયોમાં તુલસીનો રસ, કુંવારિયાનો રસ, કુંવારિયાનાં બી વગેરે અનેક વનસ્પતિઓનો ઉપયોગ કર્યો હતો. અનેક જાતના મલમ, લોશન ને ખાસ પ્રકારનાં ઑઇંટમેન્ટ ચામડીના એવા પ્રકારના રોગ માટે આવે તે દરેક અજમાવી જોયા હતા. એક પ્રયોગમાં તો ડામર, ગંધક અને કપૂર એ ત્રણે ભેગાં કરી ઉપર કંતાન વીંટાળી ને બબ્બે અઠવાડિયા તે ભાગ ન ભીંજાય તેમ કર્યું હતું. છતાં ખરજવું મટ્યું ન હતું. આ ઉપરાંત દિવસમાં બેત્રણ વાર એક સપ્તાહ સુધી સ્ટ્રૉંગ સાયલીસિલિક ઍસિડ મૂકીને બાળી નાખવા છતાં ખંજવાળ એટલી જ રહેતી અને બિલકુલ મટે જ નહિ. આ ઉપરાંત શિવામ્બુનો પ્રયોગ પણ કર્યો હતો. પણ કોઈ ફાયદો જણાયો ન હતો. જે જે ઉપાયો લીધા તે દરેક ધીરજપૂર્વક ખંત રાખીને લાંબો સમય ચાલુ રાખ્યા હતા. છતાં કોઈ પણ ઉપાયે તે મટ્યું ન હતું.

એક સ્નેહી મિત્રે જણાવ્યું કે તેમને ખરજવું હતું તે રાવળિયા ભાઈ ભૂંગળીથી જીવડાં (પૅરેસાઈટ્સ) ખેંચી કાઢે છે તેનાથી સારું થઈ ગયું હતું. તો તે રાવળિયાભાઈ સુલેપ (તા. હાંસોટ જિ. ભરૂચ)ના છે તેમની પાસે ભૂંગળી મુકાવીને જીવડાં-જંતુ કાઢવાનો પ્રયોગ પણ અજમાવી જોયો હતો. પણ આનાથી પણ મને ફેર પડયો ન હતો. ખરજવા વિષે શ્રી નટવરલાલ માલવીની પુસ્તિકા મેં વાંચી હતી. તેમણે તે મટાડવા વિષે અનેક ઉપાયો કર્યા હતા, પણ તે મટ્યું ન હતું. તેવો મને ખયાલ છે. દરમ્યાનમાં એક દિવસ અહીંથી નજીક જહાંગીરપુરા જીનમાં મારા એક સ્નેહી મિત્ર શ્રી ધનસુખભાઈ પટેલ જેઓ બ્રાંચ મૅનેજર છે તેમણે સલાહ આપી કે તમારે ખરજવું મટાડવું હોય તો એક તદ્દન સાદી દવા છે. છે. આ ઑફિસમાં કૅમલ પેસ્ટ વ્હાઈટ ગમ વપરાય છે તે લગાડી જુઓ. અમારા એક કર્મચારી ભાઈને મટી ગયું છે. આટલા બધા ઉપચારો કર્યા હતા, એટલે આ એક ઉપાય વધુ, એમ કરીને એ સફેદ ગુંદર ખરજવા ઉપર સ્હેજ બ્લેડ ઘસીને તે ભાગ સાફ કરીને સારી પેઠે લગાડી દીધો. ને લગાડતાંની સાથે જ ખૂબ જ લ્હાય બળવા માંડી, અને બેત્રણ દિવસ અસહ્ય બળતરા રહી હતી. ખરજવું મટાડવાની ગરજ હતી તેથી તે સહન કરી. ખરજવાવાળો ભાગ ને તેની આજુબાજુનો ભાગ ત્રણચાર દિવસમાં સૂઝીને, પાકીને ફદફદી ગયો હતો. બરાબર વચ્ચેનો ભાગ ½"ના વ્યાસમાં સડીને છૂટો પડી ગયો હતો અને તે ડૉક્ટર પાસે કપાવી નાખ્યો હતો. તે ભાગમાં ઘારું પડી ગયું હતું તે બે ત્રણ દિવસના આંતરે ડ્રેસિંગ કરીને રૂઝવી દીધું. અને તે રૂઝાએલા ભાગ અને આજુબાજુના ભાગો પર Betnovet N ઑઇન્ટમેન્ટ (ગ્લૅક્સો) દિવસમાં બેત્રણ વાર ઘસીને લગાડવાથી ખરજવું તદ્દન નાબૂદ થઈ ગયું હતું. આજે તો હવે તે ભાગમાં ખરજવાનું નામનિશાન નથી. અને અસલ ચામડીના જેવી જ ચામડી થઈ ગઈ છે. આ મટી ગયાને આજે લગભગ બે વર્ષ થઈ ગયાં. ફરી થયું નથી. પણ હમણાં ફરી એક માસ ઉપર જમણા પગના અંગૂઠા પર ચળ આવવી શરૂ થઈ, ને અવાર-

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૮)

હરણાં / જયન્ત પાઠક

· હરિણી સૉનેટ ·

હરણ હરણાં જ્યાં જુઓ ત્યાં બધેબધ ખેલતાં
તરણ તરણાંને મેદાને રહે હડસેલતાં,
મુખ મહીં ધરી કલ્લી ભોળાં ઊંચાં નયણે જુએ,
અમયું અમયું ઓછું આવ્યે રહીરહીને રુએ.

ઝરણતટ ઝૂકીઝૂકીને જળાં જલને પીએ,
પડત પડછાયાથી ચોંકી જરા થથરી દિયે;
નિજની જ સુંવાળપને ઓઢી સૂતાં તરુછાંયડે,
ગભરુ હરણાં વારે વારે ખણે તન શીંગડે.

પવન પથમાં ઊંચા ચારે પગો લઈ ઊપડે,
ભય-શરથી વીંધાઈ વચ્ચે ટપોટપ તરફડે.
મૃગજળ તટે જ્યાં જુઓ ત્યાં બધેબધ ઠેકડે
હરણ હરણાં ઓળંગીને રણો, ગગને ચડે.

લખલખ થતાં અંધારાં ને તગોતગ તારકો
અવ હરણને જોવા ચાહો નભે નીરખી શકો.

ફૂટે / ભગવતીકુમાર શર્મા

· વસંતતિલકા ગઝલ ·

દાવાનળે તડતડી યદિ વાંસ ફૂટે;
આદિમ કોઈ કવિતા લઈ પ્રાસ ફૂટે.

કોરા જ કાગળ છતાં ઇતિહાસ ફૂટે;
કોઈ અનામ કબરે જયમ ઘાસ ફૂટે.

બંનેની નોંધ સરખી રહુ કાળ-ગ્રંથે;
ફૂટે ઋજુ હૃદય કે કયહીં ગ્લાસ ફૂટે.

આવે મળી ઉકરડે કદી ગર્ભ-લોચો;
અંધારમાં કણસતો અજવાસ ફૂટે.

મ્હોરાં-મઢયું નગર તો જડ-શૂન્ય રે'શે;
આંખો બને સજલ કે મુખ હાસ ફૂટે.

એક સૂર્ય: ત્રણ રણ તાન્કા / કિશોરસિંહ સોલંકી

સવાર

વસંત આવી
ઝાંખરની ડાળે! ત્યાં
સુક્કા પરણે
ઓસબિંદુમાં સૂર્ય
બેઠો સેવે રણને.

બપોર

હરણાં ઊભાં
પીએ મૃગજળને
ખજૂરી દોડે
વાયરાની વચાળે
જુએ હાંફતું રણ.

સાંજ

ચોળતો આંખો
ક્ષિતિજના માળામાં
લપાતો સૂર્ય
ધીમે કંકુ પગલે
આથમે ભીનું રણ.

¶ હરણાં : વન્ય હરણોની રમતિયાળ પ્રવૃત્તિ, કાતર વૃત્તિ અને અલસ નિવૃત્તિની વિવિધ દૃશ્ય શબ્દચિત્રાવલિ રજૂ કરતું આ સરળ સૉનેટ સદ્ય આસ્વાદ્ય બની રહે છે. હરિણી છંદની આરંભની પાંચ લઘુ શ્રુતિ અને પછીની પાંચ ગુરુ શ્રુતિના દ્રુત વિલંબિત લય દ્વારા હરણોની ગતિવિધિ ચાક્ષુસ કરાઈ છે. ત્રીજી પંક્તિમાં હરણોનું સ્થિર ચિત્ર તો નવમી પંક્તિમાં ગતિચિત્ર છે, તેવાં બીજાં શબ્દચિત્રો પણ માણી શકાશે. સૉનેટને અંતે વિષયાંતર દ્વારા સધાએલો વિચારપલટો ભૂમિ પરનાં વન્ય હરણોનું દર્શન ભૂમિપારના આકાશી હરણ (નક્ષત્ર)માં પલટાવી દે છે તે જાણે હરણનો કેવો પવનવેગી પ્રલંબ ઠેકડો વ્યંજિત કરી રહે છે! ¶ ફૂટે : સંસ્કૃત વૃત્ત (વસંતતિલકા)માં રદીફ-કાફિયાની સાંકળી અને અભિવ્યક્તિના આંતરમિજાજથી ગઝલ કંડારવાનો પ્રયોગ ગુજરાતી સાહિત્યમાં છેક જ નવો ભલે નથી, પણ અલ્પ પ્રયોજિત તો છે જ. આ કૃતિમાં પણ એવા પ્રયોગની ઠીકઠીક સફળ પરિણતિ અનુભવી શકાય છે. ત્રીજા શેઅરમાં તો હૃદય કે ગ્લાસ ફૂટવાની ક્રિયાનો ઇતિહાસ કેટલો સમાન છે એમ સૂચવી સચોટ અભિવ્યક્તિ સધાઈ છે. સંસ્કૃત વૃત્ત, ગઝલનો મિજાજ અને 'ગ્લાસ' જેવો અંગ્રેજી શબ્દ : આમ આ શેઅરમાં પ્રયોગ જાણે ચરમ સીમાએ પહોંચે છે! પ્રત્યેક શેઅર એની આગવી અભિવ્યક્તિથી સચોટ બન્યો છે. ¶ એક સૂર્ય-ત્રણ રણ તાન્કા : ૩૧ શ્રુતિઓના આ જપાની કાવ્યસ્વરૂપમાં પાંચ પંક્તિઓ હોય છે. પ્રથમ ત્રણ પંક્તિઓ હાઇકુનું સ્વરૂપ છે અને ચોથી તથા પાંચમી પંક્તિ સાત સાત અક્ષરોની બનેલી હોય છે. આ રીતે પાંચ પંક્તિઓ ૫, ૭, ૫, ૭, ૭ અક્ષરોની થઈ. માનવહૃદયના ભાવોને સરળ અભિવ્યક્તિ આપવા આ સ્વરૂપ પ્રયોજાતું હોઈ એ એક પ્રકારનું ઊર્મિકાવ્ય જ છે. નિરાડંબરી શૈલીમાં, મહદંશે પ્રકૃતિનાં તત્ત્વોને ઇંગિત બનાવીને વ્યંજનાથી ભાવની અભિવ્યક્તિ માટે આ સ્વરૂપ જપાનમાં સૈકાઓથી પ્રયોજાતું આવ્યું છે. અહીં સૂર્યને કેન્દ્રમાં રાખી સર્જાતાં ત્રણ પ્રકૃતિદૃશ્યો રજૂ કરવામાં આવ્યાં છે. સવાર, બપોર અને સાંજની પ્રકૃતિરમણાને પડછે વિરહગર્ભ ભાવચિત્રો પણ આસ્વાદ્ય બની રહેશે. ત્રણે ય તાન્કામાં સૂર્ય અને રણ ધ્યાન ખેંચે છે. પહેલા તાન્કામાં ઓસબિંદુમાં ઝિલાએલો સૂર્ય રણને સેવે છે એ ભાવચિત્ર તો ખરું જ, પણ એ પ્રકૃતિચિત્ર લેખે યે કેવું તાદૃશ છે! અન્ય બે તાન્કામાં પણ એ જ રીતે ઉભય ચિત્રો માણી શકાશે. —ધી. પ.

હસે એનું ઘર વસે

બહાદુરશાહ પંડિત

ઈ. ૧૯૧૮ના ઑગસ્ટ માસમાં ગાંધીજી-ની તબિયત ખૂબ બગડી ગઈ હતી. એક વખત તો એમ લાગ્યું કે ગાંધીજી ભાગ્યું જ બચશે. પણ પછી એમની તબિયતમાં સુધારો થવા લાગ્યો. એ સમયે એમણે એક સંબંધીને લખેલા પત્રમાં લખેલું: 'મારી તબિયત ચંદ્રમાની કળા જેવી છે. વધે છે અને ઘટે છે. માત્ર અમાવાસ્યામાંથી છટકી જાય છે.'

પોતાના ભોગે હસવાની આ કળા દુનિયાના લગભગ બધા મહાપુરુષોએ સિદ્ધ કરી જણાય છે. એનું કારણ એ છે કે હાસ્ય નિર્મળ હૃદયમાંથી ફૂટી નીકળતું ઝરણું છે. નિખાલસ અને સરળ હૃદયનો માણસ જ ખડખડાટ હસી શકે છે. અંગ્રેજ લેખક થૅકરે કહે છે : People who do not know how to laugh are always pompous and conceited.' જે લોકોને હસતાં આવડતું નથી એ લોકો દંભી અને મિથ્યાભિમાની હોય છે.

હાસ્ય જીવન જીવવાની જડીબુટ્ટી માત્ર નથી પણ જીવનનો સંગ્રામ જીતવાનું હથિયાર પણ છે. સાવ અજાણી જગ્યાએ તમે ગયા હો અને કોઈ તમારું પરિચિત ના હોય ત્યારે તમે હાસ્યના બદલામાં મોંઘી મૈત્રી પ્રાપ્ત કરી શકો છો. સ્વામી રામતીર્થ સ્ટીમરમાં અમેરિકા જતા'તા. સાનફ્રાન્સિસ્કો બંદરે પહોંચતાં ઉતારુઓ સરસામાન લઈ ઝડપભેર નીચે ઊતરવા લાગ્યા, પણ સ્વામીજી તો શાંતિથી બેસી રહ્યા. એમને આમ શાંતિથી બેસી રહેલા જોઈ એક અમેરિકન એમની પાસે આવ્યો ને બોલ્યો : 'આપ ક્યાંથી આવો છો? આપનો પરિચય?'

'હું હિંદુસ્તાનનો ફકીર છું.'

પેલા અમેરિકને જોયું કે સ્વામીજી પાસે નહોતો કશો સરસામાન કે નહોતું પૈસાનું પાકિટ. એથી એણે પૂછ્યું : 'અમેરિકામાં આપનો કોઈ મિત્ર છે કે?'

સ્વામી રામતીર્થે પેલા અમેરિકનના ખભે હાથ મૂકી હસતાં હસતાં કહ્યું : 'હા જી, હું માત્ર એક જ અમેરિકનને અહીં ઓળખું છું અને તે આપ છો!' અને સ્વામીજીના મધુર હાસ્યની એ અમેરિકન પર એવી અસર થઈ કે એ એમને પોતાના ઘેર જ લઈ ગયો.

સ્વામીજીના મધુર હાસ્યના પ્રભાવનો એક બીજો દાખલો પણ અહીં યાદ કરવા જેવો છે. સ્વામીજી સાનફ્રાન્સિસ્કોથી ન્યૂ યૉર્ક જવા ઈચ્છતા હતા ત્યારે મિસ ટેલર નામનાં એમનાં શિષ્યા ખ્રિસ્તી ધર્મગુરુઓને રેલવેમાં મળતો ઓછા દરનો લાભ સ્વામીજીને અપાવવા ગ્રેઈટ પૅસિફિક રેલરોડ કંપનીના મૅનેજરને મળ્યાં.

એમની વાત સાંભળી મૅનેજર તો આનંદવિભોર બની બોલ્યા : 'શું એમને ઓછા દરની ટિકિટ અપાવું? એમને તો હું પુલમૅન કાર મફત આપીશ. એમનાં હાસ્ય રોક્યાં રોકાય તેમ નથી. એમના હાસ્યમાં એવું માધુર્ય અને મનમોહક આકર્ષણ છે કે ભલભલાને મુગ્ધ કરી નાખે છે.' એમ કહીને તેમણે પોતાની રેલવેમાં એક સુંદર ડબો સ્વામી રામતીર્થ માટે કાઢી આપ્યો.

તમારા પરિચયમાં આવતી પ્રત્યેક વ્યક્તિ સાથે હસીને વાત કરો અને એનું પરિણામ શું આવે છે એ જુઓ.

એક લેખકે કહ્યું છે કે તમે જ્યારે હસો છો ત્યારે આખું જગત તમારી સાથે હસે છે, પણ તમે રડો છો ત્યારે એકલા જ હો છો.

જગતમાં હસવાની શક્તિ એકલા માનવપ્રાણીને જ મળી છે કેમ કે એને વિચારવાની તર્ક કરવાની શક્તિ મળી છે. આ અમૂલ્ય શક્તિનો ઉપયોગ કરીને માણસ ગમે તેવી વિકટ પળોમાં પણ હળવાશ અનુભવી શકે છે.

કોઈએ ગાંધીજીને પૂછ્યું હતું : 'તમે એમ માનો છો કે વિનોદવૃત્તિ જીવનનું એક આવશ્યક અંગ છે?' જવાબમાં ગાંધીજીએ કહ્યું : 'મારામાં જો વિનોદવૃત્તિ ન હોત તો મેં ક્યારનો યે આપઘાત કર્યો હોત.'

સર જેઈમ્સ બેરીએ એના એક પુસ્તક 'પીટર પાન'માં લખ્યું છે કે જ્યારે પહેલું બાળક પહેલી વાર હસ્યું ત્યારે એ હાસ્યના હજારો ટુકડા થઈ છલાંગ મારી કૂદવા લાગ્યા. એ હતી પરીઓની શરૂઆત.

દંભના ફુગ્ગાની હવા કાઢી નાખવા ને તંગ મનોદશામાંથી મુક્ત થવા હાસ્ય જેવું કોઈ ઉત્તમ ઔષધ નથી. દીર્ઘ ને સુખી જીવન જીવવા માટે હાસ્ય જેવું અદ્ભુત કોઈ ટૉનિક નથી.

રમૂજવૃત્તિ વિનાનો માણસ એ સ્પ્રિંગ વિનાની ગાડી જેવો છે. રસ્તા પરના ખાડાટેકરા એની ગાડીને હચમચાવી નાખે છે.

વિલ રૉજર્સે એક સરસ સલાહ આપી છે. એ કહે છે કે હું દરેક માણસને મળતાં ચહેરા પર હાસ્ય અને હૃદયમાં પ્રેમ રાખતો હતો. પરિણામે હું એવા એક પણ માણસને મળ્યો જેને હું ચાહતો ના હોઉં.

હાસ્ય એ નિર્મળ હૃદયમાંથી ફૂટતો નૈસર્ગિક ફુવારો છે. જે હસી શકે છે, એ ચાહી શકે છે અને સહી શકે છે.

પણ હાસ્ય એટલે ઠઠ્ઠા નહિ, ક્રૂર મજાક નહિ. એક કવિએ કહ્યું છે એમ-

'હસવું એવું હોય કે જેથી હાણ ના નીપજે;
હસવે માર્યાં કોઈ, એ હસવાથી ખસવું ભલું.'

હાસ્ય સદા આનંદ નિષ્પન્ન કરે. એમાં ગ્લાનિ ના હોય. જેનાથી કોઈને દુઃખ થાય, પીડા થાય એ હાસ્ય નથી, આગ છે. રમૂજ નથી કટાક્ષ છે. એવા હાસ્યમાં પ્રેમ નથી, ઈર્ષા છે, દ્વેષ છે. હાસ્યનું મોતી પ્રેમની છીપમાં પાકે છે. દ્વેષની આગમાં તો એ ભસ્મ થઈ જાય.

'હસો, ખૂબ હસો, હજી ય વધુ હસી લો જરા
પરંતુ હસવા સમી નવ બનાવશો જિંદગી.'

આ પંક્તિઓમાં કવિએ એક સુંદર સલાહ આપી છે. ગંભીર જિંદગીના પહાડમાંથી હાસ્યનું ઝરણું પ્રકટ થાય છે. જિંદગી હાસ્યાસ્પદ બને તો હાસ્યનો આનંદ લૂંટી શકાતો નથી.

જગતના બધા મોટા માણસોમાં હાસ્યની મૌલિક સૂઝ હોય છે. અબ્રાહમ લિંકન, ટૉલ્સ્ટૉય, ચર્ચિલ, બર્નાર્ડ શૉ આદિએ હાસ્ય-રમૂજનાં અનેક મૌલિક દૃષ્ટાંતો પૂરાં પાડ્યાં છે.

એમર્સને કહ્યું છે કે 'The perception of comic is a tie of sympathy with other men, a pledge of sanity. We must learn by laughter as well as by tears and terror.'

જે દિવસમાં એકાદ વાર ખડખડાટ હસી શકે છે, એ આયુષ્યમાં વર્ષો ઉમેરી શકે છે, કારણ કે હાસ્ય મનની તંગ દશાનો સેફટી વાલ્વ છે.

'હસે એનું ઘર વસે' એ કહેવતનો ગૂઢાર્થ સમજવા જેવો છે. ઉપલક રીતે એ કહેવતનો અર્થ એમ મનાય છે કે જે માણસ હસતો રહે, પ્રસન્ન રહે એનું ઘર એટલે લગ્નજીવન, કૌટુંબિક જીવન, ગૃહસ્થજીવન સ્થિર રહે છે પણ ગૂઢ રીતે એનો અર્થ એવો થાય છે કે જે માણસ હસતો રહે છે એ જ્યાં જાય ત્યાં ઘર જેવું પ્રસન્ન, નિખાલસ અને મુક્ત વાતાવરણ સર્જી શકે છે. એ જ્યાં જાય ત્યાં ઘરમાં બેઠો હોય એટલી સ્વસ્થતા ને સલામતી મેળવી શકે છે.

આમ 'હસતો નર સદા સુખી' એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. અંગ્રેજી કહેવત One who laughs...lasts, એનો અર્થ પણ આવો જ થાય છે. □

હરિ ૐ આશ્રમ તરફનું
અંક ૬૬૪ માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'અનંત ગોપાળ શેવડે'ના લેખક
શંકરદેવ વિદ્યાલંકારને મળે છે.

વીર બાપુ ગાયધની

વ્યાયામના ઉપાસક, અનેકવિધ લોકપ્રવૃત્તિના સક્રિય સ્વયંસેવક. ખાદીના પ્રચારક, ગોદાવરીનાં પૂર અને બળબળતી આગમાંથી અનેકના જીવ બચાવનાર, નાસિકના એક સાચા લોકસેવક વીર

લેખક · જગદીશ પટેલ

દિવસભરની હાડમારી પછી લોકો હજી તો પથારીમાં પડચા જ હતા. એમની આંખ મિંચાઈ ન મિંચાઈ ત્યાં તો રાતની શાંતિ ભાંગતા ઘંટનાદે સૌને જગાડી દીધા. આગ! આગ!—ની બૂમો સંભળાવા લાગી અને ચારે બાજુથી લોકો દોડી આવ્યા. પણ આગમાં ભડભડતા ઘરમાં પેસીને અંદર ફસાઈ ગએલા માણસને, ઢોરને કે કિંમતી ઘરવખરીને બચાવી લાવવા કોઈની હિંમત ચાલતી નહોતી. શું કરવું જોઈએ એ માટે સૂચનો તો લગભગ બધા આપતા હતા, પણ એ માટે જાતે સક્રિય થવા કોઈ તૈયાર હતું નહિ. પણ ત્યાં તો લોકોની ભીડ ચીરતો એક બહાદુર જવાન આગળ આવ્યો. સળગી રહેલા મકાન તરફ જોઈ પરિસ્થિતિનો ક્યાસ કાઢયો ન કાઢયો ને આગની જ્વાળા વચ્ચે ધસી ગયો. જે કોઇને બચાવી શકાય કે જે કાંઈ માલસામાન બહાર કાઢી શકાય તે કરવામાં એણે પોતાના પંડની યે પરવા કરી નહિ. લોકો વગર પૂછ્યે એને ઓળખી ગયા: એ જ હતો એ—બાપુરાવ ગાયધની. જાનનું જોખમ વહોરીને પણ એણે અનેક લોકોને મોતના મોંમાંથી ઉગાર્યા હતા—કોઇને આગમાંથી, કોઇને ગોદાવરીમાંથી. નાસિકના લોકો એનું આ ઋણ હજી ભૂલ્યા નથી, અને ભૂલશે પણ નહિ.

નાસિકના એક શુક્લ યજુર્વેદી પરિવારના એ સુપુત્ર હતા. એમના દાદા રામચંદ્રે ગૃહસ્થાશ્રમ પૂરો કરી સંન્યાસ અંગીકાર કર્યો હતો ને ગોદાવરીના તટે દત્તમંદિર નજીક સમાધિ લીધી હતી. એમને છ સંતાનો: પાંચ પુત્રો અને એક પુત્રી. એમાંના સૌથી નાના પુત્ર કેશવનિધિમાં પિતાના બધા સદ્દગુણો ઊતર્યા હતા. રોજ પ્રાતઃકાળે ચારેક વાગ્યે જાગી જઈ, શ્રીરામની ચરણરજથી પવિત્ર બનેલા ગોદાવરીના રામકુંડમાં સ્નાન કરી ભીનાં વસ્ત્રે જ કપાલેશ્વર મહાદેવના મંદિરમાં આરાધના કરવા જતા. ગોદાવરી માતા અને કપાલેશ્વરમાં એમને અપાર શ્રદ્ધા હતી. પિતાની પુણ્યતિથિ તેઓ ભારે ભક્તિભાવપૂર્વક ઊજવતા. એમનાં પત્ની પાર્વતી પણ પતિની ધર્મસેવામાં પોતાનાં સુખદુઃખ વિસારી આનંદ પામતાં. આવા આ ધર્મનિષ્ઠ દંપતીને ત્યાં ઈ. ૧૯૦૧માં બાપુરાવનો જન્મ થયો હતો. બાપુરાવ એ તો એમનું હુલામણું નામ હતું અને એ જ નામે એ ખ્યાત હતા. પણ એમનું મૂળ નામ તો હતું પુરુષોત્તમ. અધિક માસમાં એમનો જન્મ થએલો એટલે એ નામ રાખેલું, અને પોતાના લોકોપકારી જીવન વડે એમણે એ નામ સાર્થક કરી બતાવ્યું હતું. બચપણથી જ બાપુરાવ ચપળ, હિંમતબાજ, મનસ્વી, તેજ મિજાજી અને તરવાના તથા વ્યાયામના શૉખીન હતા. નાસિકમાં એ સમયે અનેક વ્યાયામશાળાઓ ચાલતી. અંદરોઅંદર તથા આસપાસનાં ગામોમાં કુસ્તીની સ્પર્ધાઓ ચાલતી રહેતી. બાપુરાવ પણ તેમાં ઊતરતા અને એમાં નાનાંમોટાં ઈનામો પણ મેળવેલાં. તરવૈયા તરીકે પણ એમણે ખ્યાતિ મેળવી હતી. વ્યાયામશાળામાં નિયમિત જતા હોવાથી એમનું શરીર તો સુદૃઢ જ થયું જ, ઉપરાંત ચપળતાની સાથે કુશળતા ભળી. સાહસિકતાની સાથે શિસ્ત કેળવાઈ ને એથી સેવાભાવના ખીલી અને સમાજમાં સહકારથી કામ કરવાની સંઘભાવના વિકસી. બ્રાહ્મણ



△ નાસિકમાં પેશ્વાવાડા પાસેના સ્મારકમાં વીર બાપુ ગાયધનીની કાંસ્યમતિમા △

હોવાને કારણે સંસ્કૃત ભાષાનું જ્ઞાન હોવું જરૂરી સમજી પિતાએ તે સમયના નાસિકના પ્રસિદ્ધ વિદ્વાન લંડનકર શાસ્ત્રી પાસે સંસ્કૃતના અભ્યાસ માટે પણ એમને મોકલવા માંડેલા.

આ લંડનકર શાસ્ત્રીની પણ અજબ દાસ્તાન હતી. મૂળ તો એ સાતારા તરફના એક દેશસ્થ ઋગ્વેદી બ્રાહ્મણ. ગણેશશાસ્ત્રી મેંડકી એમનું નામ. ભણવામાં અત્યંત તેજસ્વી હોઈ કોઈ ગુજરાતી ગૃહસ્થની સહાયથી તેઓ બૅરિસ્ટર થવા લંડન ગએલા. સંજોગવશાત્ પેલા ગૃહસ્થની મદદ મળતી અટકી પડી. પોતાનો અભ્યાસ જારી રહે એ માટે છેક બ્રિટનના વડાપ્રધાન ગ્લૅડસ્ટન સુધી એમણે મદદ મેળવવા પ્રયત્નો કરી જોયા, પણ કંઈ વળ્યું નહિ. દુઃખ અને નિરાશાથી ઊંડો માનસિક આઘાત પામી તેઓ દેશમાં પાછા ફર્યા અને સાતારા ન જતાં નાસિકની એક ધર્મશાળામાં આવીને રહ્યા. નિરાશાના આઘાતથી તંગ મનોદશામાં એમણે પોતાનો પાશ્ચાત્ય પોશાક ત્યાગી દઈ લંગોટી ધારણ કરી. પ્રથમ તો લોકોએ એમને પાગલ સમજી હેરાન પણ કર્યા, પરંતુ ધીરેધીરે એમની માનસિક અસ્વસ્થતા ઘટવા લાગી તેમ તેમ એમની વિદ્વત્તાનો પરિચય થવા લાગ્યો. પછી તો એમણે સંસ્કૃત શીખવવા માંડયું અને લોકોએ એમને લંડનકર શાસ્ત્રીનું લાડભર્યું નામ આપી, ધર્મશાળા છોડાવી સારી જગ્યાએ વસાવ્યા. ભણાવવા બદલ તેઓ કોઈ પાસે એક પાઈ પણ લેતા નહિ અને પોતાના નિર્વાહ માટે પણ રોજ માત્ર ચાર જ ઘેરથી ભિક્ષા લઈ આવતા. શિવાજી મહારાજના ગુરુ સમર્થ સ્વામી રામદાસે નાસિકના એક પરા ટાકળીમાં મારુતિમંદિર બંધાવેલું છે, ત્યાં દર વર્ષે દાસનવમીના દિવસે લંડનકર શાસ્ત્રી ૫૦૦ બ્રાહ્મણોને જમાડતા. પછીની પેઢીના અનેક ધુરંધર પંડિતો આ લંડનકર શાસ્ત્રીના શિષ્યો હતા. પણ એવા પંડિત બનવાની બાપુરાવની વૃત્તિ નહોતી. વ્યાકરણ

કરતાં વ્યાયામમાં એમને વધુ રસ હતો. એટલે લંડનકર શાસ્ત્રીને છોડી એ વેદશાસ્ત્રસંપન્ન નારાયણશાસ્ત્રીની વેદ-પાઠશાળામાં જવા લાગ્યા. હાલના નાસિકના શુક્લ યજુર્વેદ સંહિતાના મોટા ભાગના વિદ્વાનો એમના શિષ્યો છે. બાપુરાવ એમની પાસેથી ૪૦ અધ્યાય શીખ્યા. યજ્ઞવિદ્યામાં પારંગત અણ્ણાશાસ્ત્રી વારે પાસેથી એમણે એ વિષયનું જ્ઞાન પણ મેળવ્યું. લક્ષચંડી યજ્ઞ જેવા મહાયજ્ઞોનું અનેક વાર મુખ્યાધ્વર્યુપદ સંભાળનાર શ્રીધર વારે આ અણ્ણાશાસ્ત્રીના પુત્ર થાય. બાપુરાવના ત્યારે તેઓ સહાધ્યાયી હતા.

એ સમયના રિવાજ પ્રમાણે બાળ વયમાં જ બાપુરાવનાં લગ્ન વિશ્વનાથ કેશવનાં પુત્રી અંબા સાથે થઈ ગયાં હતાં. સંયુક્ત કુટુંબપ્રથાનો એ સમય હતો. કેશવનિધિના દસ જણાના પરિવાર માટે ઘર નાનું પડવા લાગ્યું બાપીકી મિલ્કતના ભાગ પડ્યા. તેમાં કેશવનિધિના શાંત સ્વભાવ ને ભોળપણાનો ગેરલાભ લઈ મોટાભાઈઓએ આડગાંવ, ઢકાંબ આદિ ગામની જમીન તથા ઘરો વગેરે પચાવી પાડી નાના ભાઇને નાસિકના ઘરમાં રહેવા પૂરતો હક્ક માત્ર આપેલો! ઈ ૧૯૧૮માં વિષમજ્વરમાં કેશવનિધિનું અવસાન થયું અને સત્તર વર્ષના બાપુરાવ પર માતા, પત્ની, બે નાના ભાઈ અને ચાર બહેનો મળી નવ જણના નિર્વાહનો ભાર આવી પડ્યો. મિલ્કત તો કંઈ હતી જ નહિ અને આજીવિકાના સાધનનું પણ કંઈ ઠેકાણું નહોતું. ધીરજથી ને સહનશીલ માની પ્રેમાળતાના ટેકે અને કેટલાક ખાનદાન મિત્રોના સહકારથી એમણે જેમ તેમ પોતાનું ગાડું ગબડતું રાખ્યું. આપત્તિથી આપોઆપ જ ડહાપણ, ધૈર્ય ને કુશળતા જેવા ગુણો વિકસ્યા અને આંધીમાં યે એમની નૌકા તરતી રહી. વડીલોપાર્જિત સ્થાવર મિલ્કતમાંથી થોડો ભાગ મેળવવા એમણે પ્રયત્નો કર્યા. વગદાર મધ્યસ્થીઓની મદદ લઈ કુટુંબીઓને વારંવાર વિનવણીઓ કરીકરીને અંતે પાંચ વર્ષે જ્યારે એ પ્રશ્ન પતવા આવ્યો ત્યાં સુધીમાં તો મોટા ભાગની મિલ્કત સગેવગે થઈ ચૂકી હતી. જે કંઈ એમને મળ્યું તેમાંથી યે મધ્યસ્થીઓની 'ફી' વગેરે જતાં છેવટ માત્ર પંદર વીઘા જમીન અને નાસિકના ઘરમાં અર્ધો ભાગ એમની પાસે રહ્યાં. એમાંથી યે એમણે એક ખેતર પોતાની પિતરાઈ બહેનને કપડાના ખર્ચ પેટે ભેટ આપી દીધું હતું.

બીજી બાજુ આવી કૌટુંબિક જંજાળો વચ્ચે ય લોકમાન્ય ટિળક ને અસહકારની ચળવળના પ્રતાપે એમનું દેશાભિમાન વધુ સચેત બન્યું હતું. સ્વદેશી-આંદોલનના પ્રવાહમાં બાપુરાવે ખાદી અને તેના પ્રચારનું કામ અપનાવ્યું હતું. આર્થિક મુશ્કેલીઓ છતાં, એમનો નાનો ભાઈ રામચંદ્ર મૅટ્રિક થઈ જઈ કોઈ સારી નોકરીએ લાગીને પોતાનો બોજ ઘટાડશે એવી એમને એક આશા હતી. પણ રામચંદ્રે સરકારી શાળા છોડી રાષ્ટ્રીય શાળામાં ભણવાની ઇચ્છા દર્શાવી ત્યારે એમણે એને તુરત સંમતિ આપી દીધી અને પોતે ખાદીના વેચાણકાર્યમાં લાગી ગયા—ને એમનું ઘર નાસિકની પહેલી ખાદીની દુકાન બની રહ્યું. નાસિક જિલ્લા કૉંગ્રેસે દારૂનાં પીઠાં પર પિકેટિંગ કરવાનો કાર્યક્રમ ગોઠવ્યો. બાપુરાવે તેમાં પણ ભાગ લેવા માંડ્યો. લોકકલ્યાણની વૃત્તિ તો પહેલેથી જ હતી અને દેશાભિમાન પણ પૂરા મંથન બાદ પ્રકટેલું, એટલે એમની એ ભાવનાઓની દઢતા ડગે તેમ નહોતી. વિદેશી વસ્ત્રો સાથે ખાંડનો પણ એમણે ત્યાગ કરેલો. જાતે બ્રાહ્મણ અને પાછા પુરોહિત, એટલે મિષ્ટ ભોજનના યોગ તો વારંવાર ઊભા થતા, પણ એમણે પોતાના નિયમને આમરણાંત ટકાવ્યો હતો.

આફતમાં ફસાએલી કોઈ પણ વ્યક્તિને કંઈ પણ ભેદભાવ રાખ્યા વિના ઉગારવી એ તો જાણે એમનો જીવનમંત્ર હતો. અને એવે સમયે તેઓ પંડનો યે વિચાર કરવા થોભતા નહિ. નાસિકમાં 'રામનામ આધાર આશ્રમ' સ્થાપીને ત્યાં વસેલા પ્રસિદ્ધ સંગીતાચાર્ય પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર પાસે ખાનદેશથી સંગીત શીખવા આવેલા સોપાનદેવ ચૌધરીને ચોમાસામાં ભરપૂર વહેતી ગોદાવરીના કુંડમાંથી ડૂબતા બચાવવા તેઓ યજમાનની ધાર્મિક ક્રિયા અધવચ્ચે છોડીને કૂદી પડેલા, અને સોપાનદેવ એ બદલ આભાર માનવા લાગ્યા ત્યારે અધૂરી છોડેલી ક્રિયા ચાલુ કરતાં કરતાં માત્ર એટલું જ કહ્યું કે 'એ તો મારું કર્તવ્ય હતું.' અને પછી પોતાનો આભાર માનવાને બદલે તરતાં શીખી લેવાની સૂચના આપી પોતાના કામે વળગી ગએલા. આ સોપાનદેવના બચાવથી મરાઠી સાહિત્યજગતને એક પ્રસિદ્ધ ગાયક કવિની ખોટ પડતી રહી ગઈ. એ જ રીતે એક વાર ચાતુર્માસમાં કાળારામ મંદિરમાં રોજ ચાલતાં પં. પલુસ્કરનાં સંગીત વ્યાખ્યાનમાંથી મોડી રાતે પાછા ફરતાં એમણે ગોદાવરીમાં વસ્ત્ર તરતું જોઈ પળનો યે વિચાર કર્યા વિના પહેર્યે કપડે પાણીમાં કૂદી પડીને એક વૃદ્ધાને ડૂબતી બચાવી હતી, ને પછી એ વૃદ્ધાના કહેવા પ્રમાણે બીજી પણ એક સ્ત્રી પાણીમાં તણાઈ હોવાનું જાણતાં ફરી વાર નદીમાં પડી દૂર સુધી ખોજ કરીને બીજી બાઇને યે બચાવી લાવ્યા હતા.

નાસિકમાં આજે જે ત્ર્યંબક દરવાજો છે તે અગાઉ ઔરંગઝેબ દરવાજો કહેવાતો. મુઘલાઈમાં એ તરફનાં હિંદુ મંદિરો તોડીને એ ઊભો કરવામાં આવેલો. આજે પણ આ વિસ્તારમાં મુસલમાનોની વસ્તી છે. ત્યાં એક ઉનાળામાં આગ લાગી. બાપુરાવ ત્યારે ભદ્રકાળી ચોકમાં અષ્ટપુત્રે વકીલનું ભાષણ સાંભળવા બેઠેલા. આગના બંબાનો ઘંટનાદ સાંભળતાં જ એ દોડ્યા. ઉનાળો હતો એટલે પાણીની ખેંચ, ગીચ વિસ્તાર અને થએલી ભીડ તથા એથી ફેલાએલી અવ્યવસ્થામાં બાપુરાવે પોતાની મંડળીને મળે તે સાધનો દ્વારા પાણીની વ્યવસ્થા કરવાનું કહીને પોતે એક ઘરના છાપરે કૂદીને બળતા ઘરમાં ઊતરી ગયા ને શક્ય એટલો સામાન બહાર ખેંચી કાઢ્યો તે પછી બીજા ને પછી ત્રીજા ઘરમાં પણ આગની જ્વાળાઓ વચ્ચે ધસી જઈને એમણે અનેક જણાની ઘરવખરી ખાક થઈ જતી ઉગારી લીધી હતી.

બાપુરાવના મિત્રવર્તુળે એક ગણેશોત્સવ મંડળ પણ સ્થાપેલું ને એના દ્વારા પણ અનેકવિધ કાર્યો તેઓ કરતા. ગણેશોત્સવની ઉજવણીમાં સમૂહભોજનનો પણ કાર્યક્રમ રહેતો, જેમાં રસોઈથી માંડી સફાઈ સુધીનું બધું કામ સૌ જાતે જ કરતા.

વડોદરાના પ્રો. માણેકરાવે વિસારે પડેલી ભારતીય વ્યાયામપદ્ધતિને પુનર્જીવિત કરી હતી. વિદેશી સત્તાની અસર હેઠળ પાશ્ચાત્ય ખર્ચાળ રમતો તરફ લોકો વધુ ને વધુ ઢળતા હતા ત્યારે આ પ્રવૃત્તિએ ભારતીય સંસ્કૃતિને ટકાવવાના પ્રયાસોમાં નવું ચેતન પૂરવાનું કાર્ય કરેલું. એ પ્રો. માણેકરાવના એક મુખ્ય શિષ્ય મહાબળ ગુરુજીએ નાસિકમાં યશવંત વ્યાયામશાળા શરૂ કરેલી ને નાસિકમાં એનું ઠીકઠીક આકર્ષણ જામેલું. એ વખતે ગુલાલવાડી વ્યાયામશાળા એક નાના અખાડા જેવી હતી. બાપુરાવે તેને આધુનિક સ્વરૂપે વિકસાવવા વિચાર્યું. એ માટે એક સમિતિ નીમી. ઈ. ૧૯૨૫માં ગૂડી પડવાના દિવસે એ નવી વ્યાયામશાળાનું ઉદ્ઘાટન કર્યું. એની કાર્યવાહક સમિતિના પ્રથમ મંત્રી બાપુરાવ નિમાયા. આ વ્યાયામશાળા માટે જે જમીન મળેલી એ યે હકીકતે તો ઉકરડાની જગ્યા હતી. એની સફાઈ, એને સમથળ બનાવવા માટે ખોદવાનું કે ભરતી ભરવાનું કામ વગેરે પ્રારંભિક કાર્યોમાં કામચોરી કે માનાપમાન વગેરેનો વિચાર થઈ જ ન શકે. લોકહિત એ જ માત્ર એક લક્ષ્ય જોઇએ અને એ બાપુરાવમાં અને એમના મિત્રવર્તુળમાં હતું જ. અહીં લાઠી, તલવાર વગેરે જેવા સ્વરક્ષણના દેશી દાવોની તાલીમ અપાતી. ૧૯૨૭માં ગુલાલવાડી વ્યાયામશાળાનો વાર્ષિકોત્સવ યોજાયો ને બાપુરાવને તે વ્યાયામશાળાના અધ્યક્ષ બનાવાયા. યશવંત વ્યાયામશાળામાં દર વર્ષે યોજાતી દેશી રમતોની સ્પર્ધાઓમાં ગુલાલવાડીના

ખેલાડીઓ સતત લાઠી ફેરવવામાં, એક સાથે ૨૦૦૦ સૂર્યનમસ્કાર કરવામાં ને કુસ્તીમાં ઈનામો લઈ આવ્યા પછી તો ગુલાલવાડીની કીર્તિ વધતી ચાલી. અનેક મહાનુભાવો તેની મુલાકાત લેવા લાગ્યા. ભેટો પણ મળવા લાગી. બ્રાસ બૅન્ડ, દેશી રમતોનાં સાધનો, કન્યા આરોગ્ય મંદિર વગેરે વિવિધ દિશામાં એણે વિકાસ સાધ્યો. આજે યે એ વ્યાયામશાળા ચાલુ છે. બાપુરાવે જીવ્યા ત્યાં સુધી તેનું અધ્યક્ષપદ શોભાવ્યું.

આ વ્યાયામશાળામાં બાપુરાવે સો-દોઢસો પહેલવાનોની એક સુદૃઢ સુંદર સંઘટના બનાવેલી. બાપુરાવના નેતૃત્વમાં શહેરની કોઈ પણ ધાર્મિક-સામાજિક કાર્યમાં તેઓ નિઃસ્વાર્થ ભાવે ખડે પગે સેવા બજાવતા.

આસો સુદ ૧૨ના દિવસે નાસિકમાં બાલાજી મંદિરનો ભંડારો થતો. મોડી રાત સુધી બબ્બે હજારની પંગતો તેમાં જમવા બેસતી. બાપુરાવની મંડળી તેમાં પીરસવાની જવાબદારી લેતી. મોડી રાતે બધું પતે એટલે સૌ ખાવાનું માથે લઈ નદીએ જાય. ત્યાં સ્નાન કરી થાક ઉતારે ને પછી ત્યાં જ જમે. બીજા દિવસે ૨૮ માઈલ દૂર વણીના મેળામાં જાય અને ત્યાં શરદ્‌પૂનમ ઊજવીને પછી નાસિક આવે. કૌટુંબિક જવાબદારીઓ અને જંજાળો ઉપરાંતની આ તો બધી ઇતર પ્રવૃત્તિઓ હતી સમધર્મી મિત્રો સાથે મળી આમાંથી આનંદ મેળવતા. પણ એમનું લક્ષ્ય તો હર્દ લોકો માટે જે કંઈ થઈ શકે તે કરી છૂટવું, સમાજને ઉપયોગી બનવું, અને એમાંથી તેઓ કદી ચ્યુત થતા નહિ.

એ અરસામાં બાબાસાહેબ આંબેડકરે હરિજનોની નેતાગીરી લઇને પોતાના વતન મહાડમાં સવર્ણોના કૂવેથી પાણી ભરવાની છૂટ માટે સત્યાગ્રહ કરેલો. એ માટે ચાલેલા કેસમાં એમની જીત થઈ. એથી પ્રેરાઇને એમણે હિંદુઓના મહારાષ્ટ્રસ્થિત અગ્રિમ યાત્રાધામ નાસિકમાં ત્યાંના વિખ્યાત રામમંદિરમાં હરિજન પ્રવેશ અને રામકુંડમાં સ્નાનનો કાર્યક્રમ જાહેર કર્યો. તેમણે હિંદુ સ્મૃતિગ્રંથોને જાહેરમાં બાળ્યા તથા ચાતુર્વર્ણ્યની પ્રથાને ટેકો આપવા બદલ હિંદુઓમાં સર્વપ્રિય એવી ગીતાની ટીકા કરી. તે બદલ નાસિકના રૂઢિચુસ્ત બ્રાહ્મણોએ એમના સત્યાગ્રહ વિરુદ્ધ લડત આપવાનો નિશ્ચય કર્યો.

સત્યાગ્રહ માટે હરિજનો નાસિકમાં ઊતરી આવ્યા. ડૉ. આંબેડકરનાં ઉગ્ર ભાષણો થવા લાગ્યાં. બીજી બાજુ રૂઢિચુસ્તોએ રામમંદિરનાં બારણાં ભીડી દીધાં અને રામકુંડની ચોતરફ સ્વયંસેવકોની દીવાલ ખડી કરી દીધી. બાપુરાવ પણ તેમાં જોડાયા હતા.

જેમને હિંદુધર્મ કે તેના ધર્મગ્રંથો પ્રત્યે કશું જ માન નથી તેઓને હિંદુ મંદિરમાં પ્રવેશવાનો કે ધાર્મિક માન્યતા પ્રમાણે સ્નાન કરવાનો દુરાગ્રહ દાખવીને શું કરવું છે?–એ રૂઢિચુસ્તોનો પ્રશ્ન હતો. આંબેડકર એથી વધુ ચિડાતા, અને 'પોતાના સાત કરોડ ધર્મબંધુઓની જેમને પડી નથી એવા હિંદુધર્મીઓનો એ ધર્મ છોડો' એવી ઘોષણા કરવા લાગ્યા હતા. બંને પક્ષે તંગદિલી વધતી જતી હતી. સત્યાગ્રહીઓની નવીનવી ટુકડીઓ આવ્યે જતી હતી. એમની છાવણીમાં ભાવિ કાર્યક્રમોની ચર્ચા ચાલતી. બાપુરાવ છૂપી રીતે તેની વિગતો જાણી લાવતા ને એ પ્રમાણે એમના નેતાઓ પોતાના પક્ષના કાર્યક્રમો ઘડતા.

આમાં, રામમંદિરના મુખ્ય પૂજારી ગણપતિબુવાને કોઈ કારણસર અવારનવાર કૉર્ટમાં જવાનું થતું એટલે અનેક વકીલો સાથે એમને સારા સંબંધો પણ હતા. આ વકીલો આંબેડકરની તરફેણ કરનારા હતા એટલે એમણે 'રામમંદિરના બહારના ઘંટ સુધી આવીને હરિજનો ભગવાનનાં દર્શન કરે તેમાં કશો વાંધો નથી' એવી મતલબના એક લખાણ પર બુવાની સહી કરાવી લીધી. બાપુરાવને આ માહિતી મળતાં જ એમણે એ અગ્રણીઓને જણાવી અને એમની છાવણીમાં ખળભળાટ મચી ગયો. બુવાની પૂછપરછ ચાલી ને પોતે વકીલોના દબાણને વશ થઈને જ સહી આપી હોવાનું કહ્યું. એવામાં રા. બ. પ્રધાન તરફથી પોતાને મળી જવા માટે કહેણ આવ્યું. બુવાને મંદિરમાં જ રાખી પ્રતિનિધિઓ પ્રધાનને મળવા ગયા. એમણે વિનંતી કરી જણાવ્યું કે જો આ અંગે કંઈ ઉકેલ નહિ સધાય તો તોફાનો ફાટી નીકળશે ને એમાં બંને પક્ષને સહન કરવું પડશે. ને પેલા કાગળના બળે એમણે સમાધાન માટે પૂજારીજી પણ સંમત હોવાનું કહ્યું. પ્રતિનિધિઓએ એ કાગળ જોવા માગ્યો. એ આપીને સૌને વિચારવાની અનુકૂળતા આપવા તેઓ બીજા ખંડમાં ગયા. એટલે પેલો કાગળ લઇને બાપુરાવ ચાલ્યા ગયા. પ્રધાન પાછા ફર્યા ત્યારે 'અમને સમાધાન મંજૂર નથી' કહીને બધા બહાર નીકળી ગયા અને સમાધાનનો પ્રયાસ નિષ્ફળ ગયો.

આમ, રામમંદિર પ્રવેશ અને રામકુંડ સ્નાનનો કાર્યક્રમ ભાંગી પડતાં બાબાસાહેબે રથયાત્રામાં રથ ખેંચવાનો કાર્યક્રમ યોજ્યો. નાસિકમાં રામનવમી પછીની એકાદશીએ રામચંદ્રજીની રથયાત્રા નીકળે છે ને લોકો જ તે રથને ખેંચે છે. આ વખતે હરિજનોએ પણ રથ ખેંચવામાં ભળવું એમ નક્કી થયું. આમે યે આ પ્રસંગે સંખ્યાબંધ યાત્રીઓ નાસિક આવે છે. આ વર્ષે સત્યાગ્રહની જાહેરાતથી સવિશેષ મેદની ઊમટી પડી. બપોરે એક વાગ્યે રથયાત્રા શરૂ થઈને જુદાજુદા વિસ્તારોમાં ફરીને રથ જ્યારે હરિજનવાસ નજીક પહોંચ્યો ત્યારે ત્યાં હજારો સત્યાગ્રહીઓ એકઠા થઈ ગયા હતા. સૂત્રો પોકારી તેઓ રથનાં દોરડાંને પકડવા આગળ આવ્યા ને તંગદિલી પરાકાષ્ઠાએ પહોંચી ગઈ. છૂટા હાથની મારામારી શરૂ થઈ ગઈ. સત્યાગ્રહીઓની છાવણીને આગ પણ ચંપાઈ. બાબાસાહેબની છાવણીને આગ લાગી છે એવું સાંભળતાં જ બાપુરાવ ત્યા દોડી ગયા અને આગ હોલવવાના કામમાં મદદે લાગી ગયા. છૂતાછૂતના બધા જ ખયાલોને વિસારી દઈ એ માનવતાના કામે લાગી ગયા. એક હરિજનને પથ્થર વાગતાં માથામાં ફૂટ થઈ. એ જોઈ તુરત બાપુરાવ પોતાનું ઉપરણું ફાડી એને પાટો બાંધી ઇસ્પતાલે લઈ ગયા ને એના મલમપટા પત્યા પછી જ પોતાને વાગ્યાની સારવાર કરાવી. માનવતા એમના હૃદયમાં ભારોભાર ભરી હતી. એની આડે એ બીજું બધું જ ભૂલી જતા. ધર્મઝનૂની રૂઢિચુસ્તો ને એમની વચ્ચે આ મોટો ફેર હતો.

લઘુકથા

ખબરઅંતર

કોકિલા એ. શાહ

'અરે! મેધા તો નહિ? ઊભી રહે. ઘણે દહાડે મળી? ઓળખાણ પડી કે નહિ?' લતાએ પૂછ્યું.

'હા, કેમ ન પડે? મઝામાં ને? કેમ આટલી દૂબળી પડી ગઈ છે? લગ્નબગ્ન કર્યાં કે નહિ?'

'હું તો મઝામાં; પણ તું? ઘણાં વરસે મળ્યાં તેથી કદાચ દૂબળી લાગતી હોઈશ. મારાં લગ્ન થઈ પણ ગયાં અને એક બાબો અને એક બેબી પણ છે. તેં કર્યાં કે નહિ?'

'હા. ચાર વરસ થયાં લગ્ન થયે.'

'કેટલાં છે? બે કે ત્રણ?'

'બાળક ને?...' કહેતાં મેધાને પિતા અમુલખરાય યાદ આવ્યા. પૈસાદાર પિતાએ ત્રણ પુત્ર અને પુત્રીને ભણાવીગણાવીને પરણાવ્યાં. માંદગી અને ઘડપણને લીધે ધંધો સમેટી લીધો. પુત્રો સુખ આપશે એ આશા ઠગારી નીવડી. પિતાને પુત્રી પાસે લાચાર દીઠા. પાંચ પૈસા માટે ટળવળતા જોયા. મોતને માગતા જોયા. પુત્રી પાસે આંસુ સારતા જોયા. પોતે સાસરિયાં પાસે લાચાર હતી... અને પિતા ચાલ્યા ગયા.

મેધા આંખમાં આવેલાં આંસુ પી ગઈ અને બોલી : 'નથી–અને કદાચ નહિ થાય.' □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૦૦

હાથીપગું

સાંપ્રત વિજ્ઞાનમાં આ રોગને 'એલિફંટાઇટિસ' કહે છે. રોગના 'હાથીપગું' નામ પ્રમાણે રોગીના એક કે બંને પગો હાથીના પગ જેવા જાડા થઇ જાય છે. આ એક જાતનો સોજો જ છે. પણ તેની વિશેષતા એ છે કે તે વધતો ઘટતો નથી અને પગને એકસરખો ગોળ બનાવી દે છે.

કારણ

૧) દરિયાકિનારાની ખારી ભેજવાળી હવાને કારણે કલેદીકરણની ક્રિયા વધવાથી. ૨) દૂષિત અને અસ્વચ્છ પાણીનો પીવા અને ઘરવપરાશમાં ઉપયોગ કરવાથી. ૩) કેવળ કફવર્ધક જેવા કે ખાંડ, ગોળ, ઘીની બનાવટો, મીઠાઇઓ, કેળાં જેવાં ચીકણાં ફળો, દહીં જેવા કલેદક આહાર વગેરે જેવા સતત ખોરાકના સેવનથી. ૪) દરરોજ બપોરે સૂઈ રહેવાની ટેવથી.

ઉપચાર

૧) પંચકર્મ ચિકિત્સા—અને તેમાં ખાસ કરીને વમન કરાવવું. ૨) એકટાણાં-ઉપવાસ કરવાં ૩) હળવો ખોરાક ખાવો. ૪) નિત્યાનંદ રસનું નિયમિત સેવન કરવું. ૫) ત્રિફલા-ગુગળ, કાંચનાર-ગુગળ, આરોગ્યવર્ધિની આપી શકાય. ૬) ઉકાળીને ગાળેલું પાણી પીવું. ૭) રોગનું કારણ દૂર કરવું. આ રોગ જલ્દી મટતો નથી પણ આ ઉપચારો નિયમિત લાંબો સમય જારી રાખવાથી તેના પર કાબૂ રાખી શકાય ખરો.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

આ ઘટના પછી તો ડૉ. આંબેડકરે સત્યાગ્રહ છોડી કાયદાથી લડવાનો માર્ગ અપનાવ્યો હતો.

બાપુરાવ સામે જેટલી મોટી આફત આવે તેટલું વધુ શૌર્ય, હિંમત અને સાહસ એમનામાં પ્રકટતાં. એક વાર એમના કુટુંબનાં એક બહેન સીતાબાઈ સોમવારના વ્રત નિમિત્તે નદીમાં નાહવા ગયાં. ચોમાસાને લીધે નદીમાં તાણ વિશેષ હતી તેમાં એ તણાયાં. ઘેર આવવામાં બહુ મોડું થતાં એમની શોધ ચાલી. રાતના આઠ-નવ વાગી ગયા હતા. બાપુરાવ તુરત ઊપડયા. દોઢેક માઈલ સુધીનો પટ એમણે જોઈ કાઢયો ને મોડી રાતે નિરાશ થઈ પાછા ફર્યા. સીતાબાઈના ભાઈ પાંડુર્લી રહેતા હતા ત્યાં ખબર આપવી જરૂરી હતી, એટલે વળી એ પાંડુર્લી જવા પગપાળા નીકળ્યા. માર્ગમાં દરણા નદી આવે છે તેમાં ત્યારે પૂર આવેલું અને મધરાતનો અંધકાર. પણ બાપુરાવે તો એ પૂરમાં ઝંપલાવ્યું ને તરતાતરતા સામે કાંઠે પહોંચી દોઢેક વાગ્યે રાતે પાંડુર્લીમાં પેલા ભાઇને ત્યાં જઈ સીતાબાઈ તણાઈ ગયાના ખબર આપ્યા ત્યારે તેનો આઘાત તો ભાઇને લાગ્યો, પણ એથી યે વિશેષ તો બાપુરાવે જે સાહસ ખેડયું તેનાથી તેઓ આશ્ચર્ય ને ગૌરવ અનુભવી રહ્યા. આ સીતાબાઈનું શબ તે પછી બે દિવસ બાદ મળેલું.

પોતાને અન્યાયી લાગે તેવા પ્રસંગે ગમે તે વ્યક્તિ કે જૂથ સામે બાપુરાવ હિંમતપૂર્વક લડી લે; પણ પછી તેનો ડંખ તેઓ કદી ન રાખતા. સંગમનેર (જિ. નાસિક)માં દર વર્ષે રથયાત્રા નીકળતી, ને એક મસ્જિદ પાસે પહોંચતી ત્યારે વાદ્યો વગાડવા બદલ ત્યાં તોફાન જાગતું. પોલીસ ખાતું પણ મુસ્લિમોનો પક્ષ લેતું. આ મુશ્કેલી નિવારવા સંગમનેરના લોકોએ ડૉ. મુંજેને બોલાવેલા. ડૉ. મુંજે લોકમાન્ય ટિળકના કાળથી મધ્યપ્રાંતના એક હિંદુ વીર તરીકે ખ્યાત હતા. એમણે રથયાત્રા સાથે સંરક્ષણ માટે બે સબળી વ્યક્તિઓની માગણી કરેલી ત્યારે એ માટે બાપુરાવ તથા ગોવર્ધન શીંગણેની પસંદગી થએલી. બંનેની પસંદગી યોગ્ય જ હતી, ને ત્યાંનો સવાલ પતી ગયો. પણ એ દિવસોમાં ત્યાંના ફોજદાર પીરજાદાના ઘરને આગ લાગી ત્યારે કંઈ પણ દ્વેષભાવ રાખ્યા વિના બાપુરાવ એ આગ બુઝાવવા સૌ પ્રથમ દોડી ગએલા.

પણ એમને અમર બનાવે તેવો પ્રસંગ તે પછી બન્યો. એપ્રિલ માસમાં ઉનાળાનો તાપ પુષ્કળ વધી ગએલો. દિવસભરના તાપથી ત્રાસેલા લોકો રાતે માંડ જંપ્યા હતા ત્યાં રવિવાર પેઠમાં તેલી ગલી નામે ઓળખાતી આજની અરુણ આભોણકર ગલીમાં વિઠોબા તેલીના બે માળના મકાનમાં આગ લાગી. રાતના અગિયારેક વાગ્યે ચોકમાં મૂકેલો એક ચીમનીવાળો દીવો ગાયની પૂછડીની ઝાપટ વાગતાં નીચે ઘાસમાં પડયો, દીવામાંનું કેરોસીન બહાર ઢળ્યું અને તુરત આગ પ્રસરી ગઈ. ઘરના લાકડાના થાંભલા પણ તેમાં ઝડપાયા. ઘરમાં ઉપર-નીચે બે કુટુંબો રહેતાં હતાં તેઓ તો અંદર ઊંઘી ગએલાં, પણ ધુમાડો અને પછી આગના લબકારા જોઈ બહારથી કોઇએ બૂમાબૂમ કરી મૂકી. અંદરનાં માણસો જાગી તો ગયાં પણ ગભરાટમાં બીજાં ઊંઘતાંને જગાડયા વિના જ બહાર નાઠાં. આગના બંબાનો ઘંટારવ ગાજવા લાગ્યો ને બાપુરાવ પણ એ સાંભળી દોડયા. બનાવના સ્થળે પહોંચતાં ખબર પડી કે ઉપરના માળે બે બાળકો ને એક વૃદ્ધા ફસાઈ ગયાં હતાં. બાપુરાવે તુરત 'હું ઉપર જઈ છોકરાંઓને બારીમાંથી ફેંકું છું, તમે એમને ચાદર કે શેતરંજીમાં ઝીલી લેજો' કહીને પળનો ય વિચાર કર્યા વિના બળતા ઘરમાં દોડી ગયા.

જૂનું ઘર અને તે યે તેલીનું. ઝડપથી પ્રસરતી આગમાં નીચેનો માળ તો ભડભડી રહ્યો હતો. આગની ધૂણીમાં કંઈ દેખાવું પણ મુશ્કેલ હતું. તેમાં થઈને બાપુરાવ ઉપર પહોંચી ગયા. છોકરાંઓને ખોળી કાઢી એમને જે હાથ ચડયું તે ગોદડા ચાદરમાં લપેટી બારીમાંથી 'ફેંકું છું, બરાબર ઝીલી લેજો' કહી એમને નીચે નાખ્યાં. પછી પેલી વૃદ્ધાને ખભે બેસાડી દાદર ઊતરવા લાગ્યા. ચારે તરફ ફરી વળેલી જ્વાળાઓ એમને પણ સ્પર્શી ગઈ હતી. વૃદ્ધાને લઈને બહાર આવ્યા ત્યારે એમના મોં અને પીઠ સખત રીતે દાઝી ચૂકયાં હતાં. છતાં 'મને ભીનું કપડું ઓઢાડો, હું અંદરથી ગાયો છોડી આવું.' કહી ફરી આગમાં પ્રવેશવા તૈયાર થઈ ગયા. ઘણાએ એમને વાર્યા પણ આ તો પુરુષોત્તમ. એને મન ગાય તો માતા બરાબર. ફરી ભીનું કપડું વીંટી એ આગમાં પેઠા, પણ લોખંડની સાંકળે બાંધેલી ગાય એમ તુરત કયાંથી છૂટે? એમણે ખીલા જ ઉખેડી નાખી ગાયને બહાર આણી ત્યારે એમનું આખું શરીર દાઝી ગયું હતું. ઠેકઠેકાણે બળેલી ચામડી લબડતી હતી, પણ એની એમને કયાં પરવા હતી! એમણે પોતાની ફરજ અદા કરી હતી. લોકોએ તુરત એમને ઇસ્પિતાલે પહોંચાડયા. શરીરનો કોઈ ભાગ ઈન્જેકશન આપી શકાય તેવો રહ્યો નહોતો. રાતના ત્રણ વાગ્યા સુધી પાટાપીંડી ચાલી ને તેમાં દસ વાર જેટલો લાંબો પાટો વાપરવો પડયો. દાક્તરોના અનેક પ્રયત્નો છતાં રૂઝ ન આવી અને સાત દિવસ સુધી યાતના વેઠી તેઓ વીરગતિ પામ્યા. શહેર સમસ્ત એમની પાછળ શોકમાં ડૂબી ગયું. તા. ૩૦મી એપ્રિલ (૧૯૩૧)ના 'યંગ ઇંડિયા'માં ગાંધીજીએ એ પરજીવિત રક્ષક વીર બાપુ ગાયધનીના ગૌરવયુક્ત મૃત્યુને બિરદાવતી અવસાન નોંધ લખી: 'બાપુ ગાયધની પોતાના વીરોચિત મૃત્યુથી અમર બની ગયા છે.'

આજે નાસિકમાં સરકારવાડા પાસે વીર બાપુ ગાયધનીની એક પ્રતિમા યુવાન પેઢીને પ્રેરણા આપતી ઊભી છે. એમની સ્મૃતિ યોગ્ય રીતે જળવાઈ રહે એ માટે રચાએલ સ્મારક સમિતિએ સાહસિક કાર્ય કરનાર વ્યક્તિને પ્રતિવર્ષ એક પારિતોષિક આપવાની પણ વ્યવસ્થા કરી છે ને એમની ૨૫મી પુણ્યતિથિએ એમના જીવનચરિત્રનું એક પુસ્તક પણ પ્રકટ કર્યું છે. □

ભગવતીકુમાર શર્માની વાર્તા

સ્વથી નિકટ અને દૂર

'ક્ષમા કરજો... મારાથી નહિ આવી શકાય... દિલગીર છું... મારી દીકરી—'

'વેરી સૉરી... આપ મને ઉદ્‌ઘાટન માટે આમંત્રણ આપો છો એ બદલ હું આપનો ઘણો આભારી છું, પણ અત્યારે મારે માટે એ શકય નથી. મારી પુત્રી ઋતા—'

'એ સમારંભમાં હાજર રહેવાનું મને ખૂબ ગમ્યું હોત... થૅન્ક યૂ સો મચ...પણ માફ કરજો...યૂ નો...મારી દીકરી ઋતા ગંભીર બીમાર છે એટલે...'

કેતનભાઇએ ફરી એક વાર કંઈક આ જ પ્રકારના શબ્દો ઉચ્ચારીને રિસીવર ક્રેડલ પર મૂકી દીધું ને પછી કપાળ પરથી પ્રસ્વેદ લૂછતા તેઓ ઋતાના પલંગ પાસે જઈ ખુરશી પર બેઠા. તેમણે બારીના કાચની બહારનું દૃશ્ય જોયું. કેટલા બધા સમય પછી—મહિનાઓ અથવા થોડાંક વર્ષો પછી તેઓ આ રીતે અહીં આ સમયે બેસી શકયા હતા. બહાર સાંજનું આકાશ શ્રમિત માનવીના ચહેરા જેવું ધૂસર બની ગયું હતું ને સૂરજ અસ્તાચળની ભેખડે તોળાઈ રહ્યો હતો. આકાશ સામે આંખ ભરીને જોયાને ય જાણે લાં...બો સમયખંડ વીતી ગયો હતો એમને માટે. શહેરની ક્ષિતિજ ગગનચુંબી મકાનોથી આટલી હદે વીંધાઈ ગઈ હતી તેનો યે આવો સ્પષ્ટ ખયાલ તેમને આજે જ આવ્યો. નગરના વ્યાપાર-ઉદ્યોગ મંડળમાં શહેરની ગીચતા ઘટાડવા માટેની કોઈક યોજના ચર્ચવી—આદત અનુસાર આવો કશોક વિચાર તેમને આવ્યો, પણ બળપૂર્વક તેને તેમણે રોકી દીધો. પહેલાંનો સમય હોત તો તેમણે તત્કાળ શહેરના બે-ચાર અગ્રણીઓને ફોન કરી આ વિષય પર એક પરિસંવાદ યોજવાની હિલચાલ...... પણ છેલ્લા એકાદ અઠવાડિયાથી ઘણું બધું સાવ નવુંનવું લાગતું હતું. વર્ષો પછી તેઓ દિવસ રાતના ચોવીસે કલાક ઘરમાં હાજર રહ્યા હતા. વચમાં એક વાર તેમને પોતાને હાઈ બ્લડપ્રેશરનો હુમલો થઈ આવ્યો હતો અને ચારેક દિવસ હૉસ્પિટલમાં રહેવું પડયું હતું ત્યારે ય અરધી ઑફિસ તો તેઓ હૉસ્પિટલના એ સ્પેશ્યલ રૂમના પલંગ પર સૂતાસૂતા જ ચલાવતા હતા ! પણ આ વેળાની વાત જુદી હતી. ગૅલેરીમાંથી તેમણે પૂર્વમાં ઊગતો સૂરજ નિહાળ્યો હતો; સવારે દસેક વાગ્યે પોસ્ટમૅનની બૂમ સાંભળી હતી; સાડા દસની સાયરનની ચીસ તેમના કાન સુધી પહોંચી શકી હતી; આટલે વર્ષે ઉમાબહેન રસોડામાં જાતે રોટલી કરતાં હતાં તેની નોંધ લીધી હતી; પિતા જુગલરાયના તૈલચિત્ર પરની ધૂળ સાફ કરી હતી. ઘણાં વર્ષો પછી તેમણે એક આખી ગાયત્રીમાળા કરી હતી; રેડિયો પર બપોરના સમાચાર સાંભળ્યા હતા; બે ય ટંક તેઓ ઘરમાં જ જમ્યા હોય એવી ઘટના તો વર્ષો પછી સાકાર થઈ હતી, અને ઋતા—હા, તે તેના મિત્રવર્તુળમાં આટલી બધી પ્રિય હતી તેનો યે તેમને હવે જ ખયાલ આવ્યો.

પારાવાર ટેન્શન મનમાં હતું ઋતાની માંદગીનું. પહેલાં તો તેમને થયું કે ઋતાએ બીમાર પડવું જ શા માટે જોઇએ ? એની માંદગીને કારણે પોતાનાં કેટલાં યે શિડયુલ ખો[illegible]ઈ ગયાં હતાં—નેક્સ્ટ ફ્લાઈટમાં કલકત્તા જવાનું હતું, પૂનામાં એક મીટિંગ હતી, વડોદરામાં એક ફૅક્ટરીની વિઝિટ લેવાની હતી, દિલ્હીમાં......પહેલા બે ત્રણ દિવસ તો તેમણે ઋતાની માંદગીને લગભગ ઇગ્નોર જ કરી; ડૉક્ટરોને ફોન કરી દીધા, સવારે ઑફિસે જતી વખતે ઋતાને કપાળે અછડતો હાથ ફેરવી લીધો, ઑફિસેથી બપોરે એકાદ ફોન કરી ઉમાબહેન સાથે ઋતા વિષે વાત કરી લીધી... પણ પછી એક સવારે ઉમાબહેને એમનો હાથ પકડી આંસુ સાથે રૂંધાએલા કંઠે એટલું જ કહ્યું: 'આપણે કયાંક છોકરી ગુમાવી બેસીશું હો ! અને તમે તો તમારી દુનિયામાં જ...' બીજી જ ક્ષણે કેતનભાઇએ હાથમાંથી પોર્ટફોલિયો મૂકી દીધો, ટાઈની નૉટ છોડી નાખી ને બૂટ ઉતારતાં એવા જ રુદ્ધ સ્વરે બોલ્યા : 'હું અહીં જ છું!'

ઉમાબહેને તે પછી કેતનભાઈનું એક નવું જ રૂપ જોયું. લગ્નનાં શરૂઆતનાં વર્ષોમાં તેઓ જે ઉત્કટતાથી તેમનામાં રસ લેતા હતા અને તે પછી જે સમગ્રતાથી બિઝનેસમાં અને જાહેર પ્રવૃત્તિઓમાં ગળાડૂબ રહેતા હતા તે જ ઉત્કટતા અને સમગ્રતા પ્રખર તાપ પછીની વર્ષાથી ધરતીનો સખ્ત પોપડો ફોડીને ફૂટી નીકળતા લખલખતા અંકુરની જેમ, અત્યારે ઋતા પ્રત્યે એકાગ્ર થવા લાગી હતી. સવારથી રાત સુધી ડૉકટર, દવા, ફ્રૂટ્સ, ઈન્જેક્શન વગેરેનો સિલસિલો ચાલ્યા કરતો ને એ સર્વમાં તેઓ સહજપણે છતાં પ્રાણપણે અને રજેરજ સંકળાએલા રહેતા. ઋતાના પલંગ પાસેની ખુરશી એ જ એમની બેઠક, દફતર અને બિછાનું બની ગઈ હતી. ઋતાના ચહેરા પરથી એમની આંખ જાણે ઊંચકાતી જ ન હતી. ઋતાને આ રીતે, ભાવની આટલી ઉત્કટતાથી એમણે જોઈ હતી જ કેટલે વર્ષે ! સોળ વર્ષની એ મૃદુ છોકરીના વાળની સોનેરી ઝાંય, એની મોટી, કાળી, માંદગીથી ઝાંખી લાગતી આંખોનું ઊંડાણ, માછલી જેવું નાનકડું નાક, માંદગીને કારણે ભૂખરા બની ગએલા પાતળા તરડાએલા હોઠ, બરફ જેવો ચહેરો...એ નાની હતી ત્યારે તેને રમાડી હશે—જોકે ચોક્કસ પ્રસંગો ખાસ સાંભરતા ન હતા; પણ તે પછી તો...સમયનો રીંછ જેવો બરછટ પટ પસાર થઈ ગયો, જેમાં એક છેડે તેઓ, તેમની ઑફિસ અને બહારની દુનિયા હતાં અને બીજે છેડે ઘર, ઉમાબહેન, ઋતા અને એમની સૃષ્ટિ હતાં. અચાનક જ એ બધું સેળભેળ થઈ ગયું હતું અને પોતે ઋતાની આટલા નિકટ – નક્કરપણે અને પ્રત્યક્ષપણે હતા. તે આવી સુકોમળ, નિર્દોષ, પરીકન્યા જેવી, વેરીને વહાલી લાગે એવી, શાણપણથી ભરપૂર હતી એ વિષે પોતે તો સાવ અંધારામાં જ હોય એમ એમને લાગ્યું. એ તો કોઈક બીજી જ ઋતાને ઓળખતા હતા—પાંચેક વર્ષની, કાલુંકાલું બોલતી, દોડાદોડ કરતી, સ્ફૂર્તિની રેખા જેવી, જિદ કરતી, રિસાઈ જતી...પછી વચ્ચે દસ-અગિયાર વર્ષના સમયગાળાની દીવાલ ચણાઈ ગઈ. પેલી પાંચ વર્ષની ઋતાની છબી યે ઝાંખી થઈ ગઈ હતી. અચાનક જ સોળ વર્ષની તરુણ ઋતા તેમની દૃષ્ટિ સમક્ષ નક્કર રેખાઓમાં અંકાઇને ઊપસી આવી હતી. વચ્ચેનાં વર્ષોમાં એ હતી એ સત્ય જ જાણે લગભગ વિસરાઈ ગયું હતું. ઋતા—હા—એમની અને ઉમાની દીકરી; હા, એ કંઈક ભણે છે, સ્કૂલમાંથી ક્યારેક કશાંક ઈનામો જીતી લાવે છે; હા, એની વય વધતી જ જતી હોવી જોઈએ; હા; ઉમા એને માટે સારાં કપડાં કરાવતી હશે; હા, એ કયારેક નેપાળ કે સિલોનની ટૂરમાં જાય છે ત્યારે તેમની રજા લેવા આવે છે; હા, તેના જન્મદિવસે ઘરમાં પાર્ટી થાય છે અને ઉમાએ અગાઉથી યાદ કરાવ્યું હોય છે તેથી તેઓ તેને માટે કશીક ભેટ મંગાવી રાખે છે; હા, પણ આનાથી વધારે ખાસ નહિ.

કેતનભાઈએ આંખને ભીની થતી પ્રયત્નપૂર્વક રોકી. આ ઉંમરે એટલી સ્વસ્થતા સહજ લેખાય. છતાં મનમાં ડંખની આછી આછી

લાગણી સતત રવરવ્યા કરતી હતી. દીકરી સાથેનો પાતળો—સાવ ક્ષીણ થઈ ગએલો તન્તુ આટલે વર્ષે ફરીથી દૃઢ થયો, અને તે ય આવી પરિસ્થિતિમાં, જ્યારે ઋતા લાંબા-ટૂંકા-આછા-ઘેરા શ્વાસો વચ્ચે ફંગોળાઈ રહી હતી ત્યારે...! કેતનભાઈએ પોતાના ભીતરને વેરવિખેર થતું માંડ ખાળ્યું. એમનો કંઠ જાણે ડૂમાનો પર્યાય બની ગયો હતો.

પણ...પણ... એ સહુને તળિયે કશાક અપરિચિત સુખની, કશીક અનનુભૂત નિરાંતની, હળવાશ અને રાહતની, ઓળખતાં મુશ્કેલી પડે તેવી આ લાગણી હયાતી ફેલાવીને બેઠી હતી તેનું શું? હા, એ લાગણી ત્યાં હતી જ. હવે તો તેને સ્પષ્ટપણે અને સહેલાઈથી ઓળખી શકાય તેમ હતું. બીમાર ઋતા વિષેનો ધનુષની પણછ જેવો તનાવ ને કબૂતરના પીંછા જેવી આ હળવાશ—બે વચ્ચે ક્યાંય કશો મેળ મળે તેમ નહોતો. ને તોય બંનેનું અસ્તિત્વ એટલું જ નક્કર હતું. ક્યાંથી અંકુરાઈ ઊઠી હતી આ નિરાંતની લાગણી? તેમના હોઠ પર ફિક્કું સ્મિત ફરકી ગયું. તેમણે વિચાર્યું: કદાચ તેઓ આવી કોઈક પળની જ પ્રતીક્ષામાં હતા—છેલ્લાં થોડાંક વર્ષોથી, અને એની એમને પોતાને પણ પૂરી પ્રતીતિ ન હતી. મનમાં કશીક વમળલીલા સતત ચાલ્યા કરતી હતી, પણ એના ચહેરાને તેઓ બરાબર પીછી શકતા ન હતા. જે પ્રકારની જિંદગી તેઓ જીવી રહ્યા હતા તેના પ્રત્યેના અણગમાના કાદવિયા થરો એમની ભીતરમાં ખડકાયે જતા હતા, પણ એ અણગમાને સ્વીકારી જિંદગીની એ શ્વાન-દોડને થંભાવવાની એમનામાં પહેલાં વૃત્તિ ન હતી, પછી વૃત્તિ આવી ત્યારે હિંમત ન હતી, ને હિંમત જન્મી ત્યારે તે માટેની તક મળતી ન હતી.

એ તક ઋતાની બીમારીએ આણી આપી હતી.

એક ઊંડા, કાળા, દુર્ગંધાતા કળણમાં છાતી સમાણા ફસાઈ ગયા પછી તેમાંથી બહાર નીકળવા માટેનાં બાથોડિયાં ભરવાની તક અથવા ચારે બાજુથી ઘેરાઈ ગએલા કિલ્લામાંથી સહીસલામત બહાર નીકળવા માટેના કોઈ ભોંયરા-માર્ગને મશાલના પ્રકાશથી અજવાળવાની તક, અથવા અસ્તિત્વ પર બોજરૂપ બની ગએલી જાડી કાંચળીને ફગાવી દઈને પોતાની જાતને ફરીથી કંઈક પામવાની તક.

છેક હમણાં સુધી તો એ કેવું સાવ અશક્ય લાગતું હતું! જિંદગી પોતે જ હડકાયા કૂતરાની ઘુમરડી જેવી પરિસ્થિતિથી એવી ચસોચસ ટેવાઈ ગઈ હતી કે એ કૂંડાળાની બહાર પગ મૂકવાનું, નિકટની-દૂરની ક્ષિતિજ ભણી આંખ માંડવાનું જ શક્ય લાગતું ન હતું. બાકી એ માટેની તકો બિલકુલ નહોતી આવી એવું યે ક્યાં હતું? એક વાર ઉમાબહેનને અકસ્માત નડયો હતો; પોતે એક વાર હૉસ્પિટલ ભેગા થયા હતા; દૂર ગામડામાં વસતા વૃદ્ધ સદુકાકા રજાઓ ગાળવા માટેનો આગ્રહ પત્રો દ્વારા રેલાવતા રહેતા હતા; મધ્ય ગુજરાતના વનપ્રદેશમાં આશ્રમ સ્થાપીને બેસી ગએલા એક સહૃદયી મિત્રનાં નિમંત્રણો આવ્યા કરતાં હતાં, પણ એમણે તો એ બધાંને 'ઓહ, નો ટાઈમ! સમય જ ક્યાં છે?' એવા કશાક ઉદ્ગારોથી ઉંબરેથી જ ઠેલી દીધાં હતાં ને પોતે તો બોર્ડ ઑવ ડિરેક્ટર્સની મીટિંગ, એક્ઝીક્યુટિવ્સનું ગેટ-ટુ ગૅધર, મદ્રાસ ઑફિસનું ઇનોગ્યુરેશન, થાણાના યુનિટનું એક્સ્પાન્શન, કલકત્તાના ગેસ્ટ્સનું એન્ટરટેઈનમેન્ટ, બૅબર ઍપેલેટ કાર્ટમાં હાજરી, ફૅશન પૅરેડનું અતિથિવિશેષપદ, કૃત્રિમ સ્મિતો, વિવેકના વરખથી મઢેલા પોકળ શબ્દો, ઉષ્માવિહોણાં હસ્તધૂનનો, બળ વિનાના ઉપદેશો, ઊંડાણ વગરના સંબંધોની આસ્ફાલ્ટિયા, ટયૂબલાઇટિયા, શેમ્પેનિયા જિંદગીમાં જ...

પણ નાનકડી, ઝાકળબિંદુ જેવી અથવા ફૂલપાંખડી જેવી અથવા સૂરજના વહેલી સવારના કિરણ જેવી અથવા તાજી પ્રકટ થએલી કોક કલાત્મક ચોપડીની વિશિષ્ટ ગંધ જેવી અથવા સફેદ ગાયના દૂધની પહેલી શેડ જેવી આ ઋતાએ અર્ધબીડેલી આંખે, આછું કંપતા હોઠમાંથી સહેજ સ્ફુટ થતા મંદ શબ્દો વડે, જરાક ઊંચકાએલા પાતળા પડી ગએલા હાથના અસ્પષ્ટ સંકેતથી પોતાને ઉંબરની અંદર રોકી લીધો ને ક્ષણાર્ધમાં વર્ષોથી એકઠી થએલી ફૂગ ઓસરી ગઈ, જાડી કાંચળી સરી પડી, હડકાયી જીભથી ટપકતી લાળ સુકાઈ ગઈ, અને ધોધમાર વરસાદ પછીની બપોર જેવો પ્રશાંત, સ્વસ્થ, નીતર્યો સમયખંડ વીંટળાઈ વળ્યો...

હળવાશની આ લાગણી એની હતી; ઋતાની માંદગી વિષેના ઉચાટની ઉપરવટ નીકળી જઇને એ ફેલાઈ હતી.

ઑફિસ સાથેના ફોનનું એક્સ્ટેન્શન એમણે હઠાવી દીધું હતું, સેક્રેટરીને રજા ઉપર ઉતારી દીધો હતો, ફાઈલ અને કોરસપૉન્ડન્સ ઘરે લઇને આવવાની આસિસ્ટન્ટને મનાઈ કરી દીધી હતી—નથિંગ ડૂઇંગ! હવે તે ચોવીસે કલાક ઘરમાં પાયજામો ને પહેરણ પહેરીને રહી શકતા હતા, રોજ શેવ કરવાની ને ચાર દિવસે માથાના વાળને ડાઈ કરવાની ફરજને તેમણે ટાળી દીધી હતી, ગોખેલાં વાક્યો યાંત્રિકપણે ઉચ્ચારવાની આદતને તેઓ પ્રયત્નપૂર્વક આઘી ઠેલવા લાગ્યા હતા, ટીઍક, ડૉક્યુમેન્ટ્સ, ડ્રાફ્ટ, ડિક્ટેશન, સ્ટેટમેન્ટ, વાઉચર, લેબર લૉઝ એ બધાં કરોળિયાનાં જાળાંના તાંતણાઓમાંથી બચવા તેઓ મરણિયા પ્રયત્નો...

અને સહુથી વધારે તો તેમણે ના કહેવાની શક્તિ કેળવવા માંડી હતી. આમંત્રણ? ના. ઉદ્ઘાટન? સૉરી. ડિનર? ક્ષમા કરજો. ચીફ ગેસ્ટ બનવાનું છે? ઈમ્પૉસિબલ. ના...ના...ના...પ્લીઝ...ફ્લૅશગનના ઝબકારા, માઇક્રોફોનના રિક્ત પડઘા, છરી-કાંટા-સૂપના બાઉલ, કારનાં ઊઘડતાં-બંધ થતાં બારણાં, હાથ લંબાવતા રહી જતા ભિખારીઓ, નાયલૉનની રિબન અને ચમકતી કાતર...અને ભૂંડના ટોળા જેવી એ સૃષ્ટિની સામે બે-ત્રણ જ શબ્દો: ના...મારી દીકરી...

ઋતાની બીમારી લંબાઈ ગઈ. એના ચહેરા પરનું રહ્યુંસહ્યું તેજ ઝંખવાવા માંડયું. એ પૂરી પાંપણો યે ક્યારેક જ ઊંચકી શકતી હતી. એના શબ્દો દૂર દૂરથી આવતા હોય તેમ ક્ષીણ, પાંડુવરણ બનતા ગયા. ઉમાબહેન જાણે કંઠમાં ડૂસકાંઓની વણઝાર રોકીને બેઠાં હોય એમ લાગતું હતું. કેતનભાઈ પોતે અડાબીડ ઉચાટ અને ઉઘાડી નિરાંતની બે કરાડોની વચ્ચેથી વહેતી નદી જેવી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા. ક્યારેક ઉચાટની માત્રા બેહદ વધી જતી તો તરત જ નિરાંતની લાગણી ડોકું ઊંચકી, હાથ લંબાવીને સપાટીને ફરીથી સહેજ સમથળ બનાવી દેતી હતી. કેતનભાઇએ ઋતાની બીમારીના કોશેટાને પોતાની ફરતે વધારે ને વધારે ચુસ્તપણે વીંટવા માંડયો. તેમ કરવાથી તેઓ પંડને કંઈક સ્વસ્થ, સુરક્ષિત, સમતોલ અને એ સર્વના પરિણામરૂપે લગભગ સુખી અનુભવવા લાગ્યા. જાણે હકડેઠઠ, ધુમાડાએલા, ઘોંઘાટથી ફદફદતા ટ્રાફિક જામમાંથી છટકીને એકાએક ગામની કોઈક નીરવ, નિરવધિ, વનસ્પતિની સ્વાભાવિક સુગંધથી ફોરતી સીમમાં આવી ચડયા હોય એવું વચ્ચે વચ્ચે તેઓ અનુભવી લેતા હતા. ઘરમાંનો ફોન હવે ઝાઝું રણકતો ન હતો.

પછી ધીમે ધીમે ઋતાને કરાર વરવા માંડયો. બારીઓના કાચ પર જામેલું ધુમ્મસ સાફ થવા લાગ્યું. તબીબોએ આશા બંધાવવા માંડી. કપાળ પરની કરચલીઓ અને આંખો નીચેનાં કૂંડાળાં ઓસરવા લાગ્યાં. કેતનભાઇએ બાજુના ખંડમાં જઇને એકાદી સિગારેટ પીવાની હિંમત કરી. હોઠને ખૂણેથી ધૂમ્રલહર કાઢતા તેઓ બારીની બહાર જોઈ રહ્યા. સૂરજનો ગોળો પશ્ચિમની ક્ષિતિજ પરથી નીચે સરકતો જતો હતો. આસપાસનાં ઊંચાં મકાનો છાયાચિત્ર જેવાં બનવા લાગતાં હતાં ને તેમાં બત્તીઓ ઝગમગવા માંડી હતી. રેડિયોના સૂરો હવાની અદીઠ ડાળખીને આધારે વહી આવતા હતા. એ બધાંની ઉપરવટ થઇને કેતનભાઈના મનમાં વિચારો ઊપસવા માંડયા. હવે...ઋતાને એકાદ અઠવાડિયામાં ઠીક થઈ જશે. તે પછીના પાંચ-છ દિવસે ઘરમાં હરતી- (અનુ. પૃ. ૧૪૧)



કચ્છના રંગીલા મહારાવ લખપતજી

લેખક · રામસિંહજી રાઠોડ

કચ્છના રાવ દેશળજી 'દેશરા પરમેશરા' નામે આજે ય ત્યાંની લોકજીભે અમર છે. રાવ પ્રાગમલજીના પુત્ર ગોડજીના એ કુંવર. એમના કારભારી લુવાણા દીવાન દેવકરણે રાજની આબાદી વધારીને પોતાના રાજાને સારો યશ અપાવેલો. એમના સમયમાં પ્રાગમલજીના વારાનું જૂનું વેર ઉખેળીને કાંચાજીએ અમદાવાદના સૂબા શેરબુલંદખાનને ભુજ પર ચડાઈ કરવા ઉશ્કેર્યો. ઈ. ૧૭૩૦માં આ શેરબુલંદખાન પચાસ હજારનું સૈન્ય લઇને ચડી આવ્યો ત્યારે દેવકરણની મુત્સદ્દીગીરી અને કુનેહથી અંતે એને હારીને પાછા જવું પડેલું. આ લડાઈમાં દેશળજીના પાટવી કુંવર લખપતજીએ પણ પોતાના શૌર્ય અને કૌશલનો અચ્છો પરિચય આપ્યો હતો.

કચ્છના લટિયર આ છેલછબીલા કુંવર લખપતનું વ્યક્તિત્વ ને જીવન એની અન્ય પ્રતિભા સાથે અત્યંત રસિકતાભર્યું હતું. કાવ્ય અને કલા-પરસ્ત એની ઉદારતા ઉડાઉપણા સુધી પહોંચી હતી, તો બીજી બાજુ એની લલનાલુબ્ધ ઐયાશી પણ લૂંટ ખર્ચ કરાવતી. ને નાણાંભીડ એમને સતત સતાવતી રહેતી. ચતુર દેવકરણને કુંવરની આ ટેવો અ-યોગ્ય લાગતી અને એથી એણે યુવરાજને ધડાબધ રાખવા મહારાવને ચેતવ્યા હતા. રાવે કુંવરના સાલિયાણામાં કાપ મૂકયો અને એથી નારાજ થઈ લખપતજીએ ઉદયપુરના મહારાણા પાસે રિસામણે જઈ રહેવાની ધમકી ઉચ્ચારી ને પરિણામે પિતાપુત્ર વચ્ચે સમાધાન થયું.

પરંતુ એ પછી દેવકરણ અને લખપતજી વચ્ચેનું વૈમનસ્ય વધતું ચાલ્યું. એનાં બીજાં કારણો હતાં. મનાય છે કે દેશળજીની પટરાણી મહાકુંઅર (મહાકુંવર) અને દેવકરણ વચ્ચેના સંબંધની મીઠી સુંવાળપ લખ-પતજીને ખટકતી હતી, તો બીજી બાજુ દેવકરણની દીકરી નિંદુબાઈની પોતાની સાથેની લગન પ્રકટ થઈ જવાની ભીતિ પણ એમને હતી. આમાં દીવાનની હવેલી કને કંઈક ધાંધલ ગોઠવાયું અને એની આડશે દેવ-કરણનું ખૂન થયું. પોતાના નિર્બંધ જીવનની સ્વતંત્રતામાં દીવાનને આડ-ખીલીરૂપ ગણી લખપતજીએ એનું આમ કાસળ કાઢી નાખ્યું. પણ દેવ-કરણ જતાં રાજમાં અંધાધૂંધી વધી ગઈ. બેએક વર્ષ પછી લખપતજીએ પિતા દેશળજીને પોતાના મોલ (મહેલ)માં જમવા નોતર્યા ને ત્યાં દગો કરી દેશળજી તથા એમના ભેરુબંધોને નજરકેદમાં નાખી ચોત્રીસ વર્ષના એ કુંવરે કચ્છની રાજલગામ પોતાને હસ્તક લઈ લીધી. ઈ. ૧૭૫૨માં દેશળજીનું અવસાન થયું અને લખપતજી કચ્છાધિપતિ મહારાવ બન્યા.

મહારાવ બન્યા પછી લખપતજીએ દેવકરણના જ દીકરા પૂંજાને પોતાનો દીવાન બનાવ્યો. તેરાન સુમરાજી ને બીજી ઠકરાતોને સરખી કરી પોતાની શેહસત્તા મજબૂત કરી. પૂંજાની પાંચેક વર્ષની દીવાનગીરી પછી લખપતજીએ એને પણ કનડયો અને કેદ કરીને એની પાસેથી નાણાં ની-ચોવ્યાં ને રૂપશી વાણિયાને દીવાનગીરીની પાઘડી બંધાવી. પણ પોતાનાં લખ્ખણોને એનું કારભારું અનુકૂળ ન નીવડતાં પૂંજાને પટાવી લઇને ફરી દીવાન બનાવ્યો અને પાછો ફરી એને ખસેડીને નાગર ગોરધન મહેતાને એના સ્થાને બેસાડયો. આ મહેતા પણ એમને ન ફાવતાં કારસ્થાન કરી એનું યે કાટલું કાઢી પાછો રૂપશીને દીવાન કર્યો. દરમિયાન પોતાના એક અંગભૂત તુલસીદાસને એમણે કાબુલ સાથે સંબંધ વધારવા મોકલ્યો હતો એ ત્યાંથી પાછો આવ્યા બાદ એને કારભાર સોંપ્યો.


આ જ અરસામાં નાદિરશાહે દિલ્હીની સત્તાને ખોખરી કરી હતી. દિલ્હીની પકડ ઢીલી પડતાં અહમદશાહ દુરાનીએ સિંધ પર વર્ચસ્વ જમાવ્યું હતું. લખપતજીએ એ દુરાની સાથે દોસ્તીનો હાથ લંબાવતાં સિંધના કલ્હોરાઓ કચ્છના દુશ્મન બની બેઠા. લખપતજીએ કચ્છના કબજા તળેનું પારકરનું વીરાવાવનું થાણું સોઢાઓને સોંપ્યું અને દિલ્હીના પાદશાહ આલમગીર બીજાને કચ્છી ઘોડા અને જાતવાન બળદો બક્ષિશમાં આપવા સાથે હજજના યાત્રીઓને પરંપરાથી અપાતી આવતી સગવડોને પ્રસિદ્ધિ આપી. આમ કરીને એમણે દિલ્હીથી 'મિરઝા મહારાવ'નો ખિતાબ અને 'માહિમ રાતિબ'નું શાહીમાન મેળવ્યું. પછી તો લખપતજીના દરબારના ઠાઠમાઠ ઓર વધી ગયા. બીજી બાજુ ઇતિહાસનું જાણે પુનરાવર્તન થતું હોય તેમ લખપતજીના પાટવી ગોડજીએ પોતાની માતા મહારાણી રાજકુંવર સાથે પૂંજાના સાથમાં મુન્દ્રા જઈ ત્યાં પોતાનું સ્વતંત્ર થાણું સ્થાપી ચોપાસ કેર વર્તાવવા માંડયો. મદનજી શેઠના અવસાન પછી એમની ગુડાવારે આવેલા શાહુકારોને અ-ટકમાં લઈ એમની પાસેથી નાણાં પડાવ્યાં. યુવરાજને કાબૂમાં લેવા લખપતજીએ મુન્દ્રા પર ચડાઈ કરી. ગોડજી મોરબી નાસી ગયા ને ત્યાંથી મદદ લઈ આવી ફરી મુન્દ્રા પોતાને હાથ કર્યું. અંતે બાપદીકરા વચ્ચે સમાધાન થયું અને એથી નારાજ પૂંજો શેઠ અનેક ડંખ સાથે સિંધમાં કલ્હોરા પાસે પહોંચ્યો. શેરબુલંદખાનના હુમલા સામે જે દીવાન દેવ-કરણે ભુજનું રક્ષણ કરેલું તેના જ પુત્ર પુંજાના પ્રપંચથી કચ્છની પાય-માલીનાં પગરણ મંડાયાં. ઝારાના યુદ્ધ માટેની ભૂમિકા રચાવા લાગી.

પરંતુ શાસનધારીઓની આ આંતરિક ખટપટો બાદ કરતાં એ કાળે કચ્છમાં સર્વત્ર શાંતિ જળવાઈ રહી હતી. લખપતજીના પ્રોત્સાહનથી જનસમાજમાં કળા, સાહિત્ય અને સંસ્કારના વિકાસની ચેતના પ્રકટી હતી. હોલૅન્ડ અને પશ્ચિમના બીજા દેશોમાંથી વિવિધ હુન્નરઉદ્યોગો શીખી આવેલા કચ્છી કલાધર રામસંગ માલમને લખપતજીએ પોતાના દરબારમાં રોકી લઈ હુલાવ્યો. ભુજમાં સોનાચાંદી પરનું નકશીકામ, મીનાકારી, ઘડિયાળો, બંદૂકો ને તોપ તથા કાચ બનાવવાના ઉદ્યોગોનો આરંભ થયો. રામસંગની પ્રેરણા અને માર્ગદર્શન તેમાં ખૂબ ખપમાં



△ ભુજમાં લખપતજીની છતેડીમાં એમનો તથા એમની પાછળ સતી થનાર એમની પંદર પ્રેયસીના પાળિયા △
અને (નીચે) એમાંના લખપતજીનો પાળિયો વધુ નજીકથી.

આવ્યાં. નવા કારીગરોને તાલીમ આપવા એક કલાશાળા પણ સ્થપાઈ. ચિત્રકળામાં કચ્છી કમાંગરી વિકસી. રામસંગની દેખભાળમાં ભુજમાં આયનામોલ (આયનામહેલ)ની નવેસરથી અનેરી સજાવટ થઈ. આરસની ભીંતો ઉપર સોનેરી કિનારો વચ્ચે આયના જડેલા અને રંગબિરંગી કાચના જડતરથી સજાવેલા એ મહેલમાં દેશપરદેશના હુન્નરઉદ્યોગના અવનવા નમૂનાઓ ગોઠવાયા ને ત્યાંથી રાવ લખપતે પોતાનો સાહિત્યવિલાસ વિસ્તાર્યો. ભટ્ટારક કનકકુશળજી પાસે એમણે વ્રજભાષાનો અભ્યાસ કર્યો. કલા અને સાહિત્યના પ્રેમી હોવા ઉપરાંત પોતે પ્રખર કવિ અને કાવ્યશાસ્ત્રી પણ હોઈ એમણે 'લખપતપિંગળ' અને 'લખપતિશૃંગાર' નામના ગ્રંથો પણ રચ્યા. ભાટ અને ચારણ કવિઓને પદ્ધતિસર તાલીમ આપવા એમણે દેશભરમાં અદ્વિતીય એવી કાવ્યકળા શીખવતી પાઠશાળા પણ સ્થાપી.





વળી, પોતાનાં કેટલાંક પૂર્વકૃત્યોને કારણે પ્રજાહિત માટેની પોતાની નિયત અંગે લોકોનાં મનમાં કંઈ કુશંકા ન રહે તે માટે કચ્છની પ્રજાજોગ એક તામ્રપત્ર લખાવીને મહાજનને આપેલું જે ભુજની ચાવડીમાં રાખવામાં આવ્યું હતું, અને હજી યે ત્યાં જ છે. એમાં એમણે પોતાની પ્રજા કે વેપારીઓને નાહક રંજાડ ન કરવાની, રાજાપ્રજા વચ્ચે કોઈ ગંભીર પ્રશ્ન ઊભો થાય તો તે અંગે દરબાર તથા મહાજનના પ્રતિનિધિઓની દોરવણી તળે રાજા તેનો ઉકેલ લાવે તેવી, તથા ક્વચિત રાજને પૈસાની જરૂર પડે તો તેની લેવડદેવડ અંગે કેટલીક મર્યાદાઓ સ્વીકાર્યાની બાંહેધરી આપીને એમણે પ્રજાને 'સંધી વાતે ખાતરી જમે રાખી રોજગાર પુખતે હલે' કરવા કહ્યું છે. અને આ લખત પોતાના વંશવારસોને પણ બંધનકર્તા હોવાનો કોલ આપ્યો છે.

પરંતુ રાજવી તરીકેના એમના આવા અનેક ગુણ તથા પ્રજાહિતની ભાવના સાથે રંગીલાપણું એ પણ એમના અંગત જીવનનું એક અજબ પાસું હતું. કવિ કનકકુશળે આપેલા એમના કુટુંબના વર્ણન પ્રમાણે લખપતજીને નવ પરણેતર રાણીઓ હતી. પણ આ નવ રાણીઓ ઉપરાંત એમને અનેક પ્રેયસી સાથે ઘરસંસારનો સંબંધ હોઈ માનસિંહ, ખાનજી, સબલસંગ, કલ્યાણજી, મેઘજી, કાનજી વગેરે અનેક અનૌરસ પુત્રો હતા. આમાં માનસિંહ પ્રત્યે એમને અત્યધિક વહાલ હતું. યુવરાજ ગોડજીને લઈને મહારાણી રાજકુંવર મુન્દ્રા ચાલ્યાં ગએલાં તેની પાછળ લખપતજીની આ વિલાસિતા પણ કારણભૂત હતી.

રાજખટપટો અને પોતાના વિદ્યાવ્યાસંગ તથા વિલાસિતાના કારણે અતિ વ્યસ્તતાને લીધે એમનું જીવન જર્જરિત બનતું જતું હતું. પોતાના લહેરિયાં લેતા જીવને ગોઠે તેવી રીતે આરસ-અરીસા, હાંડી-ઝુમ્મરો ને હોજ ફુવારા વગેરેથી સજાવેલા આયના મોલમાં ગાનતાન ને ગીતશૃંગારના શરણાબારે તેઓ દિવસરાત ગુલતાન રહેવા લાગ્યા હતા. ત્યાં જ એમનો દરબાર ભરાતો અને ત્યાં જ એક નાંઢલા 'હીરામોલ'માં એમનો ઢોલિયો ઢાળેલો રહેતો. ઉત્તરાવસ્થામાં જલોદરથી ટુંપાતું એમનું જીવતર ત્યાં જ પૂરું થઈ સ. ૧૮૧૭માં એમનું અવસાન થયું. આજે યે એ હીરામોલમાં એમના ઢોલિયાની કિંમતી શય્યા ઉપર એમનાં ઢાલતલવાર રાખેલાં છે ને સરઅવસરે ત્યાં ધૂપદીપ ધરવામાં આવે છે.

લખપતજીના મૃત્યુ બાદની એક અનેરી ઘટના પારિવારિક તથા સામાજિક સંબંધોની દૃષ્ટિએ નોંધનીય છે. એ અંગે વ્રજભાષામાં એક

ભુજમાં લખપતજીની છતેડી. જમણી બાજુ દૂર ભુજિયો કિલ્લો દેખાય છે. (જમણી બાજુ) છતેડીમાંના વળાંકદાર કમાનો અને શોભન-કંડારથી ખચિત સ્તંભો. (બધા ફોટો • રામસિંહજી રાઠોડ)

મૃત રાજવીનાં સ્મારક રચવાની પ્રથા તો લગભગ બધાં જ રાજા-રજવાડાંમાં જોવા મળે છે. ક્યાંક સમાધિ તરીકે, ક્યાંક છત્રી તરીકે. ને કચ્છમાં એ છતેડી નામે ઓળખાય છે. જે તે પ્રદેશની શિલ્પ-સ્થાપત્યની કળાનો વિકાસ તેમાં પ્રતિબિંબિત થાય છે. ભુજમાં લખપતજીની છતેડી એ કચ્છના લખપતજી અને એમની પાછળ સતી થએલી એમની પંદર પ્રેયસીનું એક અનોખું સ્મારક છે. લોકસમજને સરળતાથી સમજાય ને લોકરુચિને ગમે એવી ઢબે કંડારેલા લખપતજી ને સતીઓના પાળિયાનું એમાં સ્થાપન કરેલું છે. લખપતજીની પંદર લાડવણ સ્ત્રીઓના એક તરફ સાત ને બીજી બાજુ આઠ એમ હારબંધ મૂકેલા પાળિયાઓની વચ્ચે લખપતજીનો પાળિયો છે. આમ કુલ સોળ પાળિયાવાળા આ સ્મારકને કેટલાક લોકો સોળ સતીની છતેડી પણ કહે છે. પાળિયાઓની ચારે બાજુ ગોળાકાર થાંભલા છે ને એ થાંભલે થાંભલે વાદ્યધારિણીઓ અને નાયિકાઓની મોટી પૂતળીઓ ને છડીદારો કંડારેલાં છે. આની ફરતે પડદીના ચણતરથી બંધકાર કરેલ છે. ઉપર મધ્યમાં મોટો ઘુમ્મટ અને ચારે દિશાની ચાર પ્રવેશિકા ઉપર ચાર ઘુમ્મટ છે. તેની વચ્ચે કોણેકોણે ફરત મૂકીને બીજા ચાર ચાર નાના ઘુમ્મટ કર્યા છે. આમાં સ્તંભની રચના, તેની વચ્ચેની કમાનો અને તેના પરનું કચ્છનું લાક્ષણિક એવું કંડારણ અનેરું આકર્ષણ પ્રકટાવે છે. એના શોભન-શિલ્પમાં દશાવતાર ને સરસ્વતી, ગોપીવસ્ત્રહરણ ને કાલીયદમન, ખાખીબાવા ને ઠકરાઈ, માહુ-જોડા ને મલાખડો, સાવજ ને શિકાર, ફિરંગી ને કમળફૂલ વગેરેનું કંડારણ બાળકો અને ડોસાંડગરાં તથા અણઘડ અને જ્ઞાની સૌને સરખાં મુગ્ધ કરે છે. સુયોજિત બાંધણીવાળી અને સાહજિક સાદગીભરી છતાં શોભન-ખચિત આ છતેડીમાં સોલંકી ઘાટીથી કંઈક અલગ આગળ વિકસેલી મારુગુર્જર શૈલી થકી ઉદ્ભવેલી કચ્છની લાક્ષણિક શિલ્પરચનાનો આ-ગવો લય પ્રકટ થતો જોવા મળે છે.

કવિએ વર્ણવ્યા પ્રમાણે ‘રાવ લખપત સ્વર્ગે સિધાવતાં એમની પાછળ એમની ‘શુભ દિલવાળી’ પંદર રખાયતો ‘સતીત્વના જશશીલને વરી’ હતી. એ પંદર પ્રેયસીઓ—સદાબાઈ, રાજબાઈ, નિંદુબાઈ, પુહપબાઈ, રાધા-બાઈ, લાછીબાઈ, હીરબાઈ, દેવબાઈ, આમબાઈ, પદ્માબાઈ, અકુઆબાઈ, જેઠીબાઈ, રંભાબાઈ, મેઘબાઈ અને રૂપાબાઈ, જેમાં એક તો મેઘવાળ હતી, તે બધી—

લખપતિ કો નિર્વાણ લખિ પંદ્રહ સતી પ્રમાન
ચલી ધની પીછે ચતુર સબકોં કરતિ કલ્યાન.

સર્વેનું કલ્યાણ વાંછતી પોતાના સ્વર્ગવાસી પ્રિયતમ સાથે ચિતા પર ચડીને એકસાથે સતી થઈ હતી. પણ લખપતજીની નવેય પરણેતરમાંથી એક પણ રાણી આવી પ્રેમભાવના દર્શાવી શકી નહોતી. વિવિધ કોમની પંદરપંદર પ્રેમદાઓના પ્રાણાર્પણની આ વિદારક ઘટનાને આયનામોલ-માંથી પ્રસરેલી કાવ્યસરવાણીઓએ અદ્‌ભુત રંગે વર્ણવી છે.

આ લખપતજી અને એની પાછળ સતી થએલી પંદર સતીઓનું ભુજમાં સ્મારક છે. ‘લખપતજીની છતેડી’ નામે ઓળખાતું એ સ્મારક એ સમયના કચ્છી શિલ્પ-સ્થાપત્યનો એક સુંદર નમૂનો ગણાય છે. □

અનુસંધાન] **સ્વથી નિકટ અને દૂર** [પૃષ્ઠ ૧૩૮થી

ફરતી થશે...પછી સ્કૂલે જવા માંડશે...પરીક્ષામાં બેસશે...ક્લાસ લા-વશે...કશુંક ઈનામ જીતી લાવશે. વૅકેશનમાં શાળામાંથી પૉંડીચેરી કે દાર્જિલિંગની ટૂર ગોઠવશે...એ રજા માગવા આવશે...પોતે એને થો-ડીક સૂચનાઓ આપશે...ટૂરમાંથી એ નિયત દિવસે પાછી નહિ ફરે તો ઉમાબહેન ફોન કરી ચિંતાની લાગણી વ્યક્ત કરશે...પોતે તેમને ધીરજ રાખવા કહેશે...પછી ઋતાનો બર્થ-ડે આવશે...ઉમાબહેન એને માટે ભેટ લાવવાનું યાદ કરાવશે...સેક્રેટરી પાસે ડાયરીમાં નોંધાવી રાખવું પડશે...અને એમ ઋતા ફરીથી દૂર સરકતી જશે–મારાથી દૂર, હું એ-નાથી દૂર હડસેલાઈ જઈશ...એના વાળની સોનેરી ઝાંય, એનો બરફ જેવો ચહેરો, એનું શાણપણ, એ બધાં સાથેના તાજા પરિચયનો, બલકે એની નક્કર અનુભૂતિનો તંતુ ફરીથી ક્ષીણ થઈ જશે...ફોનની ઘંટડી ફરીથી વારંવાર રણકવા માંડશે...આમંત્રણોની થોકડીઓ ફેંકાવા લાગશે વિનંતીઓ અને પ્રસ્તાવોથી પોતે પુનઃ ગૂંગળાતા જશે...અને પોતે કોઈને ભારપૂર્વક ના પણ નહિ કહી શકે–ઋતા હવે બીમાર ક્યાં હતી?

સિગારેટ બારીની બહાર ફગાવી દઈને કેતનભાઈ ફરીથી ઋતાના ખંડમાં આવ્યા. ઋતા પલંગ પર આંખો બીડીને શાંતિપૂર્વક સૂતી હતી. સૂરજનું લગભગ છેલ્લું કિરણ તેના બરફ જેવા ચહેરાને પસવારતું પસ-વારતું આગળી જવાની અણીએ હતું. ક્ષણ બે ક્ષણની વાત હતી.

કેતનભાઈએ મનમાં અસુખની તીવ્ર લાગણી અનુભવી—સ્વથી દૂર જવાના અસુખની લાગણી.

ફોન જોરથી રણકી ઊઠ્યો. □



પત્નીની નજરે વિનોદ ભટ્ટ

—સૌ. નલિની ભટ્ટ—

મુરબ્બી શ્રી બચુભાઈએ વિનોદ ભટ્ટ વિષે લખવાનું આમંત્રણ આપ્યું. આભાર એમનો. પણ શરૂઆત ક્યાંથી કરવી? નજીક રહેતા માણસની આ જ મુસીબત છે. મેઘધનુષ્યની જેમ બધા જ રંગો સાથે દેખાય.

રિદ્ધિ-સિદ્ધિના આ ભરથાર વિનોદ ભટ્ટ રસ્તામાં તમને ભેટી જાય તો બે-પાંચ પળો તે હાસ્યથી ભરી દેવાના. તમને ઘડીભર એવું લાગશે કે તે હાસ્યના પર્યાય છે. પણ અમારે મન તે એક નંબરના મૂજી માણસ છે. એક વાર કોઇએ જાહેરમાં તેમને પૂછેલું કે તમે બહારના લોકોને હસાવો છો એમ ઘરનાં બૈરાં-છોકરાંને પણ રોજ હસાવો છો ખરા? ત્યારે તેમણે સામે પ્રશ્ન પૂછેલો : 'મીઠાઈવાળો પોતાનાં બૈરાં-છોકરાંને રોજ મીઠાઈ ખવડાવી શકે ખરો?' મને ને કૈલાસને થાય છે કે આ માણસ સાથે અમારો પનારો ક્યાં પડ્યો! અમે તો તેમને ય ક્યારેક કહીએ છીએ કે એકથી ન ધરાયા તે બબ્બેને 'પ્યાર' કરો છો. જવાબમાં તે મનમાં મલકાય છે.

તેમનો પ્રિય શૉખ છે દરબાર ભરવાનો, મિત્રો સાથે ખાણીપીણી ને ટોળટપ્પાં કરવાનો. રવિવાર હોય ને જો વિનોદ જાની કે નિરંજન ત્રિવેદી ઘેર ડોકાયા ના હોય તો આ શ્રીમાન ઝૂરીઝૂરીને નંખાઈ જવાના. ચાર-પાંચ મિત્રોને રોજ સવારે ફોન કર્યા વગર તેમને ભોજન ગળે ઊતરતું નથી.

અભ્યાસમાં તેઓ પહેલેથી જ 'ઢ' હતા તેની અમને ખબર છે. ઠોઠ હોવું એ કાંઈ ગૌરવની વાત નથી, પણ એને તે ગૌરવનો વિષય માની બેઠા છે. અમારાં બાળકો પણ મોરનાં ઈંડાં જેવાં છે–તેમને અનુસર્યાં છે. બાળકો ખરાબ પરિણામ લઇને આવે તો તે રાજીના રેડ થઈ જાય છે ને પૈસા વાપરવા આપે છે! પાછા છોકરાંઓને શાબાશી આપતા હોય તેવા ટોનમાં કહે છે ય ખરા : 'જો દીકરા, મારો નંબર શાળામાં હમેશાં પાંત્રીસમો રહેતો. તમે ઉકાળો છો તેવું જ હું ઉકાળતો હતો. આટલા પૂરતું તો તમે મારું નામ રોશન કરશો જ એવું લાગે છે.'

(પણ મને તો એવું લાગે છે કે આ મહાશયે પોતાના ચબરાકિયા-પણાથી પરીક્ષકોને પણ, અમને ફોસલાવ્યાં તે રીતે પટાવી લીધા હશે, નહિ તો કદાચ તેમનો પાંત્રીસમો નંબર પણ ન આવતો હોત.)

આ માણસનું વ્યક્તિત્વ છેતરામણું છે. 'વિનોદની નજરે'માં તેમણે પોતાના 'હું'ને નાનો ચીતર્યો છે. પણ હકીકતમાં એ 'હું' ઘણો મોટો છે. તે લખતી વખતે 'હું' કાયમ મોટો જ લખે છે. અમે તેમને ટપારીએ છીએ કે 'હું' આટલો મોટો ન હોય; પણ તે ગણકારતા નથી. આ જ કારણે તેમનો સ્વભાવ ગૃહક્ષેત્રે પણ ઘણો જ સ્વકેન્દ્રી છે. ક્યાં હરવું-ફરવું, શું જમવું, કોને, ક્યારે, કેમ મળવું–ન મળવું વગેરેમાં પોતાની જાતને તે પ્રથમ સ્થાને રાખે છે. (તેમને અમે મજાકમાં ક્યારેક પહેલો પુરુષ એક વચન કહીને બોલાવીએ છીએ.) કેટલીક બાબતમાં તેમના આગ્રહ જિદ પ્રકારના પણ જોવા મળે છે–જેમ કે સમયપાલનનો આગ્રહ.

સમય-પાલનનો દુરાગ્રહ તેમના મનમાં રોગની જેમ ઘર કરી બેઠો છે. તેમનું જો ચાલે તો વિશ્વનાં તમામ ઘડિયાળોને તે પોતાના સમય પ્રમાણે જ ચલાવે. પણ તે શક્ય નથી એટલે પોતાની ઘડિયાળ પંદર મિનિટ આગળ રાખી અમને તે પોતાની પાછળ દોડાવે છે, અને પાછળ નહિ દોડનારની સાથે પંદર મિનિટ ઝગડો કરે છે. સારું છે કે સમય સ્ત્રી નથી. જો એ સ્ત્રી હોત તો આ સાહેબ સમય સાથે કોઈ જુદા જ ખેલ ખેલતા હોત. લોકો ભલે એમ માનતા કે અમારા કારણે નાની ઉમરમાં તેમના વાળ સફેદ થયા છે, પણ ખરેખર તો સમયની પાછળ દોડવામાં જ તેમણે પોતાના વાળનો કાળો રંગ ગુમાવ્યો છે.

પણ તેમને ન્યાય કરવા ખાતર મારે કહેવું પડશે કે હું જ્યારે તેમની પત્ની નહિ પણ પ્રેયસી હતી (કેવા સુખી દિવસો હતા એ!) ત્યારે લાગ-લાગટ ચાર વર્ષ સુધી અમે અઠવાડિયામાં ત્રણ દિવસ સાંજે સાડાપાંચ વાગ્યે મળવાનું નક્કી કરતાં ત્યારે તે હમેશાં સવાપાંચ વાગ્યે હાજર થઈ જતા, ને હું છ વાગ્યા પહેલાં ક્યારેય પહોંચતી નહિ. આજે સત્તર વર્ષ પછી પણ તે કે હું પોતાની જૂની ટેવ ભૂલ્યાં નથી.

પ્રાધ્યાપક શ્રી નગીનદાસ સંઘવી અમારે ત્યાં આવેલા ત્યારે તેમણે કહેલું : 'આ વિનોદ બારણાં વગરનો માણસ છે.' તેમનું કહેવું સાવ સાચું છે. વિનોદ બારણાં વગરનો માણસ છે. જેને ઘર હોય તેને જ બારણાં હોય ને! આ સજ્જન તો ઘરને પણ ધર્મશાળા માને છે ને પંડને મુસાફરથી અધિક નથી ગણતા.


હા, તે એક અચ્છા 'પત્રપ્રેમી' છે. ઘરમાં દાખલ થતાંની સાથે અમારા ખબર પૂછવાને બદલે પ્રશ્ન કરે છે : 'ટપાલ આવી છે?' અમે હા પાડીએ તો 'લાવો' કહી તે વાંચવા લાગી જશે. એકનો એક પત્ર જાણે ગોખવાનો હોય એ રીતે ત્રણેક વાર વાંચી નાખશે. અમે લોકો તેમની સામે અધીરાઈથી તાકયા કરીશું. અમારાં સદ્ભાગ્યે જો ટપાલ ન હોય તો એમના માથે જાણે આભ તૂટી પડતું અમે જોઈ શકીશું. આવે વખતે હળવાશથી તે બોલે છે : 'તો તમે લોકો જ એક પત્ર મને રોજ લખતાં હો તો?' ત્યારે થાય છે કે આવા માણસની પત્ની બનવા કરતાં મિત્ર બનવું લાખ દરજ્જે સારું.

આમ તો પાછા એ વ્યવહાર-ડાહ્યા પણ ખરા. કોઈની માંદગી, લગ્ન-મરણ જેવા પ્રસંગોમાં હાજરી આપવાનું તે ભાગ્યે જ ચૂકે છે; એટલું જ નહિ, કુટુંબના કોઈ મૂંઝવણભર્યા પ્રશ્નનો ઉકેલ સરળતાથી લાવી દે છે. ક્યારેક તો માતમ જેવા ક્ષુબ્ધ વાતાવરણને પણ સહજ બનાવી દેવાની હૈયાઉકલત તેમનામાં ક્યાંથી આવી હશે એની અમને નવાઈ લાગે છે. વ્યક્તિગત જીવનમાં એ ગંભીરતાનો બુરખો પહેરીને ફરે છે, તો જાહેરજીવનમાં એ બુરખો ઉતારીને ફરે છે. કદાચ આ કારણે જ તે હાસ્યલેખક થઈ શક્યા હશે.

સંવેદનશીલ હોવાને કારણે નાની નાની બાબતોમાં તે ચિંતા કરતા હોય છે. બાળકો સમયસર ઘેર ન આવે તો બધું ઉપરતળે કરી નાખે. એક વાર અમારાં બે બાળકો તરણ-સ્પર્ધામાં ઊતરેલાં. રાતના નવ વાગી ગયા. હરીફાઈમાં સમય સચવાયો નહિ એટલે બાળકોને સ્ટેડિયમથી ઘેર આવતાં મોડું થઈ ગયું. હું, મારાં સાસુ, સોનલબેન, પડોશીઓ વગેરે બસસ્ટૅન્ડ સુધી પહોંચ્યાં. અમને બાળકો કરતાં વધારે ચિંતા એમના ગુસ્સાની હતી. ઘડિયાળનો કાંટો આગળ વધતો ગયો તેમ તેમ તેમના ગુસ્સાનો પારો પણ ચડતો ગયો. તેમને શાંત કરવાનો કોઈ ઉપાય કાર-ગત ના નીવડ્યો. ચંપલ પહેરવાની દરકાર કર્યા વગર તે રિક્ષામાં બેસી ગયા. રિક્ષા સ્ટાર્ટ થઈ ત્યાં જ સામે આવેલ બસ-સ્ટૉપ પર ઊભી રહેતી બસમાંથી છોકરાં ઊતરતાં દેખાયાં. 'પપ્પા, પપ્પા, અમારો (અનુ.પૃ.૧૪૬)

પરિચિત પુષ્પોની વિશેષ ઓળખ આપતી માળા(૪)

અશોક



લેખક · શંકરદેવ વિદ્યાલંકાર

અશોક એ એક સુંદર સદાપર્ણી પુષ્પવૃક્ષ છે, પણ લોકોમાં તેનું નામ જેટલું જાણીતું છે એટલું એ વૃક્ષ પોતે પરિચિત નથી. સંસ્કૃત સાહિત્ય, ધર્માનુષ્ઠાન અને વનૌષધિશાસ્ત્ર વગેરેમાં અશોકનાં પુષ્કળ વર્ણનો જોવા મળે છે. સીતાજીનું અપહરણ કરી લાવીને રાવણે એમને અશોક વાટિકામાં રાખ્યાં હતાં, અને સીતાજીની શોધમાં લંકા પહોંચેલા હનુમાનજી અશોક વૃક્ષની સઘન ઘટામાં છુપાઈ રહીને યોગ્ય પળે સીતાજીને મળ્યા હતા એ કથા તો સર્વત્ર જાણીતી છે. શાક્યમુનિ—ગૌતમ બુદ્ધનો જન્મ પણ અશોક વૃક્ષ તળે થયો હતો. એટલે રામભક્ત હિંદીભાષીઓ અશોકને 'સીતા અશોક' કહે છે જ્યારે બૌદ્ધોનું તો એ પવિત્ર વૃક્ષ બની પૂજાય છે.

ચૈત્ર સુદ છઠ્ઠ એ 'અશોક ષષ્ઠી' કહેવાય છે. બંગાળની હિંદુ નારીઓમાં તેનું માહાત્મ્ય છે. તે તિથિએ દેવીનું પૂજન કરીને દુઃખપરિહારક ગણાતા અશોકની પુષ્પકળીઓનું પ્રાશન કરવાની તેમનામાં જે પ્રથા છે એ સંભવતઃ અશોકના ઔષધીય ગુણોના કારણે હશે.

પુષ્પધન્વા કામદેવના પંચબાણમાં

अरविन्दमशोकं च चूतं च नवमल्लिका।
नीलोत्पलं च पंचैते पंच-बाणस्य सायकाः ॥

પ્રમાણે કમળ, આમ્રમંજરી, મોગરો અને નીલકમલની સાથે અશોક-પુષ્પની પણ ગણના છે.

અશોકનાં રક્તાશોક, હેમપુષ્પ, મધુપુષ્પ, શોકનાશન, સ્મરાધિવાસ, કંકેલિ, તામ્રપલ્લવ આદિ સંસ્કૃત નામ-પર્યાયો છે. વંજુલ નામે પણ એનો એક પર્યાય છે, પરંતુ વાસ્તવમાં વંજુલ એ એક ભિન્ન વૃક્ષ છે, જેને આપણે વેતસ નામે ઓળખીએ છીએ. આ જ રીતે આસોપાલવને પણ ઘણા અશોક નામે ઓળખાવે છે એ પણ ભૂલ છે. હકીકતે આસોપાલવ અને અશોક તદ્દન ભિન્ન વૃક્ષો છે. આસોપાલવ એ સીતાફળ-રામફળના (Annonaceae) વર્ગનું વૃક્ષ છે અને તેનાં ફળ લંબગોળાકારનાં હોય છે; જ્યારે અશોક એ શિંબી વર્ગનું એટલે કે શીંગોવાળું વૃક્ષ છે. આમ્રવૃક્ષ જેવી સઘન ઘટાવાળું આ વૃક્ષ સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, મરાઠી, બંગાળી વગેરે ભાષાઓમાં અશોક નામે જ ઓળખાય છે. અંગ્રેજીમાં એ સરાકા ઇંડિકા (Saraca Indica) નામે ઓળખાય છે. બંગાળની સુખ્યાત એશિયાટિક સોસાએટીના પ્રતિષ્ઠાપક ને વિશ્રુત પ્રાચ્યપ્રેમી સર વિલિયમ જોન્સ આ વૃક્ષને અંગ્રેજીમાં પણ અશોક નામે જ ઓળખાવવાના આગ્રહી હતા અને એ ભારતપ્રેમી આંગ્લ મનીષીના માનમાં અંગ્રેજીમાં અશોકને 'જોનેશિયા અશોક' એવું અભિધાન પણ અપાએલું છે.

ભારતમાં આસામની ખાસિયા ટેકરીઓમાં પુષ્કળ પ્રમાણમાં અશોક ઊગે છે. બંગાળ અને દ. ભારતના પશ્ચિમ કિનારે પણ એ સારા પ્રમાણમાં થાય છે. બ્રહ્મદેશ, મલાયા ને શ્રીલંકામાં પણ આ વૃક્ષો થાય છે. આ ઉપરાંત બાગ અને ધર્મસ્થાનોમાં પણ ઉગાડવામાં આવે છે.

અશોકનું વૃક્ષ ઘણું સુંદર લાગે છે. તદ્દન સીધું સુંવાળું ને શ્યામ રંગી થડ, એની ચોમેર ફેલાએલી લીલી નાની ડાળીઓ ઉપર ૩ થી ૭ નાનાં નાનાં દાંડી રહિત સંયુક્ત પાનની લટકતી જોડી હોય છે. કૂણાં હોય ત્યારે અશોકનાં પાન પાતળાં અને રતાશપડતાં હોય છે. અશોકને 'તામ્રપલ્લવ' આ પરથી જ કહ્યું હશે. આ પાન પછીથી સાધારણ ઘટ્ટ, લીસાં, ચળકતાં ને લહેરિયાંદાર કિનારીવાળાં થઈ જાય છે ત્યારે આંબા ને આસોપાલવનાં પાન જેવાં લાગે છે. બારે માસ લીલા રહેતા આ વૃક્ષ પર જાન્યુઆરીથી મે માસમાં ફૂલોનાં ઝૂમખાં બેસે છે. આરંભમાં નારંગી રંગનાં લાગતાં આ સુંદર સુગંધી ફૂલો પાછળથી રતાશ પકડે ત્યારે અશોકનો દેખાવ મનોહર બની રહે છે. અશોકના પુષ્પ વિકાસનો સમય હિંદુઓમાં માંગલિક ગણાય છે. એક એવી પણ માન્યતા પ્રચલિત છે કે સ્ત્રી મોંમાં પાણી રાખીને અશોક વૃક્ષને જલસિંચન કરે તો અશોક વિશેષ પુષ્પિત થાય છે. અશોકની શીંગ ૧૫ થી ૨૫ સેન્ટીમીટર લાંબી ને ચપટી તથા બંને છેડે અણિયાળી હોય છે. તેમાં ૪ થી ૮ ભૂખરાં લીસાં બી હોય છે.

અશોક શીતળ છાયા અને મનહર શોભા આપનારું વૃક્ષ હોવા ઉપરાંત અનેક રીતે ઉપયોગી વૃક્ષ છે. ઠંડું, કડવું, લોહી સુધારનાર, મલસ્તંભક, કૃમિનાશક વગેરે જેવા ગુણોને કારણે અનેક ઔષધીય પ્રયોગોમાં એ પ્રયોજાય છે. ખાસ કરીને સ્ત્રીઓનાં અનેક દર્દોમાં એનાં છાલ, પાન, પુષ્પ અને મૂળનો ઉપયોગ થાય છે. આચાર્ય ચક્રપાણિના મતાનુસાર એની છાલનો ક્ષીરપાક રક્તપ્રદર મટાડે છે. કષ્ટાર્તવ, રક્તાર્શ અને લોહી વિકારમાં પણ અશોક લાભકારી છે. ગર્ભાશયના વિકારોમાં 'અશોકારિષ્ટ' ખૂબ ઉપકારક છે. વાગ્ભટ્ટ વાતવ્યાધિમાં 'અશોકઘૃત'ની ભલામણ કરે છે. મૂત્રઘાતના રોગમાં તેની છાલનો ઉપયોગ થાય છે. અતિસારમાં અશોકનાં પુષ્પનો ઉપયોગ થાય છે.

અશોકનું કાષ્ઠ પણ મજબૂત હોઈ ઈમારતી કામમાં વાપરી શકાય છે. પરંતુ અશોકની આવી ઉપયોગિતા છતાં એનું નામ સવિશેષ તો સંસ્કૃત-સાહિત્ય એના જે કલ્પનામંડિત ઉલ્લેખો ને વર્ણનો કર્યાં છે તે પરથી વધુ ખ્યાતિ પામ્યું છે. એની સુંદરતા અને નજાકતને સાંકળીને કવિઓએ અનેક કલ્પનાઓ એની સાથે જોડી છે. વાલ્મીકિએ અશોકને નીલવર્ણી કહ્યું છે તે કદાચ એનાં ઘેરાં લીલાં પાનને કારણે હશે. મલ્લીનાથ સૂરિએ 'મેઘદૂત' પરની ટીકામાં શ્વેત અશોકને સિદ્ધિદાતા અને રક્તાશોકને કામોદ્દીપક કહી વર્ણવ્યું છે. કવિ કાલિદાસે તો અશોકનાં અનેક વાર કલ્પના-મધુર વર્ણનો કર્યાં છે. માલવિકાગ્નિમિત્રના તૃતીય અંકમાં એ કહે છે—

नवकिसलयरागेणाग्रपादेन बाला
स्फुरितनखरुचा द्वौ हन्तुमर्हत्यनेन।
अकुसुमितमशोकं दोहदापेक्षया वा
प्रणमितशिरसं वा कान्तमार्द्रापराधम् ॥

ચળકાટ મારતા નખોવાળા અને નવી કૂંપળો શા પંજાવાળી આ સુંદરીનાં ચરણો કાં તો ખીલવાને ઈચ્છુક આ અકુસુમિત અશોક પર પડવા યોગ્ય છે અથવા નતમસ્તક ઊભેલા પ્રેમાપરાધિ પતિના મસ્તક પર પડવા યોગ્ય છે. રઘુવંશમાં—

स्मरतेव सशब्दनूपुरं चरणानुग्रहमन्यदुर्लभम्।
अमुना कुसुमाश्रुवर्षिणा त्वमशोकेन सुगात्रि शोच्यसे ॥

રણઝણતાં નૂપુરોવાળાં તારાં ચરણની ઠોકર કોઇને યે લાગતી નથી, પણ મોટી કૃપા કરીને (તેં) પેલા અશોકને ઠોકર મારી હતી. હવે તારાં ચરણની કૃપાનું સ્મરણ કરીને આ અશોક વૃક્ષ ફૂલોનાં આંસુ વહાવી તારા માટે વલખી રહ્યું છે. અને 'કુમારસંભવ'માં શિવજીના તપનો ભંગ કરાવવા

નીકળેલા કામદેવની સાથે તેના સહાયક તરીકે વસંતના આગમનથી—

असूत सद्यः कुसुमान्यशोकः स्कन्धात्प्रभृत्येव सपल्लवानि ।
पादेन नापैक्षत सुन्दरीणां संपर्कमासिञ्जितनूपुरेण ॥

અશોકનું વૃક્ષ પણ તત્કાલ નીચેથી ઉપર સુધી પુષ્પોથી લદાઈ ગયું અને રણુકતાં નૂપુરોવાળી સુંદરીઓના ચરણુ-પ્રહારની રાહ પણુ એણે જોઈ નહિ.

આમ, અશોક વૃક્ષ અને તેનાં પુષ્પ વિષેની કવિકલ્પનાઓ ચગતી ચગતી છેક હિંદી ભાષામાં રીતિકાલ (શૃંગાર કાલ)થી આધુનિક કાલ સુધી ઊતરી આવી છે. જુઓ—


તેરો સખી સુહાગ વર જાનત હૈં સબ લોગ,
હોત ચરણુ કે પરસ પ્રિય પ્રફુલિત સુમન અશોક. (કવિ મતિરામ)
અને— તુમ્હારે ચલ-પદ ચૂમ નિહાલ,
મંજરિત અરુણુ અશોક નિહાલ. (સુમિત્રાનંદન પંત)

'પાદાઘાતાદશોક વિકસતિ'—સુંદરીના પાદાઘાતથી અશોકનાં પુષ્પો ખીલવાની આ કલ્પના તો સદીઓથી વર્ણવાતી રહી છે. એમ તો લાવણ્યવતી સ્ત્રીની વિધવિધ ચેષ્ટાઓ દ્વારા વિવિધ વૃક્ષો વિકસિત થવાની અન્ય અનેક કવિ-કલ્પનાઓ પણ પ્રચલિત રહી છે, પણ એવી બધી કલ્પના-ઓમાં અશોકનું સ્થાન સર્વોપરી રહ્યું છે. રાજશેખર જેવા કવિએ તો વળી શ્વેત, રક્ત અને સ્વર્ણ એમ ત્રણ વર્ણના અશોકનું વર્ણન પણ કર્યું છે, પરંતુ અશોકના આ વિવિધ પ્રકારો કે સુંદરીના પાદાઘાતથી અશોકનું પુષ્પિત થવું વગેરે બધી રોચક કલ્પનાઓ જ છે. વાસ્તવમાં કલ્પના કે ભાષાના વિલાસથી વધુ એમાં કંઈ તથ્ય નથી. છતાં એની ઉપયોગિતાની સાથોસાથ એના દેખાવનો પણ સદીઓથી કેટલો પ્રભાવ રહ્યો છે તે તો તેમાંથી પ્રતીત થાય છે જ. □

શતરંજ : કૉમ્બિનેશન્સ . . . . સુરેશ મોદી

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં બ્રિટનના સૌથી મહાન ખેલાડી બ્લૅકબર્નનો વિશ્વના આગળ પડતા ખેલાડીઓમાં સમાવેશ થતો હતો. તેમની આક્રમક શૈલીનાં અનેક સુંદર કૉમ્બિનેશન્સ શતરંજ-સાહિત્યમાં જોવા મળે છે. તેમાંનું એક વજીરનો ભોગ આપવાથી શરૂ થતું સુંદર ઉદાહરણ આપણે જોઈએ.

Gifford



Blackburne
White to play

આ સ્થિતિમાં બ્લૅકબર્ન પાસે બે પ્યાદાં ઓછાં છે પણ તે આક્રમણ ચાલુ રાખે છે.

1 Q×KN (R6)ch!

વજીરનો ભોગ જો કાળો ન સ્વીકારે તો બીજી ચાલે Q×Pથી મ્હાત થઈ જાય.

1..., K×Q; 2 N–K6dis. ch!

અહીં 2 N×BP dbl. chનું આકર્ષણ ટાળવું જરૂરી છે. કારણ 2 N×BP dbl. ch? K–N2 પછી રાજા અંદર પાછો ચાલ્યો જાય અને સફેદ 3N×Q ??થી ભોગ આપેલો વજીર પાછો મેળવવા જાય તો 3..., R×Rથી પોતે જ મ્હાત થઈ જાય!

2..., K–R4; 3 B–K2ch. વજીર પાછો મેળવવા કરતાં મ્હાતનો પ્રયાસ જ બહેતર છે.

3..., K–R5; 4R–B4ch, N×R. વજીર પછી હવે હાથીનો ભોગ સ્વીકાર્યા સિવાય કાળાને છૂટકો નથી. હવે નાનાં મહોરાં-થી મ્હાત કરવા માટે સ્થિતિ તૈયાર થઈ રહી છે.

5 P–N3ch, K–R6; 6 N (બેમાંથી કોઈ પણ) × N મ્હાત.

પહેલાં વજીર અને પછી હાથીનો ભોગ આપીને કાળા રાજાને એકદમ બહાર કાઢી બ્લૅક-બર્ન નાનાં મહોરાંઓથી આકર્ષક રીતે કાળાને મ્હાત કરે છે.



ટિકિટ-સંગ્રહ ઘોડદોડ એ તો શાહી રમત છે અને તેમાં યે ડર્બીની ઘોડદોડ તો દુનિયાભરમાં ખ્યાત છે. આવતા માસ-જૂન-ની ૬ઠ્ઠી તારીખે એની ૨૦૦મી દોડ યોજાઈ છે એ નિમિત્તે બ્રિટનની આ ચાર ખાસ બહુરંગી ટિકિટો બહાર પડશે. જુદાજુદા સમયનાં ઘોડ-દોડનાં ચિત્રો તેના પર આપ્યાં છે. ટિકિટો ના મૂલ્યાનુક્રમ પ્રમાણે તેના પર (૧) સર આલ્ફ્રેડ મુનિંગ્સનું 'સૅડલિંગ મહમુદ ફૉર ડર્બી-૧૯૩૬' નામનું ચિત્ર, (૨) એફ. સી. ટર્નરનું 'ધ લિવરપુલ ગ્રેઈટ નૅશનલ સ્ટીપલ ચેઈઝ-૧૮૩૯' (૩) જે. એન. સાર્ટોરીઅસનું 'ધ ફર્સ્ટ સ્પ્રિંગ મીટિંગ, ન્યૂ માર્કેટ-૧૭૯૩' અને (૪) ફ્રાંસિસ બાર્લોનું ડોર્સેટ ફેરીમાં ઘોડદોડ જોતા ચાર્લ્સ બીજાનું ચિત્ર (૧૬૮૪) છે.

(પ્રેષક : રમણિકલાલ સોલંકી · લંડન)

દાક્તરી તપાસ

— જેનો આરંભ દર્દી દવાખાનાનો ઊમરો ચડે ત્યારથી જ થઈ જતો હોય છે.

— જેમાં ઇચ્છવા છતાં દર્દી કંઈ છુપાવી શકતો નથી.

— જેમાં સામાન્ય લાગતા મુદ્દા પણ નિદાન માટે અગત્યના બની રહે છે.

— જેના ઊંડાણમાં ઊતરવાથી દર્દીને મરતો બચાવી શકાય છે.

એ દાક્તરી તપાસનો વ્યાપ અને તેનું મહત્ત્વ સમજાવતા લેખોમાંનો આ પહેલો લેખ છે. એમાં દર્શાવેલાં કેટલાંક લક્ષણો એ માત્ર ઉદાહરણ રૂપ છે. એના આધારે દર્દી જાતે પોતાના દર્દનું નિદાન કરી શકે એ તેનો ઉદ્દેશ નથી જ. એ કાર્ય દાક્તરનું જ છે. એમાં સહકાર આપવો એ દર્દીની ફરજ છે અને એ એના પોતાના જ હિતમાં છે. એ કઈ રીતે તે આ અને આની પછીના લેખો કહેશે.

——— લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ———

'આ એકસ-રે ચાળીસેક વર્ષથી ઉપરની વયની, નાજુક બાંધાની, વધુ બાળકોવાળી, લોહીના દબાણથી પીડાતી, ક્ષયની અસરવાળી કોઈ કૅથોલિક સ્ત્રીનો લાગે છે.'

જેને ખુદને પોતે જોઈ જ નથી એવી એક સ્ત્રીનો માત્ર એકસ રે ફોટો જોઇને જ કોઈ નિષ્ણાત ગુનાશોધકની જેમ ડૉ. વોલ્ટર આલ્વારેઝે પહેલી જ નજરે આટલી વિગતો તારવી કાઢી હતી. આશ્ચર્ય થાય એવું આ તારણ છે, પરંતુ કોઈ પણ નિષ્ણાત દાક્તર પોતાના દર્દી વિષે આમ અનેક બાબતો સરળતાથી તારવી શકે છે. એકસ-રે ફિલ્મમાં દેખાતી પાંસળીઓનું નાનું કદ અને આછી આછી કળાતી સ્તનની રેખા પરથી એ એક્સ-રે કોઈ સ્ત્રીનો હોવાનું એ સમજી ગયા હતા. વળી સ્ત્રીએ ગળામાં પહેરેલી પાતળી સેરમાં લટકતા દેખાતા નાનકડા ક્રૉસ પરથી એમણે એને કૅથોલિક કલ્પી લીધી હતી. પાંસળીના કોમલાસ્થિના અસ્થિભવન (કૅલ્સિફિકેશન) અને ગળાના ભાગમાં દેખાતા કરોડના મણકાના આધારે એમણે એ સ્ત્રીની વયનો તથા સ્તનની રેખા પરથી એના કદ-આકારની કલ્પના કરીને એ વધુ બાળકોવાળી હોવાનો અંદાજ બાંધ્યો હતો. પેટ ઉપરની નીચેની પાંસળીઓના સાંકડા વળાંક પરથી એ સ્ત્રીના નાજુક બાંધાની કલ્પના કરી હતી. વળી, ફેફસાંમાં ચૂનાની જમાવટના ડાઘા પરથી એને ક્ષયની દર્દી તથા કદમાં વધી ગએલી દેખાતી કર્ણિકા અને મહાધમનીમાં પણ ચૂનાની જમાવટ જેવું જણાતાં તેની લોહીની નળીઓ કઠણ થઈ જઈ એ લોહીના દબાણથી પણ પીડાતી હોવાની ધારણા કરી હતી.

સ્ટેથોસ્કોપ લઈને છાતી તપાસે કે લોહીનું દબાણ માપે અથવા દર્દીને સુવડાવીને એનું પેટ તપાસે યા જીભ બહાર કઢાવી 'આ આ' બોલાવે એટલામાં જ દાક્તરી તપાસ પૂરી નથી થઈ જતી. દર્દનું નિદાન કરતાં પહેલાં દાક્તર બીજી અનેક બાબતો જોઈ વિચારી લે છે. એમાંની કેટલીક તપાસની તો દર્દીને પોતાને પણ ખબર નથી હોતી. દર્દી પોતાનો ઊમરો ચડે ત્યારથી જ દાક્તર તેનું નિરીક્ષણ આરંભી દે છે. દર્દી કઈ રીતે ચાલે છે, કેવી રીતે બેસેઊઠે છે, કેમ બોલે છે વગેરેની નોંધ દાક્તરની નજર કરતી જ હોય છે. કેટલીક તકલીફો તો ઉપલક નજરે જ પરખી શકાય છે, કેટલીક દર્દીને પૂછતાં જાણવા મળે છે અને કેટલીકને માટે વધુ તપાસ કરવી પડે છે તો કેટલીક બાબતો માટે ખાસ વધુ ઊંડી તપાસ જરૂરી બને છે.

ઘણી વાર દર્દી કેટલીક વિગતો એક યા બીજા કારણે છુપાવે છે અથવા તેને બિનજરૂરી સમજીને કહેતા નથી. પણ દાક્તરથી એ છૂપું રહી શકતું નથી. ઉત્તર આપવામાં દર્દી કંઈ છુપાવે, પણ એના હાથ, પગ, આંખો, શારીરિક હલનચલન વગેરે પરથી દાક્તર એ પકડી પાડે છે.

અજાણતાં યે માણસ એવું ઘણું બધું કરતો હોય છે કે જે એની શારીરિક યા માનસિક સ્થિતિની ચાડી ખાય છે. માણસના અવાજ પરથી ક્રોધ, ભય, વેદના કે દુઃખની લાગણી પ્રકટ થઈ જ જાય છે. વાત કરતાં કરતાં પોતાના વાળનાં ગૂંચળાં વાળતો માણસ પોતાની અમુક અપ્રૌઢતા બતાવી દે છે. વારંવાર ખજવાળવું કે નખ કરડવા એ તંગ મનઃસ્થિતિની નિશાની છે. ચહેરા પર વારંવાર હાથ ફેરવવો એ અપૂર્ણતાની લાગણી દર્શાવે છે. વારંવાર પગ ઉપર પગ ચડાવ્યા કરવા કે હાથની અદબ વાળીને ઉત્તરો આપવા એ વાતના દોરમાં એને દેખાતા કોઈ ડરનું સૂચક પણ હોઈ શકે. ટાઢા ને ભીના હાથ દર્દીના ચિત્તક્ષોભની (ન્યૂરૉટિક) સ્થિતિ અને અસ્વસ્થાનો નિર્દેશ કરે છે તો હાથ ઉલાળીને બોલવું એ ઉશ્કેરાટભરી સ્થિતિ બતાવે છે. તંગ મનોદશામાં દર્દીના ચહેરામાં જ નહિ, એની જીભ બહાર કઢાવતાં એમાં પણ આછી ધ્રુજારી દેખાય છે. આવાં તો અનેક લક્ષણો વાતચીતમાં છુપાવવા છતાં દર્દીની અમુક સ્થિતિનો ખયાલ આપી દે છે. અલબત્ત, આના જ આધારે નિદાન ન થઈ શકે, પણ દર્દનું નિદાન કરવામાં એ ઘણી રીતે સહાયક બને છે.

બીમારીમાં દર્દીનું વજન બહુ ઘટી ગયું હોય તો એની ચામડી પર કરચલીઓ પડી ગએલી દેખાય છે. અયોગ્ય ખોરાકથી ચામડી પર ઘારાં ને ઢીમણાં દેખાય છે. વધુપડતી સૂકી ચામડી ડાયાબિટિસ કે થાઇરૉઇડની ન્યુનતાની સૂચક છે. ફિક્કો ચહેરો રક્તક્ષયની, તો ચામડી ઉપર ઊપસી આવેલી કેશવાહિનીઓ એ કલેજાના સિરૉસીસની સૂચક છે.

જીભ બહાર કઢાવી 'આ...આ' બોલાવીને દાક્તર ટૉન્સિલ્સ કે ગળાના ભાગમાં સોજાની તપાસ કરે છે. ગુલાબી જીભ તંદુરસ્તી બતાવે છે, પણ એનો ખરો ગુલાબી રંગ તો બાળકની જીભ પર જ જોવા મળે છે. પુખ્ત વયે જીભ એટલી ગુલાબી લાગતી નથી. સામાન્યતઃ જીભ ઉપર આછો શો સફેદ થર હોવો સામાન્ય છે, પણ મોં સુકાતું હોય તો એ થરનું પ્રમાણ વધુ હોય છે. તાવ, બંધકોશ, અપચો, પિત્તાશયનો બગાડો કે આંતરડાંના ગંભીર રોગોમાં જીભ ઉપર વધુકો થર બાઝેલો દેખાય છે. કેટલાકની જીભ ઉપર સૂક્ષ્મ વાળ હોઈ એ કાળાશભરી દેખાય છે. એ કોઈ રોગનું લક્ષણ નથી, પણ અસામાન્યતા છે, ને તેનો કોઈ ઉપાય નથી. કોઈની જીભ ઉપર રતાશભરી કિનારીવાળાં ભૂખરાં કૂંડાળાં દેખાય છે જે એલર્જીના કારણે થતાં હોવાનું અનુમાન છે.

આંખ પણ ઘણું કહી દે છે. થાઇરૉઈડ ગ્રંથિના વધુકા સ્રાવથી થતી ગોઇટરની સ્થિતિમાં આંખના ડોળા આગળ ધસી આવતા લાગે છે. આંખનાં પોપચાં પહોળાં કરીને પણ ક્યારેક દાક્તર તપાસે છે. દર્દીને ખ્યાલ નથી હોતો પણ ક્યારેક ત્યાં વાઈરસ(વિષાણુઓ)નો ચેપ લાગેલો હોય છે. આંખો બંધ કરાવીને ડોળો દબાવી જોતાં સ્વાભાવિક કરતાં એ વધુ કઠણ લાગે એ ઝામરની નિશાની છે. આ માટે ટોનોમીટર નામનું એક સાધન પણ વપરાય છે. દવા નાખીને આંખનો ડોળો બહેરો બનાવી દઇને ટોનોમીટર વડે એનું દબાણ માપતાં ૧૫થી ૧૮ મિલિમીટરનું દબાણ સામાન્ય ગણાય છે, પણ ઝામરમાં તે વધે છે. મોતિયો ને ઝામર એ અંધાપો આપતા રોગ છે. મોતિયાનો અંધાપો તો શસ્ત્રક્રિયાથી હટે છે, પણ ઝામરથી ગએલી દૃષ્ટિ માટે કોઈ ઉપાય નથી.

આંખની તપાસમાં ડોળાની અંદરનો ભાગ પણ તપાસાય છે. એ માટે દવાનાં ટીપાં નાખીને આંખની કીકીઓ પહોળી કરી ઑપ્થેલ્મો-

સ્કોપ વડે ડોળાની અંદરના ભાગની લોહીની નળીઓ અને નેત્રપટની તપાસ થાય છે. નેત્રપટના ચળકતા કેસરી જેવા સ્વાભાવિક રંગમાં થએલા ફેરફાર પરથી વ્યક્તિના આરોગ્યનો ખયાલ આવે છે. આ ભાગમાં એક-બીજી પર પથરાએલી ધમનીઓ અને શિરાઓ જોવા મળે છે. આખા શરીરમાં માત્ર નેત્રપટ ઉપર જ એ ખુલ્લી દેખાય છે, બાકી બધે તે ચામડીની નીચે ઢંકાએલી હોય છે. હાઈ બ્લડપ્રેશરમાં નેત્રપટની ધમની-ઓ તાંબાના તાર જેવી દેખાય છે, તો લ્યુકેમિયા (લોહીના કૅન્સર)માં ત્યાં પીળાશપડતાં લાલ કૂંડાળાં જેવાં સૂક્ષ્મ ધાબાં જોવા મળે છે. ડાયાબિટિસ અને આર્ટરીઓ સ્કલેરોસિસ પર પણ આ નળીઓ પ્રકાશ પાડે છે. ધમનીની જડતા (આર્ટરીઓ સ્કલેરોસિસ) યા ક્ષયના કારણે આંખના ડોળા પરના પારદર્શક પર્દા (કૉર્નિયા) અસ્પષ્ટ લાગે છે કે એની સફેદ આસપાસ કૂંડાળું દેખાય છે. આંખની કીકીમાં સોજો અને ઝાંખપ, દાંત યા ટૉન્સિલના ચેપ, ડાયાબિટિસ કે સાંધાના દુખાવાના રોગના સૂચક છે.કમળામાં આંખનો ડોળો પીળો પડી જવાનો તો સૌને ખયાલ છે.

આ જ રીતે નાકની અને કાનની પણ તપાસ કરવી પડે છે. નાકના બંને પડખે સાયનસોનો ભાગ દબાવતાં દુ:ખે એ ક્યારેક અંદર મસા થયાનું સૂચવે છે. કાનમાં મેલ જામવાથી ક્યારેક બહેરાશ આવે છે તો ફૂગના ચેપથી સણકા ને ખણજ ઊપડે છે.

વાળ પણ કેટલીક રોગાવસ્થાનું સૂચન આપે છે. પગના નળા ઉપર ફિકાશ પડતી ગાંઠ પર વાળનો ગુચ્છો થાઇરોઈડ ગ્રંથિનો બગાડો બતાવે છે. લમણાં પરના અકાળે સફેદ થઈ ગએલા વાળ કાનની બહેરાશ પણ સૂચવે છે. અંદરના અવયવના કૅન્સર વખતે વાળ પુષ્કળ વધે છે. આ-લ્બ્યુમિનની ઊણપ અને અલ્સરેટિવ કોલાઇટિસમાં વાળ પાતળા બની રતાશ પકડે છે. જીવનક્રિયા માટે શક્તિ પુરાંત રાખવાની કાયાની કરામત-થી માથાના વાળની વૃદ્ધિ ઘટે છે.

દાક્તર રોગીને પોતાનો પોંચો દબાવવા કહે છે. જો એ બરાબર બળપૂર્વક દબાવી ન શકે તો તે જ્ઞાનતંતુ અને સ્નાયુની અશક્તિ દર્શાવે છે. રુધિરાભિસરણની ખામીમાં રોગીના હાથ-પગ ઠંડા ને સૂકા રહે છે, પણ લાગણીના ઉછાળા વખતે એ ઠંડા હોવા સાથે ભીના હોય છે.

પાંસળાં પૂરાં થાય ત્યાં પેટની જમણી ને ડાબી બાજુ હાથ મૂકીને દાક્તર યકૃત અને બરોળની સ્થિતિ જુએ છે. તંદુરસ્તીમાં આ બંને અવયવો પાંસળાંની અંદર સમાએલાં હોય છે પણ રોગાવસ્થામાં કદમાં વધારો પામી પાંસળાંની બહાર આવે છે. હોજરી અને આંતરડાં ઉપર આંગળીઓ વડે દબાવીને એના આળાપણાની કે અસામાન્યતાની ખાતરી કરાય છે. પેડુનાં વળાંમાં આંગળાં મૂકી દાક્તર રોગીને ઉધરસ ખાવાનું કહે છે. જો એમ કરતાં વળાંમાં દડા જેવો પોચો ભાગ ઊપસી આવે તો એ સારણગાંઠનું ચિહ્ન છે.

પેટના જમણા પડખાના નીચલા ભાગમાં પેડુ પાસેનો દુખાવો ક્યારેક જેમ ઍપેન્ડિકસનું સૂચન હોય છે તેમ ડાબા પડખામાં બેચેનીનો અનુભવ ક્યારેક કૅન્સરનું કારણ પણ હોઈ શકે. આંતરડાના કૅન્સરનું ૭૦ ટકા પ્રમાણ આ ભાગમાં જોવા મળે છે. આ માટે પ્રાથમિક તપાસમાં દાક્તર ગુદામાં આંગળી નાખીને આંતરડાંનો નીચેનો ભાગ તપાસે છે. આવી જ તપાસમાં પ્રોસ્ટેટ ગ્રંથિના સોજા કે વૃદ્ધિની જાણ થાય છે.

રોગીના ઢીંચણ, કોણી અને પગની પાની ઉપર ક્યારેક દાક્તર રબ્બરની હથોડી ઠપકારીને ને પગનાં તળિયાં ઉપર એ હથોડીના પાછલા છેડા વડે લીટા ખેંચીને તે ભાગોના સંજ્ઞાવાહી અને ચાલક તંતુઓની કામગીરીની કસોટી કરી જુએ છે. જો કરોડરજ્જુમાંથી થતા પરાવૃત્ત વ્યાપારોમાં કંઈ બગાડો હોય તો જ્ઞાનતંતુનું સંકોચન થતું નથી—અગર તો વધારે થાય છે.

આમ, રોગનું નિદાન કરતાં પહેલાં સહૃદયી દાક્તર આવી અને આવી બીજી અનેક પ્રાથમિક તપાસ કરે છે. સાથોસાથ એ દર્દીને મન મામૂલી એવા અનેક પ્રશ્નો પણ પૂછે છે. પણ આવી બધી તપાસ અને પ્રશ્નોનું મહત્ત્વ છે. પોતાને કોઈ ગુપ્ત વ્યાધિ હોય ને તે પ્રકટ થઈ જાય એવું દર્દી ઈચ્છતો ન હોય ત્યારે અથવા શરમ-સંકોચથી તે ઘણા પ્રશ્નો ટાળે છે યા એ અંગે ચૂપ રહે છે કે ખોટું બોલે છે. પણ એ બરાબર નથી. આવી પ્રારંભિક તપાસમાં રોગી જેને બિનજરૂરી લેખે તેવી વિગત પોતાના જ રોગના ખરા નિદાનમાં કેટલીક સહાયક હોય છે તેનો એને પૂરો ખયાલ નથી. અયુક્ત લાગતી વાત કહેવાથી દાક્તરને કંઈ આઘાત લાગતો નથી કે તમારા પ્રત્યેનાં માન કે લાગણીમાં ઘટાડો થવાનો નથી. દર્દીનું મૂલ્યાંકન કરવા નહિ પણ એને રોગમુક્ત બનાવી પુન: તંદુરસ્તી બક્ષવાના એના પ્રયત્નોનો જ આ ભાગ છે. દાક્તરને પૂરો સહકાર આપવાથી સરળતાથી પતી જાય તેવી બાબતો દર્દીના અસહકારને લીધે ક્યારેક વધુ તકલીફોમાં મૂકી દે તે દર્દીએ સમજવું જોઈએ.

ઉપર કહી તેવી તપાસ ઉપરાંત દાક્તર દર્દીના શરીરનું તાપમાન, શ્વાસોચ્છ્વાસની સ્થિતિ અને નાડીના ધબકાર વગેરે પણ તપાસે છે. અને એથી યે આગળ કેટલીક ખાસ તપાસ માટે લૅબોરેટરી ટેસ્ટ પણ જરૂરી બને છે જેના વિષે આપણે હવે પછી જોઈશું. (ચાલુ)

પત્નીની નજરે વિનોદ ભટ્ટ (અનુ. પૃ. ૧૪૨થી) નંબર બીજો આવ્યો'. બાળક હજુ વાક્ય પૂરું કરે તે પહેલાં જ પપ્પાએ સંભળાવી દીધું : 'આજથી "બાથ"માં જવાનું બંધ.' બાળકોને નંબર લાવવા બદલ પિતા તરફથી આ ઈનામ મળ્યું ! પછી મને કહ્યું : 'બાળકોને ખેલાડી બનાવવાના કોડ રહેવા દો; કોક દિવસ છોકરાં ખોઈ બેસશો.'

રેલવે સ્ટેશન પર ટ્રેઈન પ્રવેશે ત્યારે વાતાવરણમાં ગરમી આવી જાય છે તેમ તેઓશ્રીના ગૃહ-પ્રવેશ સાથે જ વાતાવરણ ધમધમી ઊઠે છે. રેડિયો મોટેથી વાગતો હોય તો છોકરાં દોડીને તે ધીમો કરી નાખે છે. જો તેમ કરવામાં ચૂકી જવાય તો તે રેડિયો કરતાં ય મોટા અવાજે બૂમ પાડે છે : 'આ હોટેલ નથી, ઘર છે.' (અમને પણ એ વખતે કહે-વાનું મન થાય છે કે આ ધર્મશાળા નથી, અમારું ઘર છે. પણ બીકનાં માર્યાં ચૂપ રહીએ છીએ.) એ રીતે જોવા જઇએ તો તે લોકશાહીની વાતો કરનાર ડિક્ટેટર જેવા છે. તેમના મિત્રો ઘેર મળવા આવ્યા હોય ત્યારે મોટેથી બોલવાનું તો બાજુ પર રહ્યું, અમારાથી છીંક પણ ના ખવાય !

સ્ત્રી-દાક્ષિણ્ય તો તેમનું જ. સ્ત્રીઓ સાથે વાત કરતાં તેમનો અવાજ થોડોક અસ્વાભાવિક બની જાય છે ને આંખો છે તેનાથી ય વધારે ઝીણી થઈ જાય છે. કોઈ કામ માટે તે ઉતાવળથી દોડી રહ્યા હોય ત્યારે અમે સમજી જઇએ છીએ કે એ કોઈ સ્ત્રીએ ચીંધેલું જ કામ હશે ! અમારી આ ધારણા આજ દિન સુધી તેમણે ખોટી પડવા દીધી નથી.

તેમનું આ સ્ત્રી-દાક્ષિણ્ય પકડાઈ ન જાય એ માટે તે પુરુષ મિત્રોનું કામ પણ ઉમળકાથી કરી આપે છે. આમ તો તે બધાનાં કામ હોંશથી કરી આપે છે—શરત માત્ર એટલી જ કે તે પત્ની ન હોવી જોઇએ.

બહુ વાટી નાખ્યું, નહિ ? આમ તો પાછા એ ઘણા ખેલદિલ છે. ગમે તેવા આપખુદ હશે તો ય તેમના વિષે ગમે તે લખવાની એમણે મને છૂટ આપેલી, એટલું જ નહિ, આ લેખ લખવા માટે તીક્ષ્ણ ધારવાળી તેમની પેન પણ આપેલી. આ લખ્યા પછી મેં તેમને પૂછ્યું : 'શું લખ્યું છે તે વાંચી સંભળાવું ?' તો કહે : "કોઈ 'ઍવરેજ' પત્ની દ્વારા પોતાના પતિ માટે લખાતા 'ઍવરેજ' લખાણ જેવું જ કાંઈક તેં લખ્યું હશે ને ? મારે નથી સાંભળવું." તેમનું આ વાક્ય સાંભળીને મને પહેલી જ વાર લાગ્યું કે બિચારા સાવ ભોળા છે... □

કલાવાર્તા

કલાકાર જગુભાઇ શાહ

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ આ વર્ષના આરંભમાં જેમનું બહુમાન કરીને નવાજ્યા એ કલાકાર શ્રી જગુભાઈ શાહના નામથી વાચકો કદાચ પરિચિત છે. હવે એમની એક કૃતિ આ અંકના મુખચિત્ર તરીકે આપી છે.

સૌરાષ્ટ્રના એક નાના ગામમાં ઈ. ૧૯૧૯માં એમનો જન્મ. બહુ બચપણમાં જ માતાપિતાની છત્રછાયા તેઓ ખોઈ બેઠેલા. સંજોગો એવા હતા કે અંગ્રેજી પાંચમા (આજના લગભગ નવમા) ધોરણ પછી અભ્યાસ છોડી દેવો પડચો, પણ ચિત્રકામમાં તેઓ પહેલેથી જ પારંગત એટલે વિધિવશ તેઓ મુંબાઈ પહોંચ્યા ત્યાં એ સમયના જાણીતા ચિત્રકાર 'કલાબ્ધિ'એ એમની આ શક્તિ પહેચાની અને એમની પ્રેરણાથી તેઓ ત્યાંની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં ચિત્રકલાના અભ્યાસ માટે દાખલ થયા. જ્યાં ૧૯૩૪માં ડિપ્લોમાની પરીક્ષામાં એ પહેલા નંબરે આવ્યા. એ દરમિયાન એમણે ત્યાંનું ડૉલી ખરશેદજી પ્રાઈઝ પણ મેળવેલું. પરીક્ષામાં પ્રથમ આવવા બદલ મ્યુરલ ચિત્રોની ટેકનિકના અભ્યાસમાટે એમને સરકારની શિષ્યવૃત્તિ મળી, અને ૧૯૩૫માં લૉર્ડ વિલિંગ્ડન પારિતોષિક પણ મળ્યું. વળી, એ કલાશાળાએ પ્રદર્શનાર્થે લંડન મોકલેલાં ચિત્રોમાં ઊંચી ગુણવત્તાને કારણે જગુભાઈનાં ચિત્રોનો પણ સમાવેશ થયો હતો.

પણ એ પછી એમને સિતારવાદનનો નાદ લાગ્યો અને ચિત્રકળાને બાજુએ રાખી એમણે એ શીખવા માંડેલું. પરંતુ 'કલાબ્ધિ'એ એમને ચિત્રશિક્ષણના કામ માટે બોલાવતાં ઈ. ૧૯૩૭થી ૪૦ એમણે મુંબાઇમાં નૅશનલ અકાદમી ઑવ ફાઈન આર્ટ ઍન્ડ કૉમર્શિયલ આર્ટમાં ઈન્સ્ટ્રક્ટર તરીકે કામ કર્યું. ત્યાંથી તેઓએ મદ્રાસ જઈ ત્યાંની કલાશાળામાં વિખ્યાત કલાકાર દેવીપ્રસાદ રાયચૌધરી પાસે એક વર્ષ શિલ્પકળાનો અભ્યાસ કર્યો ને તેમાં પણ સારી હથોટી સિદ્ધ કરી. દરમિયાન ત્યાં પોતાનાં ચિત્રોનું એક પ્રદર્શન પણ એમણે રજૂ કરેલું. એમની મહેચ્છા તો શાંતિનિકેતનમાં નંદબાબુ પાસે કલાભ્યાસ કરવાની હતી પણ તેમ બની શક્યું નહિ એટલે ૧૯૪૧માં તેઓ વેડછીના સ્વરાજ આશ્રમમાં કલાશિક્ષક તરીકે જોડાયા. ગાંધીજીના સ્વરાજ–પ્રાપ્તિ માટેનાં આંદોલનોના એ કાળમાં વેડછીમાંતેઓરાષ્ટ્રવાદ અને ગાંધી તત્ત્વચિંતનથી પૂરા પ્રભાવિત થયા હોઈ એમના ચિત્રસર્જનમાં પણ હવે તેની અસરો સ્ફુટ થવા લાગી. અસહકાર-આંદોલનોમાં ભાગ લઇને એમણે જેલની હવા પણ ખાધી. અને સાબરમતી જેલના એ વાસ દરમિયાન એમણે ત્યાં એકઠા થએલા સત્યાગ્રહી કેદીઓ માટે કલાના વર્ગો ચલાવેલા.

જેલમાંથી મુક્ત થયા પછી સૌરાષ્ટ્રના લોકજીવનને આલેખવાની ભાવના સાથે તેમણે ભાવનગરની 'ઘરશાળા' સંસ્થામાં કલાશિક્ષક તરીકે ૧૯૪૮ સુધી કામ કર્યું અને પછી '૫૦–'૫૧માં નવી દિલ્હીની વિખ્યાત શિક્ષણસંસ્થા 'જામિયામિલિયાઈસ્લામિયા'માંથી ટીચર્સ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટનો કલા-શિક્ષણનો ડિપ્લોમા મેળવીને એ જ સંસ્થામાં કલાના વ્યાખ્યાતા તરીકે જોડાઇ ૧૯૭૯ સુધી એ પદ સંભાળ્યું.

દેશના બહોળા વિસ્તારમાં ફરીને જગુભાઇએ આપણા લોકજીવનને ચિત્રિત કર્યું છે. પ્રકૃતિ-સૌંદર્યના પણ તેઓ એવા જ ચાહક છે અને કાશ્મીર, નૈનિતાલ, રાનીખેત, કુલુવેલી, મનાલી અને બદરીકેદાર પાસેના હિમાલયના પહાડી સૌંદર્યને પણ એમણે પોતાનાં ચિત્રસર્જનોમાં બહુ સુંદર રીતે ઉતાર્યું છે. વળી, વચ્ચે એમણે જયપુર ખાતે વનસ્થલી વિદ્યાપીઠમાં રહીને ભીંતચિત્રોની ખાસ તાલીમ પણ મેળવી છે.

મદ્રાસમાં એમણે પોતાનાં ચિત્રો પ્રદર્શિત કર્યાં તે પછી બે વાર અમદાવાદમાં અને ત્રણ વખત દિલ્હીમાં પણ એમણે વૈયક્તિક રીતે પોતાની કળા પ્રદર્શિત કરી છે. ઈ. ૧૯૭૩માં નવી દિલ્હીમાં એક વિશેષ વૈયક્તિક પ્રદર્શન કરી તેમાંથી થએલી આવકનો અર્ધો હિસ્સો એમણે રાષ્ટ્ર પ્રતિની પોતાની ભાવનાના પ્રતીકરૂપે સંરક્ષણ ફાળામાં આપી દીધો હતો.

આમ, મુખ્યત્વે એમની કામગીરી કલાશિક્ષણની રહી ને એમાં એમણે અનેક અચ્છા કલાકારો તૈયાર કર્યા, પણ આ દરમિયાન એમણે અનેક સ્થળે પોતાની કલાસેવા આપી છે. ૧૯૫૧માં જયપુરમાં ખાદી-ગ્રામોદ્યોગ પ્રદર્શન માટે એમણે ૫૦ જેટલાં સુશોભનો ને ચિત્રો બનાવેલાં. '૫૨માં પ્રજાસત્તાક દિને ગુજરાત રાજ્યની સાંસ્કૃતિક કુટિરનું શોભન અને સૌરાષ્ટ્રમાં ગોહિલવાડ કેળવણી શતાબ્દી મહોત્સવ પ્રસંગે તેને માટે સોએક જેટલાં સુંદર પોસ્ટરો પણ બનાવેલાં. એ જ વર્ષે કલાશિક્ષકોને અનુલક્ષીને બાળકો માટે કલાશિક્ષણની પદ્ધતિ અને સિદ્ધાંતો પર પણ એમણે એક પ્રદર્શન યોજ્યું હતું. વળી, જામિયા મિલિયાના શૈક્ષણિક મેળા તથા પ્રદર્શનોમાં પણ એમની કલાનો ઓપ આપતા રહ્યા હતા. અખિલ ભારતીય કૉંગ્રેસ અધિવેશનો વગેરેમાં મંડપો ને દ્વારનાં શોભનો, બાલકલાકારોને સાથે લઇ ગુજરાત-સૌરાષ્ટ્રનાં ગામડાંમાં જઈને કરેલાં ચિત્રો ને શોભનો, ઉપરાંત જયપુર–ભાવનગરમાં ગ્રામોદ્યોગ પ્રદર્શનોની કલાશોભા વગેરેમાં પણ અનેક સ્થળે અનેક રીતે એમની કલાનો પાશ તેઓ આપતા રહ્યા હતા. વેડછીના સ્વરાજ આશ્રમમાં, જયપુરની વનસ્થલી વિદ્યાપીઠમાં, ભાવનગરની 'ગાંધીસ્મૃતિ'માં, સણોસરાની લોકભારતી ગ્રામશાળામાં, અમદાવાદ રાજભવનમાં, નવી દિલ્હીની સાહિત્ય અકાદમીમાં ને મુંબાઈની જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં એમણે કરેલાં ભીંતચિત્રો ને કલાશોભનો આજે યે જોવા મળે છે.

એમનાં કલાસર્જનોમાં મુખ્યત્વે ગાંધી-વિચાર અને વિશ્વબંધુત્વની ભાવના નજરે ચડે છે. માનવજીવનને એમણે અનેકવિધ રીતે આલેખ્યું છે તો પોતાની ગૂઢ ચૈતસિક અનુભૂતિઓને પણ એમણે પ્રતીકાત્મક અને અમૂર્ત રૂપે પ્રકટ કરી છે. જલરંગમાં કરેલાં એમનાં દૃશ્યચિત્રોમાં એમની પીછીના લસરકા અને રંગમિલાવટમાં એમણે વરસતા વરસાદ કે પર્વતીય પ્રદેશના ઘડીઘડીમાં પલટાતા હવામાનને ઉતારી લેવામાં એમણે અજબ ત્વરા અને કલાસૂઝ દાખવ્યાં હોવાની પ્રતીતિ મળે છે. તૈલરંગી ચિત્રો અને તે પછી તેમાં પીછીના ઉપયોગને વર્જ્ય કરીને અજમાવેલી 'નાઈફ વર્ક'ની પદ્ધતિ પર પણ એમનો કાબૂ દેખાઈ આવે છે. એમનાં ચિત્રોમાં ભારતીય પ્રણાલિઓની અસર જોવા મળે છે તેમ કેટલીક કૃતિઓમાં એમણે કરેલા ભૌમિતિક આકારના ઉપયોગમાં એમની પ્રયોગશીલતા પણ પ્રકટ થાય છે. પરંતુ આવા પ્રયોગો પણ તેમણે ભારતીય જીવનની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક પરંપરાનો ત્યાગ ન કરતાં રંગ અને આકારના પ્રતીકોને પ્રાધાન્ય આપ્યું છે.

જગુભાઈનાં પત્ની વનલીલાબહેન પણ એક અચ્છાં ચિત્રકાર છે. અમદાવાદના રાષ્ટ્રીય ભાવનાથી ખ્યાત કિનારીવાળા પરિવારનાં એ પુત્રી છે. અમદાવાદની ગુજરાત કૉલેજના શહીદ વિનોદ કિનારીવાળાનાં એ બહેને પણ આઝાદીની ચળવળો વખતે જેલયાત્રા કરી હતી. આમ, આ કલાકાર પતિપત્ની વચ્ચેનું સખ્ય 'સમાનશીલ વ્યસનેષુ' છે.

ચાર દાયકાથી યે વધુ સમયની જગુભાઈની કલા-ઉપાસના હજી યે જારી છે. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ એમને આપેલું રૂ. ૧૦૦૦ તથા શીલનું બહુમાન અનેક અનિશ્ચિત પરિસ્થિતિઓ વચ્ચેથી પ્રસ્થાન થઇને એમણે કરેલી કલાસાધનાનું એક સુયોગ્ય ફળ છે. □

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

મે ૧૯૫૪ · સળંગ અંક ૩૬૫

'આ તમે જાણતા હતા?' એ નાની લેખમાળાનો, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો 'સૂરજ' વિષેનો લેખ:

વ્યાપારમાં થતી તેજી ને મંદી, દેશો પર પડતા દુકાળ કે સુકાળ, આપઘાત, ગુંડાગીરી કે છૂટાછેડા...પૃથ્વી પર થતી આ બધી વસ્તુઓ સૂરજને કારણે થાય છે!

દૂરબીન વડે સૂરજનું નિરીક્ષણ કરતાં તેના ઉપર જે કેટલાક કાળા ડાઘ દેખાય છે તે જ આ બધાંનું કારણ છે એમ કેટલાક વૈજ્ઞાનિકોની ગણતરી છે. આ સૂર્યકલંક ('સનસ્પૉટ') અમુક નિયત સમયે જ તે પર દેખાયા કરે છે, અને એ એવડા તો મોટા હોય છે કે એકેક ડાઘના પોલાણમાં આપણી અનેક પૃથ્વીઓ ગરક થઈ જાય! આ ડાઘને તેજ ઝરતી ગરમ વરાળની બૅન્કો તરીકે ઓળખાવી શકાય.

આપણી પૃથ્વીથી નવ કરોડ ને ત્રીસ લાખ માઈલ દૂર આવેલો હોવા છતાં સૂરજનો તાપ ઉનાળામાં આપણને કેવો દઝાડી મૂકે છે! પૃથ્વી પરનું સઘળું જીવન સૂરજને જ આભારી હોવા છતાં એના અત્યારના કદમાં જો થોડાક જ હજાર માઈલની વધઘટ થાય તો તમામ જીવસૃષ્ટિ પ્રજળી જઇને મૃત્યુવશ બને; એનું ઉષ્ણતામાન બેએક હજાર વરસ સુધી અત્યારના કરતાં માત્ર ત્રણ અંશ ફારનહાઈટ ઘટી જાય તોપણ પૃથ્વીએ ભૂતકાળની માફક ફરી એક વાર મહાન હિમયુગ અનુભવવો પડે! સૂરજ દ્વારા આપણી પૃથ્વીને ચોવીસ કલાકમાં જેટલી ગરમી મળે છે એટલી ગરમી તો ૧૦૦ માઈલ લાંબા, ૮૦ માઈલ પહોળા અને ૫૦૦૦ ફૂટ જાડા બરફના ગચિયાને પિગાળી નાખે.

આપણી પૃથ્વી જેવા તો દસ લાખથી યે વધારે ગોળા સૂરજના ઉદરમાં સમાઈ જાય! પણ પૃથ્વી જેટલો તે ઘટ્ટ ન હોવાથી વજનમાં તો તે પૃથ્વીથી માત્ર ત્રણ લાખ ને ત્રીસ હજાર ગણો જ છે. આપણી પૃથ્વીનો એની આસપાસ ફરવાનો માર્ગ લંબગોળ હોવાથી બંને વચ્ચેના અંતરમાં વધઘટ રહ્યા કરે છે, પરંતુ પ્રારંભમાં જણાવેલા એ નવ કરોડ ને ત્રીસ લાખ માઈલનું સરેરાશ અંતર, કલાકના ચાળીસ માઈલની ઝડપે ચાલનારી રેલ્વે ટ્રેનથી કાપવું હોય તો એનું પ્રવાસભાડું માઈલદીઠ એક આનો ગણતાં પંચાવન લાખ સાડાબાર હજાર રૂપિયા થવા જાય!

લાખોના ખર્ચે અણુને ભાંગીને મેળવેલી શક્તિમાંથી ઉત્પન્ન થએલા અણુ બૉમ્બ અને હાઇડ્રોજન બૉમ્બનાં નામ આપણે આજે સાંભળીએ છીએ; પણ સૂરજ એ તો જાણે અણુભંજનનું કારખાનું જ છે. પ્રત્યેક પળે તેમાં હાઇડ્રોજનના અણુઓ ફૂટતા જઇને હેલિયમમાં રૂપાંતર પામતા જાય છે. સૂર્યનો સઘળો શક્તિસ્રોત આ અણુવિભાજનમાં જ રહેલો છે, અને એ શક્તિને જુદા જુદા ઉપયોગમાં વાળવાના વિજ્ઞાનીઓના પ્રયાસ ચાલુ છે. કોલસા વગર સૂરજની ગરમીથી જ રસોઈ તૈયાર થઈ જાય એવા 'સન-કૂકર'ની વાત તો આપણે થોડા વખત પર સાંભળી હતી. પરંતુ સૂરજ વિષે પ્રમાણભૂત ગણાતા પ્રસિદ્ધ અમેરિકન વિજ્ઞાની ડૉ. સી. જી. ઍબટે તો કોલસા, ગૅસ કે વીજળી વિના કેવળ સૂરજની સંચિત કરેલી ગરમીથી ચાલતું એક 'સ્ટીમ એન્જિન' બનાવેલું! જર્મન વિજ્ઞાનીઓ વળી ગયા યુદ્ધ-સમય દરમિયાન એક એવી તોપ ('સન ગન') બનાવવાના પ્રયોગ કરી રહ્યા હતા કે જેને પૃથ્વીથી ૫૦૦૦ માઈલ ઊંચે અવકાશમાં સ્થિત કરીને તેના એક પ્રબળ આયના વડે સૂરજની ગરમી ફેંકીને પૃથ્વીના કોઈ પણ ભાગને બાળીને ખાખ કરી નાખી શકાય!

પૂનમના દિવસે ચન્દ્રનું અજવાળું રોજના કરતાં વધારે હોય છે; પરંતુ પૂર્ણિમાના એવા દસ લાખ ચંદ્રોના કરતાં યે સૂર્યનો પ્રકાશ વધુ જાજ્વલ્યમાન છે. હમણાં થોડો સમય થયાં 'હેલિયોસ્ટાટ' નામની એક શોધ પેટન્ટ કરવામાં આવી છે. જે વડે સૂર્યની ગરમી નહિ પણ કેવળ તેનો પ્રકાશ જ સંચિત કરવામાં આવે છે, અને એવા એક જ યંત્ર વડે મોટા મોટા એક સો ખંડને અજવાળી શકાય છે!

વળી મકાન બાંધકામના વિજ્ઞાનમાં ભવન-નિષ્ણાતો એવા ખાસ બનાવટના છાપરાની શોધ કરી રહ્યા છે જે દ્વારા સૂરજની ગરમીનો સંચય કરીને તે ભોંયરામાં સંઘરી રાખી શકાય. રશિયાએ તો પોતાને ત્યાંના મુલકોમાં વિશાળ સ્નાનાગારોનું પાણી ગરમ રાખવા માટે, તે પર સૂર્યની ગરમી સંઘરતા કાચના જંગી ઘૂમટો બાંધેલા જ છે. એમાં થઈને નીચે ઊતરતા નળોમાંથી નાહનારાને ૭૦ અંશ ફારનહાઈટ જેટલું ગરમ પાણી મળી રહે છે.

વિષુવવૃત્ત પરના પ્રદેશો કરતાં ઉત્તર અને દક્ષિણ ધ્રુવને વધુ સૂર્યપ્રકાશ મળે છે, ને બંને ધ્રુવના વચગાળે આવેલા કોઈ પણ સ્થળ કરતાં દર વર્ષે ૬૫ કલાક વધુ સૂર્યપ્રકાશ એ પ્રદેશો મેળવે છે. આનું કારણ સૂર્યકિરણોના પરાવર્તન (રિફ્રૅક્શન)માં રહેલું છે. આ પરાવર્તનને કારણે સૂરજ ખરેખર ડૂબી ગયા છતાં તે કેટલાક સમય આપણને ક્ષિતિજ પર દેખાતો રહે છે. વર્ષભરમાં એવી દૃશ્યમાનતા વિષુવવૃત્ત પર ૪૦ કલાક વધે છે, જ્યારે ધ્રુવબિંદુઓ પર તો તે ૧૦૦ કલાકનો ઉમેરો કરે છે.

દૂરબીન વડે સૂરજને જોતાં તેના પૃષ્ઠ ઉપરથી મોટી જ્વાળાઓ ઊડતી દેખાશે આ જ્વાળાઓની ઊંચાઈ ૩ લાખ માઈલની એટલે કે આપણી પૃથ્વીના પરિઘથી દસગણી હોય છે! પરંતુ આ બધું જાણીને સૂરજના કદથી અંજાઈ ન જતા. વિશાળ વ્યોમમાંના બીજા તેજ:પુંજોના પ્રમાણમાં તો એનું આવડું વિપુલ કદ પણ તદ્દન નાચીઝ બની રહે છે. દાખલા તરીકે M 13 નામનો દૂરદૂરનો એક તારો સૂરજ કરતાં યે અઢીલાખ ગણો પ્રકાશ ફેલાવે છે, જે જોતાં સૂરજ તો બિચારો સર્ચલાઈટ સામે એકાદ મીણબત્તી જેવો જ ગણાય!

ઈ. પૂ. ૨૧૨માં ગ્રીક વિજ્ઞાની આર્કીમીડિસે સાઈરાક્યુઝના બારામાં આક્રમણ કરી આવેલાં રોમન જહાજોને, સૂર્યનો સંચિત પ્રકાશ પાછો ફેંકતા આયનાઓ વડે સળગાવી દેવાનો પ્રયોગ કરેલો, તે દિવસથી માંડી આજ સુધી સૂર્યની ગરમી અને પ્રકાશના વિનિયોગના જે અનેકવિધ પ્રયોગો આ બે હજાર વરસમાં ચાલતા આવ્યા છે તેમાં ઈ. સ. ૧૮૯૦માં સૂર્યપ્રકાશને વાદ્યસંગીતરૂપે યોજવાનો પ્રયોગ પણ નોંધપાત્ર છે! યુરોપના કેટલાક ભાગોમાં સૂર્યના પરાવર્તિત પ્રકાશને કારણે 'ઉત્તર પ્રકાશસ્તંભ' નામનો એક તેજસ્તંભ રચાય છે જે 'નૉર્ધર્ન લાઈટ્સ' અથવા 'ઑરોરા બોરીએલીસ'ના નામથી ઓળખાય છે. તેમાંથી તો અવાજ સાંભળી પણ શકાય છે!

સૂર્યપ્રકાશમાં રહેલાં અલ્ટ્રા-વાયોલેટ કિરણો આરોગ્ય માટે ઘણાં લાભપ્રદ છે. આથી આર્યોના કાળથી આપણે ત્યાં સૂર્યનમસ્કાર અને ગાયત્રીજપનો મહિમા છે. પણ વધુ વખત તડકામાં રહેવાથી ચામડી પર—ખાસ કરીને ગોરી ચામડી પર—ખરાબ અસર પણ થાય છે. એટલા માટે તો હોલીવૂડના સિનેમા-ઉદ્યોગે ત્યાંનાં સિનેમા-સ્ટારોને નહિ જેવાં કપડાં સાથે સૂર્યસ્નાન કરવાની મનાઈ ફરમાવી છે: કેમ કે, કહેવાય છે કે ત્યાંના સિનેમા-ઉદ્યોગે એ કારણે સિનેમા-સ્ટારોમાં આવેલી માંદગીને પરિણામે દસ લાખ પૌંડ ગુમાવ્યા છે!

સૂર્યસ્નાન દ્વારા શરીરને જોઇતો અલ્ટ્રા-વાયોલેટ પ્રકાશ મળી રહ્યો કે નહિ એ માપવા માટે અમેરિકામાં 'સનબર્નિંગ મીટર' પણ શોધાએલું છે. સામાન્યત: એના ૧૨૫ યુનિટ શરીર માટે પૂરતા ગણાય છે. □

સાહિત્યસંપર્ક

Image (ઇમેજ)

પ્રફુલ્લ રાવલ

તે રમ્ય રાત્રે
ને રાત્રિથી યે રમણીય ગાત્રે
ઊભી હતી તું ઢળતી લતા સમી
ત્યાં બારસાખે રજ કાય ટેકવી.

—સુન્દરમ્

કોઈ એક રમ્ય રાત્રે પ્રિયતમે પોતાની પ્રિયતમાને બારસાખે પ્રતીક્ષા કરતી અહીં ચિત્રિત કરી છે. આ શબ્દચિત્ર એક તાદશ ચિત્ર જેવું રમણીય ભાસે છે. વાસ્તવમાં એ ચિત્ર નથી, પરંતુ કવિએ શબ્દો વડે કાલ્પનિક ચિત્રની ભ્રાંત પ્રતીતિ કરાવી છે. આ ભ્રાંતિના મૂળમાં છે કવિએ અનુભવેલ અનુભૂતિનું પ્રગટીકરણ. ચર્મચક્ષુએ જે દશ્ય નિહાળ્યું ને તેની અસર માનસપટ પર થઈ તેનું શબ્દ દ્વારા પુનર્નિર્માણ, તે છે ઇમેજ. આમ, એ અનુભૂતિની છાપ (ઇમ્પ્રેશન)માંથી જે પ્રતિકૃતિ—પ્રતિબિંબ રચાય છે તે ઇમેજ. જેને ભાવચિત્ર કહી શકાય, પ્રારંભે મૂક્યું છે તે વિરહાકુલ પ્રિયતમાનું ભાવચિત્ર છે. એ ઇમેજનું એક સુંદર ઉદાહરણ છે.

આ 'ઇમેજ' સંજ્ઞા માટે 'પ્રતિરૂપ', 'બિંબ', 'ચિત્રકલ્પ', 'કલ્પન' ઇત્યાદિ જેવા પર્યાયો ગુજરાતી વિવેચનમાં પ્રયોજાય છે. વાસ્તવમાં એમાંનો કોઈ પણ પર્યાય ઇમેજના મૂળ ખયાલનું શુદ્ધ સ્વરૂપ વ્યક્ત કરવા સમર્થ નથી. ઇમેજ માટેના ભાવને અભિવ્યક્ત કરવા અન્ય પર્યાયો કરતાં 'કલ્પન' સવિશેષ નિકટ હોવાથી મહદ અંશે 'કલ્પન'ને સુયોગ્ય લેખી ઇમેજના સ્થાને પ્રયોજવાનું વલણ છે.

કાવ્યમાત્રમાં કલ્પનાનું મહત્ત્વ છે. વિશાળ અર્થમાં કલ્પનાવિહીન કાવ્યાકૃતિ શક્ય નથી. કલ્પના સુંદરતાને જેમ વ્યક્ત કરે છે તેમ તે અસુંદરતા પણ વ્યક્ત કરી શકે છે. કાવ્યની કલ્પના ઊર્મિ આધીન હોય છે. આધુનિક કાળમાં કલ્પનાના સહારે સર્જકો પોતે અનુભવેલી અનુભૂતિને ભાવક આસ્વાદે ને તે થકી પરિતોષ પ્રાપ્ત કરે તેવી કેન્દ્રાનુગામી પ્રવૃત્તિથી જે સંસ્કારચિત્ર—ભાવચિત્રનું શબ્દશિલ્પ અંકન કરે છે તે ઇમેજ. આ ઇમેજને Reverdy 'શુદ્ધ માનસસર્જન' (pure creation of the mind) કહે છે. સુરેશ જોશી તેને 'ચિત્રકલ્પ' તરીકે ઓળખાવે છે અને એ 'કાવ્યની અંદરનું focal point બની રહે છે એમ માને છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી 'પ્રતિરૂપ' તરીકે ઓળખાવી, ચક્ષુવિષયક કલ્પનાને સ્પર્શતી સંજ્ઞા હોવાનું માન છે. હરિવલ્લભ ભાયાણી ઇમેજના વિવિધ પર્યાયોમાં 'બિંબ'ના સમાવેશ કરીને 'બિંબવાદ' (imagism)નો નિર્દેશ કરે છે. વળી બિંબ (image) એટલે તે કે જે વિચાર કે ભાવનાકોઈ સંકુલન એક ક્ષણે પ્રસ્તુત આપે છે, અને તે દ્વારા ભાવકને સદ્યોમુક્તિનો, સદ્ય હૃદયવિકાસનો અપરોક્ષ અનુભવ કરાવે છે.' (જુઓ: 'કાવ્યનું સંવેદન' પૃ. ૯૭)

કોઈ એક પ્રસંગના સંસ્કારની છાપ (ઈમ્પ્રેશન) સર્જકના માનસ પર પડીને જે મનોગત સંસ્કારચિત્ર સર્જકના પોતાના ભાવથી ચિત્રિત થાય તે ઇમેજ. આ ઇમેજ ભાવસંસ્કાર ને કવિકર્મ પર અવલંબિત છે. ઇન્દ્રિયગોચરતા ઇમેજમાં અનિવાર્ય છે. શબ્દોમાં જે શક્તિ છે તેનો વિસ્તાર આ ઇમેજ દ્વારા થાય છે. પ્રત્યેક શબ્દના અન્યોન્ય સંબંધનો દશ્યાત્મક ને સંસ્કારાત્મક આવિષ્કાર કરવામાં ઇમેજનો વિનિયોગ થાય છે. ઇમેજનું કોઈ ચોક્કસ સ્વરૂપ નક્કી ન કરી શકાય, પરંતુ પ્રતીક (સિમ્બૉલ) જે છાપ (ઈમ્પ્રેશન) મૂકે છે તે તત્કાલીન શબ્દમાં સ્થિત રહે છે ને કાવ્યની ગતિ સાથે નવો સંસ્કાર માનસપટ પર અંકિત થાય છે, જ્યારે ઇમેજ કેન્દ્રાનુગામી ચિત્રાવલિ પ્રસ્તુત કરે છે જેથી સંસ્કારિત ભાવચિત્ર સતત કેન્દ્રસ્થ રહીને એક ભાવગર્ભિત શબ્દચિત્ર ઉપસ્થિત થાય છે. આ શબ્દચિત્રમાં શબ્દચિત્ર સ્વયં તેનાઉત્તમાંશે પ્રસ્ફુર છે. એમાંથી દશ્યાવલી સર્જાય છે.

ઇમેજ એટલે શબ્દચિત્ર. એમાં ભાવનું પ્રાધાન્ય છે. ભાવ જ એના અસ્તિત્વના મૂળમાં છે. અમૂર્ત ભાવને મૂર્ત કરવા સર્જક જે સાદશ્ય શબ્દચિત્ર રચે છે તે જ ઇમેજ એવું સાદું સમીકરણ એના સ્વરૂપને સમજવામાં સહાયભૂત થાય. ઇમેજથી કવિતાનું રૂપવિધાન વિકસે છે ને ભાષાની વિવિધતાને વ્યક્ત કરી શકાય છે. કવિતાના આંતરતત્ત્વને પામવા અર્થે ઇમેજ ઉપયોગી છે.

ઈમેજના સ્થિર ને ગતિશીલ એવા બે પ્રકારમાં લયનુ મહત્ત્વ સવિશેષ જણાય છે. સુન્દરમનું પ્રારંભે મૂકેલું ઈમેજ સ્થિર છે. ગતિશીલ ઈમેજનું ઉદાહરણ જુઓ:

નિશીથ હે! નર્તક રુદ્રરમ્ય!
સ્વર્ગંગનો સોહત હાર કંઠે,
કરાલ ઝંઝાડમરુ બજે કરે,
પીછાં શીર્ષે ઘૂમતા ધૂમકેતુ,
તેજોમેઘોની ઊડે દૂર પામરી.
હે સૃષ્ટિપાટે નટરાજ ભવ્ય!

—ઉમાશંકર જોષી

સિમ્બૉલની જેમ ઈમેજ પણ પ્રત્યેક ક્ષેત્રે સર્જકની અભિવ્યક્તિશક્તિ દ્વારા કારગત નીવડી શકે છે. અલબત્ત સર્જકના સર્જનની નિજી તાકાત હોવી જોઇએ. સ્ટીફન સ્પેન્ડરના એક કાવ્યમાંનું ઈમેજ આહ્લાદક પ્રતીતિ કરાવે છે.

The waves
Like wires burn with the sun's
copper glow.

એવું જ સુરેખ ઈમેજ છે સિતાંશુ યશશ્ચન્દ્રનું:

–તે,
એક પગ પીછામાં ખેંચી લઈ,
આંખ પર ઢોળાશ ઢાળી દઈ,
જરી જરી વારે કોઈ મંત્રોચ્ચાર કરતું
અલૌકિક કપોત
ચોંકી, ફફડી, ઊડી જાય છે.

પક્ષીની પ્રવૃત્તિના આ સુરેખ ઈમેજ સાથે જ વાડીલાલ ડગલીનું બાળક–સાગરઉભયનું ઇમેજ પણ એટલું જ આસ્વાદ્ય લાગશે:

કાંઠા પાસેના જળમાં
ડૂબકી મારીને
રેતી પર હડિયાપાટ કરતા
બાળકના ચહેરાની
તાજગી સાગર પર તરે છે.

પ્રકૃતિનાં વિધવિધ રૂપો ઈમેજ દ્વારા આવિષ્કાર પામી શકે છે. એ કાવ્યને નવું પરિમાણ આપે છે. □

નવાં પ્રકાશનો

સરદાર પટેલ: પસંદ કરેલો પત્રવ્યવહાર—૧૯૪૫-૧૯૫૦ ખંડ ૧-૨: ભારતના લોખંડી પુરુષ તરીકે પંકાએલા સરદાર વલ્લભભાઈ પટેલનો સમસ્ત પત્રવ્યવહાર કુલ દસ ગ્રંથોમાં તૈયાર થયો હતો, તેમાંથી અગત્યના ચૂંટેલા પત્રો અહીં બે ભાગમાં સરદારશ્રીના મંત્રી શ્રી વી. શંકરે સંગૃહીત કરી આપ્યા છે, જેનો ગુજરાતી અનુવાદ સર્વશ્રી યશવંત દોશી, નગીનદાસ સંઘવી અને દીપક મહેતાએ કર્યો છે. ભારતની આઝાદી પહેલાંનાં નજીકનાં વર્ષો અને આઝાદી પછીનાં તરતનાં વર્ષોમાં થએલો સરદારશ્રીનો આ પત્રવ્યવહાર એમની રાજકીય સૂઝ સમજશક્તિનો ને વ્યક્તિત્વનો દ્યોતક તો છે જ, પણ સાથેસાથે તત્કાલીન રાજકીય પ્રવાહો અને પરિસ્થિતિઓ પર પ્રકાશ પાથરતો હોઈ રાજકારણમાં રસ ધરાવનાર સહુને માટે મહત્ત્વની વાચનસામગ્રી પૂરી પાડી રહે છે. (પ્રકા. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૧૪; પ્રત્યેકનું પાકું પૂઠું, પ્રત્યેકનાં પૃ. લગભગ ૬૪૦, પ્રત્યેકની કિં. રૂ. ૫૦.)

ગાંધીજીનો અક્ષરદેહ-૪૬: ગાંધીજીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેના સંગ્રહની શ્રેણીના આ ૪૬મા ખંડમાં એપ્રિલ ૧૬થી જૂન ૧૭, ૧૯૩૧ સુધીના બે માસનો ગાળો આવરી લેવાયો છે. પરસ્પર વિશ્વાસની ભૂમિકાએ સહ-

કારની ભાવનાથી કામચલાઉ સમાધાન થયું તેને વળગી રહી ગાંધીજી પ્રવૃત્ત રહેવા મથતા હતા, પરંતુ સરકારી અધિકારીઓને એ વલણ જચતું નહોતું. વળી, હિન્દુ-મુસ્લિમ એકતા, હિંસાવાદ, સ્ત્રી-જાગ્રતિ એમ અનેક અન્ય પ્રશ્નો એમની સામે હતા. આ બધામાં ગાંધીજીએ જે રીતે કામ કર્યું તેની ઝાંખી અહીં સમ્યક્‌રીતે કરાવવામાં આવી છે, તેની સાથેસાથે તત્કાલીન ભારતીય રાજકારણનો ચિતાર પણ જોવા-જાણવા મળી રહે છે. (પ્રકા. ઉપર મુજબ; પાકું પૂઠું, પૃ. ૪૫૪, રૂ. ૧૬-૫૦.)

આપણી લોકસંસ્કૃતિ: આપણી લોકસંસ્કૃતિનો આછો પણ શ્રદ્ધેય આલેખ આપતા અને તેનાં વિવિધ પાસાંની છણાવટ કરતા ખૂબ ઉપયોગી નીવડેલા શ્રી જયમલ્લ પરમાર લિખિત આ ગ્રંથની લાંબાવખતની અપ્રાપ્યતાની ખોટ આ બીજી આવૃત્તિના પ્રકાશનથી પુરાઈ છે. (પ્રકા. ભારતી સાહિત્ય સંઘ લિ., ફર્નાન્ડીઝ બ્રિજ, ગાંધી રોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૪૦૦, રૂ. ૨૦.)

લોકસાહિત્ય અને સંસ્કૃતિ–પુસ્તક પહેલું: લોકસાહિત્યના ક્ષેત્રે નિષ્ઠાથી કામ કરનાર શ્રી જયમલ્લ પરમારના એ વિષયના અનુભવ અને અભ્યાસના નીચોડરૂપ નવ લેખોનો આ સંચય લોકસાહિત્યમાં રસ દાખવનાર સહુ વાચકો–અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે. (પ્રકા. પોતે જ, ૧૩, જાગનાથ પ્લૉટ, રાજકોટ; પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૨૦.)

ગુલમહોરની નીચે: શ્રી રાજેન્દ્રસિંહ રાયજાદાની ટૂંકી વાર્તાઓ અને લઘુકથાઓનો આ પ્રથમ સંગ્રહ લેખકની કલાસૂઝ ને સ્પંદનશીલ હૈયાની ઝાંખી કરાવી જાય તેટલો સત્ત્વશીલ બન્યો છે. તેમાંની કૃતિઓ આ અગાઉ પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકટ થઈ ગએલી છે એ પણ એની ગુણવત્તાનું સૂચક એક ચિહ્ન ગણી શકાય. પાત્રમાનસના ઊંડાણમાં પ્રવેશ કરી એને સહજ રીતે પ્રકટ કરવામાં કે કુટુંબજીવનના ઊર્મિગર્ભ પ્રસંગોને સંવેદનશીલતાથી નિરૂપવામાં લેખકને સારી ફાવટ છે તેની પણ અહીં પ્રતીતિ થયા વગર રહેશે નહિ. લેખક પાસેથી વધુ ઉમદા કલાકૃતિઓ પ્રાપ્ત કરવાની આશા જન્માવે તેવો આ એમનો પ્રથમ સંગ્રહ આવકાર્ય છે, (પ્રકા૦ આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ રોડ અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૧૪૯, રૂ. ૮-૨૫.)

જીવનમાં સફળતા મેળવવી છે? જીવનઘડતર અંગેના મનનીય લઘુ લેખોના આ સંગ્રહના લેખક છે 'નવચેતન'ના તંત્રીશ્રી મુકુન્દ પી. શાહ. એની આ બીજી આવૃત્તિ એની ઉપયોગિતા પુરવાર કરે છે. (પ્રકા. કુસુમ પ્રકાશન, ૬૧/એ, નારાયણનગર, સરખેજ રોડ, અમદાવાદ-૭; કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૨-૫૦.)

શ્રી વીરકથામૃત ભાગ ૧: શ્રી વીરજીસ્વામીએ મનુષ્યજીવનમાં ઉપયોગી થાય તેવાં પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ ઐતિહાસિક તેમ જ દંતકથાઓમાંથી જે દૃષ્ટાંતો પોતાનાં વ્યાખ્યાનોમાં વણી લીધાં હતાં તેનો આ સુપથ્ય સંગ્રહ સંપાદિત કર્યો છે સર્વશ્રી ગુલાબચંદ્ર સ્વામી, રૂપચંદ્ર મહારાજ તથા નવલચંદ્રજી મહારાજે. (પ્રકા. શ્રી વીર જ્ઞાન ભંડાર, મુ. બચાઉ (કચ્છ); પાકું પૂઠું. પૃ. ૨૮૪, રૂ. ૩-૫૦.)

ઝંઝા: શ્રી હિંમત ખાટસુરિયાની સાઠ ગઝલોનો આ સંગ્રહ આઝાદ ભારતની અને તેનાં સમાજ-લોકોની જે અવદશા થઈ છે તેનો આક્રોશ સ્પંદ બુલંદપણે પ્રકટ કરે છે. (પ્રકા. વિશ્વકાંતિ પ્રકાશન, રાણીકા, ભાવનગર; કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૨.)

માનસરોવર: પ્રેમનાં વિરહ ને મિલન બે પાસાંને તાણાવાણાની જેમ ગૂંથી માધુરીનું ઘટ્ટ પોત ઉપસાવતી આ સુવાચ્ય નવલકથાના લેખક છે શ્રી નવનીત સેવક. (પ્રકા. ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.: સંસ્થાવસાહત, રાવપુરા, વડોદરા; પાકું, પૃ. ૨૪૮ રૂ.૯-૨૫)

સાતત્ય: આધુનિક માનવની અને તેના મનની સમસ્યાઓને ગદ્યકાવ્યોમાં પ્રકટ કરતો સુરેશ દલાલનો આ કાવ્યસંગ્રહ એના સંવેદનની ધાર અને ગદ્યછટાને લઈ ને વાંચવો ગમશે. (વોરા ઍન્ડ કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૮.)

છાકમછલ્લો: શ્રી સુરેશ દલાલનાં મનભર બાલકાવ્યોનો આ સંગ્રહ સૌ બાળકોને આનંદની રસલ્હાણ કરશે. (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, રૂ. ૫)

ફૂલડાં: મધુર બાલકાવ્યોનો આ સંગ્રહ તેના સર્જક હેતલ મોદી પાસેથી ભાવિમાં વધુ સારાં કાવ્યોની અપેક્ષા જગાડે તેવો છે. (પ્રકા. સાહિત્ય સંગમ, ગોપીપુરા, સૂરત-૧; કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૨)

હું એટલે તમે: શ્રી વિજય શાહના આ પ્રથમ કાવ્યસંગ્રહની રચનાઓ જોતાં લાગે છે કે એમની પાસે કાવ્યસ્પંદ છે, પણ એને અભિવ્યક્ત કરવા માટે સુયોગ્ય ભાષાશૈલી અને લઢણની ઓછપ આડે આવે છે. અનેક સારી રચનાઓની પ્રાપ્તિ માટેનો આ કાવ્યવ્યાયામ એ રીતે પણ આવકાર્ય છે. (પ્રકા. હેતલ પ્રકાશન, શ્રદ્ધા, કલ્યાણબાગ, અમદાવાદ-૨૨; કાચું પૂઠું, પૃ. ૪૦, રૂ. ૪)

કવિ નાનાલાલ: ડૉ. ઈશ્વરલાલ ર. દવે નાનાલાલના અભ્યાસી અધ્યાપક છે એ નાતે નાનાલાલની જન્મશતાબ્દી નિમિત્તે કવિવરનાં વિવિધ લાક્ષણિક કવિપાસાંને અહીં સંક્ષેપમાં ચર્ચી સમ્યક્ અંજલિ આપી છે. (પ્રકા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫; કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧-૭૫)

લીલાછમ ગુલમહોરની મુરઝાતી છાયા: કોઈ સ્વસ્તિક એડવર્ટાઇઝિંગ એજન્સી પ્રા. લિ.ના ચીફ આર્ટિસ્ટ સંકેતના કુટુંબજીવનની, એનાં આશા-અરમાનોની ને એનાં પરિણામોની રસમય શૈલીમાં, છતાં નબળા મુદ્રણમાં, કંડારાએલી શ્રી શૈલેન રાવળની આ પ્રથમ લઘુ નવલ રૂઢ ફાલમાં ઉમેરો કરે છે. (શ્રી સંજય બુક સ્ટોર્સ, હવેલી રોડ, સાવરકુંડલા; કાચું પૂઠું, પૃ. ૭૮, રૂ. ૬-૫૦.)

અનંત ચતુષ્ક: ગાય એ ભારતની સમૃદ્ધિનું એક આર્થિક એકમ છે. ગોવધથી આ દેશની સંપત્તિ અને સમૃદ્ધિને કેવી આંચ આવી છે તે આ પુસ્તકમાં શ્રી વેણીશંકર મુરારજી વાસુએ નિરૂપ્યું છે. (પ્રકા. લેખક પોતે જ, બજાજ વાડી, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ, (પશ્ચિમ), મુંબઇ ૫૪; પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૮.)

મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી: વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપક મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીનું સંક્ષિપ્ત પણ શ્રદ્ધેય જીવનચરિત્ર જાણીતા વિદ્વાન અને પરમ વૈષ્ણવ શ્રી કેશવરામ કા. શાસ્ત્રીએ સરળ શૈલીમાં તૈયાર કર્યું છે તે સંપ્રદાયજનો અને સામાન્ય જિજ્ઞાસુઓને પણ પ્રેરણાદાયી વાચનસામગ્રી પૂરી પાડે તેવું છે. વળી, બધા જ વૈષ્ણવાચાર્યોએ ભક્તિમાર્ગની ચોક્કસ પ્રણાલિઓ સ્થાપી તે બધાના મૂળમાં 'ભાગવત ધર્મ' પડેલો છે તેને સમ્યક્ રીતે સમજાવવા આ ચરિત્રગ્રંથમાં 'ભાગવત-ધર્મ અને પાંચરાત્ર સંપ્રદાય' નામનો વિગતપૂર્ણ લેખ પણ આમ સહેતુક જોડવામાં આવ્યો છે. (પ્રકા૦ સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરસી ચૅરિટેબલ ટ્રસ્ટ, સર વિઠ્ઠલદાસ ચૅમ્બર્સ, ૧૬, મુંબઈ સમાચાર માર્ગ, મુંબઈ; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૩.)

જેલ ડાયરી: શ્રીમતી ઇંદિરા ગાંધીએ લાદેલા કટોકટી કાળમાં શ્રી જયપ્રકાશ નારાયણે જે કારાવાસ ભોગવ્યો તે સમયની નોંધો આ ડાયરીમાં જોવા મળે છે, જેમાંથી શ્રી ઇંદિરા ગાંધીનાં રાજકીય વલણો, વ્યક્તિગત માન્યતાઓ, ભારતની દુર્દશા વગેરે મુદ્દાઓ ધારદાર રીતે ઊપસી આવે છે. વળી, કેટલેક સ્થળે શ્રી જયપ્રકાશ નારાયણના સંવેદનશીલ હૃદયની પણ પ્રતીતિ થાય છે. સમગ્ર ડાયરી કટોકટીકાળના ભારતની છબિ અને તે માટેની લોકનેતાની ચિંતા સુપેરે પ્રકટ કરે છે. આ ગુજરાતી આવૃત્તિનાં અનુવાદિકા છે શ્રીમતી સુભદ્રા ગાંધી. (બાલગોવિંદ પ્રકાશન, બાલા

આવકાર

સાહિત્ય સંગમ
બાવા સીદી, ગોપીપુરા, સુરત

લોકશાહીના રક્ષકો ભાગ ૧ થી ૬ : લે. અભય. કાચું પૂઠું, દરેક પૃ. ૩૨, સેટના રૂ. ૯.

આકાશવાણી ભજનાવલી ભાગ ૧: પાકું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૭-૦૦.

હરિરસ ભજનાવલી ભાગ ૧ : પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૭-૦૦.

નવી મૂકેશ ગીતમાળા ભાગ ૧ : પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૭-૦૦.

ભગાભાઇના ફજેતા : લે. હરિપ્રસાદ વ્યાસ. પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૪-૫૦.

વરઘોડામાં ભવાઈ: લે. હરિપ્રસાદ વ્યાસ. પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૪-૫૦.

ભગાભાઈનાં કારસ્તાન : લે. હરિપ્રસાદ વ્યાસ. પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૪-૫૦.

અક્કલનું અથાણું: લે. હરિપ્રસાદ વ્યાસ. પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૪-૫૦.

ભગાભાઇનો બફાટ : લે. હરિપ્રસાદ વ્યાસ. પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૪-૫૦.

ભગાભાઇએ ભાંગ પીધી : લે. હરિપ્રસાદ વ્યાસ. પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૪-૫૦.

નવભારત સાહિત્ય મંદિર
મુંબાઈ અને અમદાવાદ

કચ્છના રંગમોલમાં : લે. રસિક મહેતા. પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૪-૦૦.

શમણાં સળગ્યાં સોહાગ રાતે : લે. રસિક મહેતા. પાકું પૂઠું, પૃ. ૫૩૬, રૂ. ૩૦-૦૦.

પ્રેમનાં આંસુ : લે. કુન્દનિકા કાપડિયા. પાકું પૂઠું, પૃ. ૧૮૨, રૂ. ૧૦-૦૦.

લાગણીનાં પડળ : લે. નવલકિશોર વ્યાસ. પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૧૫-૦૦.

અગન પિછોડી : લે. પ્રિયકાન્ત પરીખ. પાકું પૂઠું, પૃ. ૩૨૧, રૂ. ૧૭-૦૦.

ઝેરનો પ્યાલો કોણે મોકલ્યો : લે. ડૉ. પ્રમોદ શાહ. પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ. ૨૦-૦૦.

બાલવર્તનની સમસ્યા : લે. સુમતિબેન વૈદ્ય. કાચું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૧૧-૦૦.

મહાકવિ કાલીદાસની બાલવાતો : લે. પ્રકાશ રાવલ. કાચું, પૃ. ૧૬૦, રૂ. ૬-૦૦.

બિરબલની બેટી : લે. ચારુલતા બારાઈ. કાચું પૂઠું, પૃ. ૮૭, રૂ. ૭-૫૦.

ભૂલકાંઓની કથાઓ ૧-૫ : લે. ધીરજલાલ ગજ્જર. કાચું, સેટના રૂ. ૧૫-૦૦.

જગા પંડિત ૧-૫ : લે. સત્યમ્. કાચું પૂઠું, સેટના રૂ. ૧૮-૫૦.

છેલભાઈની શૌર્યકથાઓ ૧-૫ : લે. દોલત ભટ્ટ. કાચું પૂઠું, સેટના રૂ. ૧૫-૦૦.

લોકપ્રિય પ્રકાશન લિમિટેડ
મુંબાઇ અને અમદાવાદ

વેદનાની વાડી લીલીછમ : લે. મૂળરાજ રૂપારેલ. પાકું પૂઠું, પૃ. ૩૭૫, રૂ. ૨૪-૦૦.

નગારે ઘા : લે. મૂળરાજ રૂપારેલ, પાકું પૂઠું, પૃ. ૩૫૫, રૂ. ૨૨-૭૫.

વિપુલ ઝરણું : લે. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ. પાકું પૂઠું, પૃ. ૩૪૦, રૂ. ૨૧-૭૫.

અમે તરસ્યાં પૂનમનાં : લે: દીલિપ રાણપુરા. પાકું પૂઠું, પૃ. ૩૦૩, રૂ. ૧૯-૫૦.

ચિહ્ન : લે. ધીરેન્દ્ર મહેતા. પાકું પૂઠું, પૃ. ૩૧૨, રૂ. ૨૦-૦૦.

અન્ય પ્રકાશકોનાં

શ્રી મોટાના જીવન પ્રસંગો : લે. મુકુલ કલાર્થી. પ્રકાશક : સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૨.

જોએલું અને જાણેલું ભાગ-૨ : પ્ર૦ ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૩-૫૦.

ઇન્દ્રધનુષ્યના રંગોમાંથી : લે. પુષ્કર ચંદરવાકર. પ્ર૦ ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૧૯૮, રૂ. ૩-૫૦.

ગાયત્રી ચમત્કાર ભાગ ૧ : લે. શ્રી યોગેશ્વરજી. પ્રકાશક : ગાયત્રી કેન્દ્ર પ્રકાશક, લીમડી કૂઈ, ગોપીપુરા, સુરત-૧. પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૧૦-૦૦.

ગાયત્રીસાધના સિદ્ધિ : લે. પ્ર૦ ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૨૭૨, રૂ. ૧૨-૦૦.

ગાયત્રી વ્રત : પ્ર૦ ઉપર મુજબ. કાચુ પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨-૦૦.

ગાયત્રી મહાપૂજા : પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૯૬, રૂ. ૩-૦૦.

ગાયત્રી મંત્રલેખન : (અમૂલ્ય), પ્ર૦ ઉપર મુજબ.

પીનકુશન : લે. સુરેશ દલાલ. પ્ર૦ ચીમનલાલ લીટરરી ટ્રસ્ટ, મુંબઈ-૧. પાકું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૧૦-૦૦.

વિજ્ઞાન મુદ્રા : લે. મનુભાઈ મહેતા. પ્ર૦ ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૨૦-૦૦.

જીવન વિકાસ : લે. ચાંપશી ઉદેશી. પ્ર૦ કુસુમ પ્રકાશન, નારાયણનગર, અમદાવાદ ૭. કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૨-૫૦.

શાલિની : લે. સરલા શેઠ. પ્ર૦ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ-૨. પાકું પૂઠું, પૃ. ૫૨૭, રૂ. ૩૩-૦૦.

સુપ્રજનનશાસ્ત્ર : (પુનર્મુદ્રણ) લે. નર્મદાશંકર દે. મહેતા. પ્ર૦ ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૧૨૧, રૂ. ૮-૫૦.

પૂર્ણાહુતિ : લે. મૃણાલિની દેસાઈ. પ્ર૦ ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૧૩-૦૦.

તમારા ગામમાં મળતી ઉપયોગી ચોસઠ વનૌષધીનાં નામો અને ઉપયોગ : લે. હરિચંદ મહેતા. પ્ર૦ હરિચંદ મહેતા. પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, કોલ્હાપુર-૨. કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૩-૦૦.

શબરી : લે. પૂજાલાલ. પ્ર૦ અરવિંદ આશ્રમ, પોંડિચેરી. કાચું, પૃ. ૧૦૮, રૂ. ૫-૦૦.

મુક્તાવલી : લે. પૂજાલાલ. પ્ર૦ ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૭૪, રૂ. ૫-૦૦.

અખંડ દીવો : લે. લીના મંગળદાસ. પ્ર૦ શ્રેયસ પ્રકાશન, અમદાવાદ-૧૫. કાચું પૂઠું, પૃ. ૧૩૨, રૂ. ૬-૫૦.

વિસ્તરતું રહેશે આકાશ : લે. રીતા ભટ્ટ. પ્ર૦ લીના પબ્લિકેશન, આતાભાઈ રોડ, ભાવનગર-૨. કાચું પૂઠું, પૃ. ૫૧, રૂ. ૮-૦૦.

કુમારગીતા : લે. રતિલાલ અધ્વર્યુ. પ્ર૦ નિર્મળા અધ્વર્યુ, ૩, દત્ત સોસા. અમદાવાદ-૭. કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૧-૫૦.

હનુમાન પાસે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૬.)

સ્વાધ્યાય સ્મૃતિ-૨ : વૃદ્ધજનોની નિવૃત્તિ જે આધ્યાત્મિક ચિંતનમનનથી પ્રવૃત્તિમય હોય છે તેનું સુફળ આ પુસ્તક છે. સ્વાધ્યાય મંડળના સભ્યો સમક્ષ શ્રી કાળિદાસ દવે તરફથી રોજ નિયમિત રજૂ થતાં વક્તવ્યો-વિચારોમાંથી અહીં ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક અને શ્વેતાશ્વેતર ઉપનિષદો ઉપરનાં વાર્તિકો રજૂ થયાં છે, તેમ જ પુરુષ-સૂક્તમ્, શ્રીમદ ભાગવતનો ઉદ્‌ગમ, નાસદીય સૂક્ત આદિ અન્ય છ લઘુલેખો પણ સમાવિષ્ટ છે. (પ્રકા. સ્વાધ્યાય મંડળ, ખડાયતા કૉલોની, અમદાવાદ; પાકું, પૃ. ૮૮, કિ. જણાવાઈ નથી.)

આભ વરસ્યું આંખોમાં : ગઝલના મિજાજને પૂરા સામર્થ્યથી અને સ્વરૂપને પૂરી સભાનતાથી પ્રકટાવતી ને ઘૂંટતી આ સંગ્રહની રચનાઓ તેના કવિ શાહી ઓધારિયાની શક્તિની પરિચાયક છે. (પ્રકા. સુમન પ્રકાશન, ૮૬, ડામરગલી, મુંબાઈ ૯; કાચું પૂઠું, પૃ. ૪૧, રૂ. ૩.)


ચીન-પ્રવાસ : શ્રીમતી લીનાબેન મંગળદાસનાં આ પ્રવાસસ્મરણોમાં આધુનિક ચીનની સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક, ઔદ્યોગિક વગેરે બાબતોની ઝાંખી કરાવવામાં આવી છે. (શ્રેયસ્ પ્રકાશન, શ્રેયસ્ પ્રતિષ્ઠાન, અમદાવાદ-૧૫; કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૪.)

ભારતનાં વાદ્યો–૫ : સારંગી

બહુ જાણીતું, મધુર ને મીંડ લેવામાં ઘણું અનુકૂળ એવું તત્‌વાદ્ય હોવા છતાં વાદ્ય રસિકોના અમુક મર્યાદિત વર્તુળમાં જ પ્રચલિત એવું કોઈ વાજિંત્ર હોય તો તે સારંગી છે. એનું વાદન અઘરું હોવાને કારણે, ને કદાચ નર્તકીઓ તથા ગાનારીઓના સાથમાં એનો વિશેષ ઉપયોગ થતો જોવા મળતો એથી આમ હોઈ શકે.

હકીમ બકરાતે ગૌ અથવા મિયાં કલ્લુખાંએ સારંગીની શોધ કર્યાનું મનાય છે. શાર્ઙ્ગદેવ તથા ઈ.ના ૧૬મા સૈકાની આખરમાં નારાયણે આપેલાં વર્ણન સારંગીને મળતાં આવે છે. એમ પણ મનાય છે કે મૂળ એ એક લોકવાદ્ય હતું.

સાલ, ફણસ વગેરે જેવા વૃક્ષના લાકડાને કોરીને બનાવાતી આ સારંગી બએક ફૂટ લાંબી હોય છે. એનો આકાર વગેરે તો સંગીતની બેઠકો, ચિત્રો અને સિનેમા દ્વારા સૌને પરિચિત છે. એના મુખ્ય બે ભાગ : તેમાં ઉપરના ભાગને ‘છાતી’ અને નીચેના ભાગને ‘મંડાણ’ કહે છે. મંડાણને ચામડાથી ઢાંકેલું હોય છે, ને તેના ઉપર રાખેલી ઘોડી ઉપરથી સારંગીની મુખ્ય તાંતો પસાર કરેલી હોય છે. વાદન માટે સારંગીમાં તાર નહિ પણ બકરાંનાં આંતરડાંની બનાવેલી તાંતો વપરાય છે. આ તાંતની નીચેના ભાગમાં અનુધ્વનિ પ્રકટાવવા માટે પંદર-વીસ તારની તરપ હોય છે. તાંત ઉપર ઘોડાની પૂછડીના વાળ બાંધેલી કામઠી–‘ગજ’ ઘસીને સ્વર પેદા કરાય છે. વળી, તાંતની ઉપર ડાબા હાથની આંગળી ફેરવીને નહિ પણ તાંતને બાજુમાંથી આંગળીના નખ વડે સ્પર્શીને એના વિવિધ સૂર પ્રકટાવાય છે. ગાયનમાં સંગત માટે સારંગી ઉત્તમ વાદ્ય છે. ગાયકના અવાજ સાથે એ અજબ સુમેળ સાધી શકે છે. સ્વતંત્ર વાદન માટે પણ સારંગી મધુર વાદ્ય છે. ડાબા ખભે લટકાવીને ઊભાંઊભાં પણ એ વગાડી શકાય છે. એક કાળે બજારુ નાચમાં સારંગીનો આ રીતે જ ઉપયોગ થતો હતો.





માધુકરી

ઘૂમે વંટોળિયો,
ભમતો ભમે છે કોઈ ભૂત જાણે ભોળિયો !
આ રે મધ્યાહ્ન પ્રખે લૂખા વૈશાખમાં
ઝાંઝેરી ધૂળ, પાંદ, તરણાં લૈ કાખમાં
ઘૂમે છે; જોજો ઝઝૂમે ન આંખમાં !
અવગતિયો જીવ આ તે કોણે ઢંઢોળિયો ?

(‘છંદોલય’માંથી) —નિરંજન ભગત

મુદ્રણસમ્રાટ રામકૃષ્ણ ઘોટે

ઈ. ૧૯૬૨ના જૂન માસની એક સવારે અમેરિકાના વિખ્યાત માસિક ‘રીડર્સ ડાઇજેસ્ટ’ના વ્યવસ્થાપકના કાર્યાલયમાં એક મુલાકાત ગોઠવાઈ હતી.

‘મિ. ઘોટે, આપના આવવાથી આનંદ થયો. પણ અમને એક પ્રશ્ન મૂંઝવે છે. ડાઇજેસ્ટના મુદ્રણ માટે યોગ્ય એવાં અદ્યતન અને પૂરતાં મુદ્રણયંત્રો તો આપની પાસે છે નહિ, તો પછી આપ આ કામને કઈ રીતે પહોંચી વળશો ?’

રામશેઠ, એટલે કે રામકૃષ્ણ ઘોટે આના ઉત્તરને માટે તૈયાર જ હતા. એ સમયે ડાઇજેસ્ટની એશિયાઈ આવૃત્તિનું માત્ર પૂઠું જ ભારતમાં ‘બૉમ્બે ફાઈન આર્ટ્સ’માં છપાતું હતું. રામશેઠ ડાઈજેસ્ટની એ આખી આવૃત્તિ પોતાને ત્યાં છપાય એ માટે પ્રયત્ન કરી રહ્યા હતા. વ્યવસ્થાપકનો પ્રશ્ન સાંભળીને તુરત તેમણે ત્યાંથી જ જર્મનીમાં ટ્રંકકૉલ જોડયો. અને પછી એમણે ફોનમાં જે વાત કરી તે સાંભળીને પેલા વ્યવસ્થાપકને લાગ્યું કે આ માણસ લીધું કામ છોડે તેવો લાગતો નથી. પોતે કોઈ પણ રીતે કામને પહોંચી વળશે એવાં પોકળ આશ્વાસનો આપનારો નથી જણાતો. એને જો કામ સોંપવામાં આવે તો પછી તુરત એ વિનાવિલંબ એને પાર પાડવામાં લાગી જશે. અને ડાઇજેસ્ટના વ્યવસ્થાપકનું એ અનુમાન જરા યે ખોટું નહોતું. લીધેલી જવાબદારીને સારી રીતે પાર પાડવાની બધી ક્ષમતા રામશેઠમાં હતી જ.

આ રામશેઠને ગુજરી ગયે એક વર્ષ થયું. ગયા વર્ષની ૨૨મી માર્ચે હૃદયરોગના કારણે એકાએક એમનું નિધન થયું. આ રામકૃષ્ણ પંત ઘોટે પ્રચંડ આત્મવિશ્વાસથી કામ કરે તેવી વિરલ વ્યક્તિઓમાંના એક હતા. નાગપુર નજીક વેણા નદીના તટે વસેલા ગુમગાંવના એક ગરીબ ખેડૂત પરિવારમાં એમનો જન્મ થએલો. નસીબ અજમાવવા પોતાના મોટા ભાઈ ભય્યાસાહેબ સાથે તેઓ નાગપુર ગયા. ત્યાં જે મળ્યું તે કામ કરતા જવા સાથે એમણે ભણવા પણ માંડયું. અભ્યાસ માટે એમને એટલી લગન હતી કે ગરીબી સામે સતત ઝઝૂમતા રહીને એમણે ત્યાંની મૉરિસ કૉલેજમાં દાખલ થઈ એમ.એ. સુધી અભ્યાસ કર્યો. હજી તો યુવાનીના ઉંબરે હતા ત્યાં સ્વાતંત્ર્ય-આંદોલનોનો રંગ લાગ્યો અને તેમાં પણ ઝુકાવ્યું. ૧૯૩૮માં જેલ પણ ભોગવી. એ કારાવાસમાં અને તે પછી એમણે ભરપૂર વાચન અને લેખન કર્યું. ભય્યાસાહેબ સાથે એમણે કેટલાંક ક્રમિક પાઠયપુસ્તકો તૈયાર કર્યાં. તેમાંથી ‘સુબોધ વાચનમાલા’ અને ‘અંકગણિત’ એટલી તો લોકપ્રિયતા પામ્યાં કે સ્થાનિક સરકારે શાળામાં પાઠયપુસ્તકો તરીકે ચલાવવા માટે તેને માન્યતા આપી.

ઈ. ૧૯૪૧નો એ સમય હતો. બે જ વર્ષ પહેલાં આરંભાએલા મહાયુદ્ધની અસર બધે ફેલાતી જતી હતી. છતાં પુસ્તકોની મોટી માગ જોઈ બંને ભાઇઓએ મુદ્રણ-વ્યવસાયમાં પડવા વિચાર્યું અને એનો આરંભ પણ કરી દીધો, એટલું જ નહિ તેમાં સારો એવો વિકાસ પણ સાધ્યો. પુસ્તકો ઉપરાંત એમણે બીડીનાં લેબલો છાપવાનું કામ પણ ઉપાડયું. બીડીની નિકાસ વધવા સાથે લેબલોની જરૂર પણ વધતી જ ચાલી. બીજી બાજુ યુદ્ધના કારણે કાગળોના ભાવ ચડે જતા હતા. કામને પહોચી વળવું અને મોંઘવારી સામે ટકવું કસોટીરૂપ બની રહ્યું હતું, પણ મનહરભાઈ પટેલ નામના એક ઉદ્યોગપતિનો સાથ મેળવી એમણે પોતાના વ્યવસાયને ટકાવી રાખ્યો. એ સમયની પરિસ્થિતિનો લાભ લઇને તેઓ ત્યારે મબલખ કમાણી કરી શકે તેમ હતા, પણ રામશેઠે ધંધામાં નફાનું પ્રમાણ પૂર્વવત જ રહેવા દીધું અને એથી સાહજિક

રીતે જ એમની વ્યાવસાયિક પ્રતિષ્ઠા અત્યંત વધી ગઈ અને એના બળે ગોંદિયાના એમના 'વસંત ફાઈન આર્ટ' મુદ્રણાલય ઉપરાંત ૧૯૪૫માં મુંબાઈમાં 'બૉમ્બે ફાઈન આર્ટ્સ', ૧૯૫૦માં નાગપુરમાં 'શક્તિ ઑફસેટ વર્કસ' ૧૯૫૧માં કલકત્તામાં 'ભારત લિથોગ્રાફી વર્ક્સ', ૧૯૬૦માં વરલી (મુંબાઇ)માં 'એશિયા પ્રિંટર્સ' અને ૧૯૬૫માં 'ઘોટે પ્રિંટર્સ પ્રા. લિમિ.' રૂપે એમણે પોતાના મુદ્રણ વ્યવસાયને વિસ્તાર્યો અને 'મુદ્રણસમ્રાટ' તરીકે ઓળખાવા લાગ્યા.

એમના આ વ્યાવસાયિક વિસ્તરણમાં કરકસર, દીર્ઘદૃષ્ટિ, કાર્યોત્સાહ, દૃઢતા અને મહત્ત્વાકાંક્ષા જેવા એમના ગુણો તો હતા જ, પણ એથી યે વિશેષ તો કામની ઉચ્ચ ગુણવત્તા માટેનો આગ્રહ હતો. ઈ. ૧૯૫૪થી માંડી આજ સુધી ઉત્તમ મુદ્રણકાર્યને માટે એમણે અનેક પારિતોષિકો મેળવ્યાં છે. ૧૯૫૪માં તે સમયના ઉપરાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણનના હસ્તે રામશેઠને મુદ્રણકાર્યની શાસકીય સ્પર્ધામાં પ્રથમ શ્રેણીનું પારિતોષિક અપાયું. પછી ૧૯૫૭માં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદના હસ્તે, ૧૯૫૮માં વડાપ્રધાન પં. નેહરુના હસ્તે ઈનામો મેળવ્યાં, અને પછી તો પારિતોષિકોની એક હારમાળા જ ચાલુ થઈ. પણ એમાં ૧૯૫૫માં મદ્રાસમાં ભરાએલી 'ઑલ ઇંડિયા પ્રિન્ટર્સ કૉન્ફરન્સ'માં પ્રથમ ને ૧૯૬૧માં મળેલું પહેલું તથા બીજું પારિતોષિક એ એમની મુદ્રણક્ષમતાની શ્રેષ્ઠતાના શિરપેચ સમાં હતાં. 'રીડર્સ ડાઇજેસ્ટ'ના મુદ્રણનો ઑર્ડર મેળવ્યો એ વ્યવસાય અને ગુણવત્તા એમ બંને દૃષ્ટિએ એમને વરેલો સૌથી મોટો યશ છે.

ગજાનન શ્રી ગણેશના એ ઉપાસક હતા. ભગવદ્‌ગીતા ને રામકૃષ્ણ-વિવેકાનંદનાં ચરિત્રોનું વાચન એમનો મોટો પ્રેરણાસ્રોત હતો. ગોળવલકર ગુરુજીને તેઓ પોતાના ગુરુ માનતા. એમનો મિત્રપરિવાર પણ વિવિધ ક્ષેત્રે ખ્યાત એવી વ્યક્તિઓનો હતો. કલા અને કલાવંતો પ્રતિ એમને અત્યધિક ભાવ હતો અને એ બંને માટે આર્થિક મૂંઝવણ ઊભી થાય તો તેઓ તુરત એની મદદે પહોંચી જતા.

માનવીના જીવનમાં શ્રદ્ધા હોવી જોઈએ અને તેના આધારે કોઈ પણ વ્યક્તિ આવી પડતા સંકટો સામે નિર્ભયતાથી લડી શકે એ ખરું, પરંતુ ઇશ્વરમાં શ્રદ્ધા રાખીને 'એને આપવું હશે તો ખાટલામાં બેસી રહીશું તો યે આપશે' એવો દૈવવાદ રામશેઠને પણ નહોતો.

ક્યારેક માણસ કોઈ બાબત સાધી શકે નહિ ત્યારે નિષ્ફળતાથી હતાશ થઈ જવાના બદલે મનના સમાધાન ખાતર નસીબને યાદ કરી લે એટલા પૂરતો પ્રારબ્ધ શબ્દ ઠીક છે. પરંતુ 'ઉદ્યોગશીલ આદમીને ઘેર રિદ્ધિ-સિદ્ધિ પાણી ભરે છે' એ બોધ સતત યાદ રાખવા જોઈએ એવું એ માનતા. અને પોતાનાં કાર્યો અને વ્યાવસાયિક સાહસોથી એમણે એ સિદ્ધ પણ કરી બતાવ્યું હતું.

ઈ. ૧૯૬૭ના જુલાઈમાં એમના 'એશિયા આર્ટ્સ' છાપખાનામાં આગ લાગતાં પંદર લાખ રૂપિયાની કિંમતના આધુનિક મુદ્રણયંત્રો ધૂળધાણી થઈ ગયાં ત્યારે નસીબને ન રડતાં એમણે ફરીએ એ છાપખાનાને બેઠું કરવાના પ્રયત્નો આરંભી દીધા હતા અને એ કામ સફળતાપૂર્વક પાર પણ પાડયું જ. એમને વરેલા યશનું એક કારણ એમની આ ધૈર્યયુક્ત વ્યાવસાયિક હિંમત પણ છે. એક વ્યાખ્યાનમાં એમણે ઉદ્યોગપતિઓને સંબોધતાં કહેલું કે, 'છેતરપિંડી ને દગાખોરી કરીને જ માણસ મોટાઈ મેળવી શકે એવી જે એક સર્વસામાન્ય ધારણા છે એ પાયામાંથી જ ખોટી છે...નીતિ, પ્રામાણિકતા અને પ્રતિષ્ઠાને ટકાવી રાખવી એ જ યશપ્રાપ્તિનું મોટું સાધન છે.' અને પોતાના પ્રામાણિક પુરુષાર્થ વડે મેળવેલી સિદ્ધિ અને યશ વડે એમણે પોતાની એ માન્યતાની સચ્ચાઈ પુરવાર કરી બતાવી હતી. સામાન્યતામાંથી પ્રગતિ સાધીને અસામાન્યતા સુધી પહોંચ્યા છતાં એમણે એમનો જીવનક્રમ અને વ્યવહાર એટલા સરળ રાખ્યા હતા કે એમાં એમની અસામાન્યતાનો અણસાર પણ કદી વરતાતો નહિ. ગ્રાહકને છેતરીને વધુ નફો કમાઈ લેવામાં વ્યાવસાયિક કૌશલ જોનારાઓ રામકૃષ્ણ ઘોટેએ પ્રામાણિક પુરુષાર્થ વડે મેળવેલાં યશ-સિદ્ધિમાંથી અનુકરણીય બોધ લઈ શકે તેમ છે.

(મરાઠી 'લોકસત્તા')

અબ્દુલરહીમ ખાન-ખાનાન

અબ્દુલરહીમ ખાન-ખાનાન અકબરનાં નવ રત્નોમાંના એક હતા. તે ગજબના માણસ હતા: ગજબના ઘોડેસવાર, ગજબના તીરંદાજ અને ગજબના વર્જિશી અર્થાત્ કસરતી. જ્યારે તે સત્તર વર્ષના યુવાન હતા ત્યારે તે ચાર માણસોને એક રૂમાલ આપીને તેનો એક એક ખૂણો પકડવા કહેતા. પછી દૂરથી દોડતા આવીને રૂમાલ પર પગ રાખીને કૂદી જતા. રૂમાલ પર એક ધસરકો ય ન પડતો. આ હતી તેમની સફાઈ!

અરબી ભાષા પર તેમનો જબરદસ્ત કાબૂ હતો. ક્યાંકથી કોઈ લેખ કે પત્ર આવે તો તે તત્કાળ તેનો ફારસીમાં અનુવાદ કરી સંભળાવતા. એક વાર મક્કાના શરીફે અકબરને એક પત્ર લખ્યો, જેમાં તેણે અરબીના લાંબા લાંબા અને કઠિન શબ્દોનો ઉપયોગ કર્યો હતો. અકબરે આ પત્ર અબુલ ફઝલ, ફતહઉલ્લા શિરાઝી અને ખાન-ખાનાનને દેખાડયો અને ઘેરથી તેના ફારસીમાં અનુવાદ કરી આપવાનો હુકમ કર્યો.

અબુલ ફઝલ અને ફતહઉલ્લા શિરાઝી, આ પત્રના અનુવાદમાં શબ્દકોશની જરૂર પડશે એમ માનીને તે પત્ર પોતાની સાથે લઈ જવા લાગ્યા. પણ ખાન-ખાનાને એ પત્ર લઇને મીણબત્તીના પ્રકાશમાં એનો ફારસી અનુવાદ તરત વાંચી સંભળાવ્યો, જાણે એ પત્ર અરબીમાં નહિ પણ ફારસીમાં લખાયો હોય!

તે બહુ ઉદારહૃદયી દાની હતા. નઝીરી નેશાપુરી હજ કરીને પાછા ફર્યા, ત્યારે ખાન-ખાનાન સાથે વાતચીત કરતાં તેમના મોંમાંથી નીકળી ગયું: 'મેં આજ સુધી જિંદગીમાં કદી એક લાખ રૂ. એક સાથે નથી જોયા કે લાખ રૂપિયાનો ઢગલો કેટલો મોટો હોય તે જાણી શકું.' તત્કાળ ખાન-ખાનાને લાખ રૂ. મંગાવી તેમની સમક્ષ ઢગલો કર્યો ને બોલ્યાં: 'જોયું? લાખ રૂ.નો ઢગલો આટલો મોટો હોય છે.' પછી પોતાના નોકરોને આદેશ આપ્યો: 'આ ઢગલો નઝીરી સાહેબના ઘેર પહોંચાડી આવો.'

અકબર બાદશાહે અબ્દુલ રહીમને 'ખાન-ખાનાન'ની ઉચ્ચ પદવીથી અલંકૃત કર્યા ત્યારે ખાન-ખાનાને પોતાને કોઈના પર ગુસ્સો ન આવે અને કદી પોતે ગર્વ ન કરે એ હેતુથી કેડલાંક બોધપ્રદ વાકયો લખીને પોતાના નોકરોને આપ્યાં અને તેમને કહ્યું કે તમે મને ગુસ્સામાં જુઓ ત્યારે આ કાગળ દેખાડજો, મારો ગુસ્સો ઊતરી જશે.

એક વાર ખાન-ખાનાને પગે સારું એવું વાગ્યું. ઘણા દિવસો સુધી દરબારમાં જઈ શકાયું નહિ. એક વાર કોઇ જરૂરી કામે તે બહાર નીકળ્યા, ત્યાં અચાનક એક નોકરનો પગ તેમના દુખતા પગ પર પડયો. તેમને કારમી પીડા થઈ. નોકર પર ખૂબ ગુસ્સો ઠાલવવા જતા હતા ત્યાં નોકરે તેમને પેલો કાગળ દેખાડયો. તેમનો ગુસ્સો ઊતરી ગયો. તેમનું એ બોધપ્રદ વાકય હતું: 'અજાણપણે કોઈનાથી ભૂલ થઈ જાય તો તેના પર ગુસ્સો ન કરવો જોઈએ.'

(નવનીત)

ગુવાર

ભારતના ઘણા ભાગોમાં ગુવાર કે ગવાર થાય છે. ગુવાર ખાસ કરીને ગરમ ઋતુનો પાક ગણાય છે, પરંતુ સામાન્યતઃ એ વર્ષાઋતુમાં અને વસંતઋતુમાં એમ વરસમાં બે વાર વવાય છે. ગુવારની ઘણી જાતો થાય છે. તેમાં તરડિયા કે ફટકણિયા ગુવાર સિવાય બીજી જાતોની શીંગોનો શાકમાં ઉપયોગ થાય છે. સુંવાળી શીંગોવાળો સારી જાતના ગુવારને માખણિયો ગુવાર કહે છે. તેની શીંગો કોમળ અને ચાર ઈંચ લાંબી થાય છે. કેટલાક તેને પરદેશી ગુવાર પણ કહે છે. દેશી કે સોટિયા ગુવાર-

ની શીંગો ત્રણ કે સાડા ત્રણ ઈંચની થાય છે. સુંવાળી શીંગોવાળો ગુવાર શાકભાજીમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. માખણિયા ગુવારની ફળીનું શાક ખૂબ સ્વાદિષ્ટ બને છે. તેના શાકમાં અજમો અને લસણ નાખવાથી તેના ગુણ અને સ્વાદ વધે છે. ગુવારનું પોષણમૂલ્ય ફણસી જેટલું જ સમૃદ્ધ મનાય છે.

ગુવાર એ સામાન્ય રીતે ઢોરનો ખોરાક ગણાય છે તેનાથી બળદોનું બળ વધે છે તેમ જ દૂઝણાં ઢોરને ગુવાર ખવડાવવાથી દૂધ વધે છે. ગુંદર બનાવવા માટે પણ ગુવારની કેટલીક જાતો વપરાય છે.

ગુવાર મધુર, રુક્ષ, શીતળ, ભારે, અગ્નિદીપક, પૌષ્ટિક, સારક, પિત્તહર અને કફ કરનારો છે. ઉપરાંત એ વાયુકારક–વાયડો છે. તેનું શાક પૌષ્ટિક ગણાય છે, પણ પાકી શીંગનું શાક વધારે ખાવાથી પીડ આવે છે. જે સ્ત્રીઓનું બાળક ધાવતું હોય તેવી સ્ત્રીઓએ ગુવારનું શાક ખાવું ન જોઈએ, કારણ કે તેથી બાળકને આંકડી થવાનો સંભવ રહે છે, સગર્ભા બહેનોએ પણ તેના શાકનું સેવન કરવા જેવું નથી. વાયડી પ્રકૃતિવાળાઓને પણ તેનું શાક હિતવાહક નથી.

ગુવારનાં કુમળાં પાનનું શાક ખાવાથી રતાંધળાપણું મટે છે. ગુવારનાં પાનનો રસ વાગેલા-વ્રણ-પર ચોપડવાથી ધા પાકતો નથી અને જલદી રુઝાય છે. વળી ગુવારનાં પાનનો રસ અને લસણનો રસ એકત્ર કરી દાદર પર ચોપડાય છે. ('સ્વસ્થ માનવ') —માધવ મો. ચૌધરી

જગતના શતાયુઓ

ડિસે. ૧૯૭૮ના અંકના માધુકરી વિભાગના અગ્રલેખમાં જણાવ્યા પ્રમાણે એ શ્રી ચરણતીર્થ મહારાજ ૧૦૩ વર્ષની વયે અવસાન પામ્યા. દુનિયાનાં પત્રોમાં અન્ય દેશોના આવા શતાયુઓના સમાચાર અવારનવાર આવે છે, પણ એમાં ભારતનું સ્થાન જોવા મળતું નથી. જગતમાં વધુમાં વધુ શતાયુઓ પોતાને ત્યાં હોવાનો રશિયનોનો દાવો છે. રશિયાના એ દાવા સામે પશ્ચિમી જગતના કેટલાક એવા જ પ્રકારના દાવાઓ અથડામણમાં આવ્યા છે. રૉસ ને નૉરિસ વાર્ટર નામના બે અંગ્રેજ બંધુઓએ જગતના જે અસંખ્ય વિક્રમો એકઠા કર્યા છે તેનાં તેઓ કહે છે કે પીઅર જુબર્ત નામનો એક ફ્રેન્ચ કૅનૅડિયન મોચી તા. ૧૫-૭-૧૭૦૧ને રોજ ક્વિબેક પ્રાંતમાં જન્મ્યો હતો અને ૧૧૩ વર્ષ ૧૨૪ દિવસ પછી ક્વિબેક શહેરમાં ગુજરી ગએલો. કૅનૅડાની સરકારે આ વાત ચકાસી જોઈ હતી.

આ બંને ભાઇઓએ ૧૦૫થી ૧૧૩ વર્ષનું આયુષ્ય ભોગવનાર ૨૫ વ્યક્તિઓની નામાવલી આપી છે. તેમાં મલયેશિયાના હસન બિન યુસુફ (૧૦૬), ટાસ્માનિયાની મેરી ઍન ડે (૧૦૯), જાપાનના યોશીગીકુ ઇટો (૧૧૦) તથા મોરૉક્કોના અલ હજ મોહમદ અલમોકરી નામના વડા વજીર (૧૧૨)ને બાદ કરતાં બધી યુરોપી ને અમેરિકન છે. નવાઈ તો એ છે કે રશિયા તેના શતાયુઓ માટે નામચીન હોવા છતાં આ યાદીમાં એ બે ભાઇઓએ એક પણ રશિયન શતાયુને સ્થાન નથી આપ્યું!

૧૯૬૧ના એપ્રિલમાં 'ટેકનિક મોલોદ્યોજી'-ના 'જ્ઞાનિક સ્તાતિસ્તકી' નામના એક રશિયન અખબારે જણાવ્યું હતું કે ૧૯૫૯ની વસતી ગણતરીમાં સો વિયેત સંઘમાં ૨૨૪ પુરુષો અને ૩૬૮ સ્ત્રીઓ ૧૨૦ વર્ષની પણ વય વટાવી ગઈ છે! વિક્રમોના સંપાદક પેલા બંને અંગ્રેજ ભાઈઓએ થોડા વખત પર કહેલું કે રશિયનો જો પોતાની વય ખોટી બતાવે તો લશ્કરમાં ફરજિયાત ભરતી થવાથી બચી શકાય છે! આ વાત પૂર્વગ્રહી છે. રશિયાના લશ્કરી સત્તાવાળા કંઈ એમ કોઇને છટકવા ન દે. વળી, ત્યાંના લશ્કરમાં ભરતી જુવાનોની થાય છે, વૃદ્ધોની કે સ્ત્રીઓની નહિ! (ગુજરાત મિત્ર)

અમુક જાતનાં પ્રાણીઓ અને વનસ્પતિ અદૃશ્ય થતાં જોખમમાં મુકાનારી માનવજાત

ઉષ્ણકટિબંધના પ્રદેશોમાં જો અત્યારની પ્રક્રિયા ચાલુ રહે તો કિંમતી છોડ અને પ્રાણીઓની અનેક જાતો આ સદીના અંતે જગતમાંથી અદૃશ્ય થઈ જશે, એવું અમેરિકાના 'વર્લ્ડ વૉચ ઇન્સ્ટિટ્યૂટના' સંશોધક એરિક એકહોમનું કહેવું છે. અમુક જાતનાં પ્રાણીઓ અને વનસ્પતિની જાતોનો નાશ થવાથી વિકાસ સંબંધી જે પ્રક્રિયા ચાલે છે તેમાં મોટો વિક્ષેપ પડીને જીવનની રચનામાં કેટલાક વિભાગો રફેદફે થઈ જશે એવી ચેતવણી તેઓએ ઉચ્ચારી છે. એમનું કહેવું છે કે કૂદકે ને ભૂસકે થતો વસતિવધારો, શાણપણ વિનાનો વિકાસ અને ઉષ્ણ કટિબંધમાં થતી વસ્તુઓની આંતરરાષ્ટ્રીય માગને કારણે આફ્રિકા, એશિયા ને લૅટિન અમેરિકાના ઉષ્ણ કટિબંધ પ્રદેશમાંના અનેક જાતના છોડ ને પ્રાણીઓ મોટા પાયા પર અદૃશ્ય થશે. આ રીતે લગભગ પાંચ લાખ જેટલી જાતો ઈ. સ. ૨૦૦૦ સુધીમાં કાયમ માટે અદૃશ્ય થઈ જવાનો સંભવ છે. આથી જગતને સૌથી મોટું નુકસાન ઔષધિઓનું થશે. પૃથ્વી ઉપરની વનસ્પતિની બહુ ઓછી જાતોને ઔષધિની દૃષ્ટિએ ચકાસવામાં આવી છે અને તેમાંથી આધુનિક દવાઓ માટેનાં ૪૦ ટકા જેટલાં તત્ત્વો ઉપયોગી થયાં છે. આવી ઔષધીય ગુણવત્તાવાળી મોટા ભાગની વનસ્પતિ ઉષ્ણ કટિબંધના પ્રદેશોમાંથી મળી છે.

ખોરાકની વાત લઇએ તો મનુષ્યજાતિ અત્યારે જે ખોરાકનો ઉપયોગ કરે છે તે માત્ર વીસ જાતનાં ધાન્યો છે. હજી એવી હજારો જાતની વનસ્પતિ છે જે ખાઈ શકાય તેવી હોઈ મનુષ્યની અન્નની જરૂરિયાતને પહોંચી વળે તેવી છે.

આ ઉપરાંત, ખેતીને લગતા રોગોને અટકાવવામાં ઉપયોગી થતી વનસ્પતિ કે ઔદ્યોગિક વપરાશમાં અજોડ ગણાતી વૃક્ષોની કેટલીક જાતોના નાશથી અગણ્ય નુકસાન થશે. કમનસીબી એ છે કે પૃથ્વી ઉપર ઊગતી વનસ્પતિમાંથી ૧૫ થી ૫૦ ટકા જેટલી વનસ્પતિની જ વૈજ્ઞાનિક ધોરણે તપાસ થઈ છે. એટલે હજી એ વિજ્ઞાનીઓને ચોપડે નોંધાય તે પહેલાં જ નાશ પામી ન જાય તે જોવું જરૂરી છે.



મે-જૂનનું આકાશદર્શન

બ્રહ્મમંડળ, મિથુન, મૃગ, શુની અને શ્વાન વગેરે હવે પશ્ચિમમાં ઢળી જતાં અને પૂર્વમાંથી આવી રહેલાં નવાં તારામંડળોના કારણે અત્યાર સુધી આપણે જોએલા આકાશનું દર્શન હવે ઠીકઠીક બદલાઈ રહ્યું છે. ઉત્તરમાં 'કાલિય' હવે પૂર્ણ રૂપે દેખાવા માંડયું છે. તેની પૂછડીમાં, ધ્રુવમત્સ્ય અને સપ્તર્ષિમાંના જાણીતા વસિષ્ઠ-અરુંધતીના તારાની વચ્ચે દેખાતો ઝાંખો તારો લગભગ પાંચ હજાર વર્ષ પહેલાં ધ્રુવતારો હતો અને એ કાળે તે આજના કરતાં વધુ તેજસ્વી લાગતો હતો. આ 'કાલિય' નાગની ફેણ ઉપર પગ ખોડીને ઉભેલા કૃષ્ણના સ્થાને 'શૌરી' તારામંડળ છે. શૌરી એ કૃષ્ણનું એક નામ છે. હજી તો એ ઈશાનમાં સ્વાગતની રાહ જોતું લાગે છે. આ શૌરી તારામંડળની વચ્ચેના ચાર તારાઓથી રચાતા ચોરસ આકારમાં એક બાજુએ એક ભવ્ય તારાગુચ્છ છે. (નકશામાં એ ટપકાંઓ રૂપે બતાવ્યું છે.) 'મે-૧૩'ની સંજ્ઞાથી ઓળખાતું એ ગોળાકાર તારાગુચ્છ આપણાથી ૩૬૦૦૦ પ્રકાશવર્ષ દૂર હોઈ નરી આંખે તો બહુ ઝાંખા તારા જેવું દેખાય છે, પણ તેમાં એક લાખ જેટલા તારાઓ છે અને તેમાં યે અર્ધા જેટલા તારા તો આપણા સૂર્યથી યે વધુ તેજસ્વી એવા વિરાટ તારાઓ છે. શૌરી અને ભૂતેશ તારામંડળની વચ્ચે 'કિરીટ' તારામંડળના ઝાંખા તારાઓમાં પોતાના તેજથી જુદો તરી આવતો જે તારો છે તે છે 'કોહિનૂર'. અત્યારે ઘોડાની ખરી જેવા આકારે ગોઠવાએલા આ મંડળના બધા તારાઓ ભિન્નભિન્ન દિશામાં ગતિ કરી રહ્યા હોઈ પચાસેક હજાર વર્ષ પછી આ મંડળનો આજનો આકાર તદ્દન બદલાઈ ગયો હશે. અગ્નિકોણથી પ્રવેશતા 'વૃશ્ચિક' તારામંડળને પણ જોઈ લઈએ. નામ જેવા આકારના આ એકમાત્ર તારામંડળનું વિગતે દર્શન કરવાને હજી ઘણો સમય મળી રહેશે. –બિ.ટાંક

આ માસ (મે) ઇતિહાસમાં

તા. ૧/૧૮૭૬ મહારાણી વિક્ટોરિયાને હિંદનાં સામ્રાજ્ઞી જાહેર કરવામાં આવ્યાં. એમનો જન્મ પણ ઈ. ૧૮૧૯ની ૨૪મી મેએ થયો હતો.

તા. ૪/ ૧૭૮૦ બારમા અર્લ ઑવ ડર્બીએ કરેલા ઉદ્‌ઘાટન સાથે ડર્બીની વિખ્યાત ઘોડદોડ-ની શરતનો આરંભ થયો. અમેરિકાની આવી જ વિખ્યાત ઘોડદોડ 'કેન્ટુકી ડર્બી'નો આરંભ પણ આ જ માસમાં ઈ. ૧૮૭૫માં ૧૯મી તારીખે થએલો.

તા. ૫/૧૯૪૦ ભારતના ગાયનાચાર્ય વઝે બુવાનું અવસાન. શિષ્ટ સમાજમાં સંગીતની પ્રતિષ્ઠા કરનારાઓમાંના તેઓ એક પુરુષાર્થી હતા. કપરી ગરીબી અને અપમાનો વેઠીને એમણે એ કાળના ખ્યાતનામ ગાયકો પાસે ગાયનકળાની આકરી સાધના કરી હતી, અને આગળ જતાં એ ફળી પણ ખરી: પ્રતિષ્ઠા અને પૈસો બંને મળ્યાં. એમના સમયમાં રેડિયો પર એમને વધુમાં વધુ પુરસ્કાર મળતો. 'સંગીતકલા પ્રકાશ' નામે એમના બે ગ્રંથો પણ અભ્યસનીય છે. ગૌર વાન અને મસ્ત, આનંદી, નમ્ર સ્વભાવના એ ગાયનાચાર્યને છેલ્લાં વર્ષોમાં શારીરિક રીતે ઘણી અસ્વસ્થતા રહેતી હતી.

તા. ૬/૧૮૪૦ ટપાલટિકિટના સૌ પ્રથમ વ્યવહારનો ઈંગ્લૅન્ડમાં આરંભ થયો.

તા. ૧૦/૧૯૪૦ બ્રિટનના વડા પ્રધાન નેવિલ ચૅમ્બરલેઇને રાજીનામું આપ્યું, અને (સર) વિન્સ્ટન ચર્ચિલ વડા પ્રધાન બન્યા. ચૅમ્બરલેઈન વડા પ્રધાન પદે પણ આ જ માસમાં ઈ. ૧૯૩૭માં આવેલા. પણ જર્મની સામેની એમની નીતિ ઢીલી પુરવાર થઈ અને ચર્ચિલે કરેલી આગાહી પ્રમાણે હિટલરે બીજું વિશ્વયુદ્ધ ઉપાડયું. ચૅમ્બરલેઈનને રાજીનામું આપવું પડ્યું અને એમના પછી ચર્ચિલે બાહોશીથી અમેરિકા અને રશિયાનો સાથ મેળવી અજબ હિંમતથી યુદ્ધગ્રસ્ત બ્રિટનને ગૌરવપૂર્વક વિજયી બનાવ્યું. ૧૯૪૩ની ૧૯મી મે એ આફ્રિકા મોરચે યુદ્ધનો અંત આવ્યો. ૨જી મે (૧૯૪૫) એ બર્લિન શરણે આવ્યું અને ૭મી મે એ જર્મનીએ બિનશરતી શરણાગતિ સ્વીકારી તથા ૮મીએ જર્મન સશસ્ત્ર દળો શરણે આવતાં બીજું વિશ્વયુદ્ધ પૂર્ણ થયું.

તા. ૧૧/૧૯૫૧ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદજીના હસ્તે પ્રભાસપાટણમાં સોમનાથના આજના નવા મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ. અનેક વિધ્વંસો પછી ફરીફરી આ મંદિરનો પુનરુદ્ધાર થતો રહેલો. છેલ્લે કુમારપાળે બંધાવેલા ગુજરાતના આ ભવ્ય ઐતિહાસિક મંદિરના ભગ્નાવશેષોનો જીર્ણોદ્ધાર કરવાને બદલે એને મૂળમાંથી જ ઉખેડી નાખવાનું કાર્ય તો 'આપણે' જ કર્યું. અઢારમી સદીના ઉત્તરાર્ધમાં અહલ્યાબાઈ હોળકરે 'કુમારપાળના મંદિરનાં ખંડિયેરોની નજીકમાં નવું નાનું મંદિર બંધાવેલું અને મૂળ મંદિરના અવશેષો જાળવી રાખેલા તેમ આપણે પણ કરી શક્યા હોત.

તા. ૧૩/૧૬૦૭ ઈ. ૧૬૨૦માં પિલગ્રિમ ફાધર્સ અમેરિકા પહોંચ્યા ત્યારે નહિ, પરંતુ એમની યે પહેલાં તેર વર્ષ અગાઉ ૧૦૪ પુરુષોએ આ દિવસે અમેરિકાની ભૂમિ પર વર્જિનિયામાં અંગ્રેજ વસાહત સ્થાપેલી અને ઈંગ્લૅન્ડના રાજા જેમ્સ પહેલાના નામ પરથી એને જેમ્સટાઉન નામ આપેલું. એમનો એ વસવાટ અત્યંત કપરો હતો, પણ એમના એક નેતા જૉન સ્મિથની સાહસભરી પ્રતિભાથી પ્રભાવિત એક રેડઈંડિયન મુખીનાં પુત્રી પૅકાહૉન્ટાસની એમને ઘણી સહાય મળતી રહેવાથી એ વસાહત ટકી રહી શકી.

તા. ૧૫/૧૯૧૮ વૉશિંગ્ટન, ફિલાડેલ્ફિયા અને ન્યૂ યૉર્ક વચ્ચે લાંબા અંતરની હવાઈ ડાકનો પ્રારંભ થયો. પહેલા વિશ્વયુદ્ધમાં હવાઈ યુદ્ધમાં વિમાનો વપરાયા પછી, વિમાનનો આ એક વધુ ઉપયોગ હતો. એનો વિકાસ થતો જઈ ૧૪મી મે (૧૯૩૧)ના રોજ છેક ઑસ્ટ્રેલિયાથી ૧૯ા દિવસે ત્યાંની પહેલી હવાઈ ડાક ઇંગ્લૅન્ડ પહોંચી હતી.

તા. ૨૨/૧૬૧૧ બ્રિટનમાં બૅરોનેટના ખિતાબનો પ્રારંભ થયો. રાજા જેમ્સ પહેલાને પૈસાની સતત તંગી રહ્યા કરતી તેમાં આવક ઊભી કરવા જેઓ એક એક હજાર પાઉન્ડ રાજાને આપી શકે એવાઓને આ ખિતાબ આપવાનો વિચાર એના મુખ્ય સલાહકાર અર્લ ઑવ સૅલિસબરીએ સુઝાડયો. અણગમા છતાં પૈસાની ગરજના કારણે જેમ્સ સંમત થયો અને એમ બૅરોનેટના ખિતાબની શરૂઆત થઈ.

તા. ૨૯/૧૯૫૩ હિમાલયના સર્વોચ્ચ અને અજેય શિખર એવરેસ્ટ ઉપર એડમંડ હિલરી અને શેરપા તેનસિંગ નોર્કેએ સૌપ્રથમ સફળ આરોહણ કર્યું.



દાક્તર: તમારા આ પગની પીડાનું કારણ વૃદ્ધાવસ્થા છે.

દર્દી: એમ મને બનાવો નહિ ડૉક્ટર, મારો બીજો પગ પણ એ જ ઉંમરનો છે, અને એને તો કશું નથી થયું.

એક જેલમાં એક કેદી એવો હતો કે મુલાકાતને દિવસે કોઈ જ તેને મળવા ન આવતું, તેથી જેલરને તેની બહુ દયા આવતી હતી. એક દિવસ તેણે પેલા કેદીને પૂછ્યું: 'અલ્યા, તને કેમ કદી કોઈ મળવા આવતું નથી? તારે કોઈ સગાંવહાલાં કે મિત્રો-સ્નેહીઓ નથી કે શું?'

'છે ને!' કેદીએ કહ્યું: 'પણ એ બધાં અહીં જેલમાં જ છે.'

ઇંગ્લૅન્ડનો વડો પ્રધાન ડિઝરાએલી તેના હરીફ ગ્લૅડસ્ટનનો કટ્ટરવિરોધી હતો. એકવાર કોઈએ તેને એક જાહેર ભોજન-સમારંભ વેળા પૂછ્યું કે બદનસીબ અને આપત્તિ એ બેમાં ફેર શો? ડિઝરાએલીએ કહ્યું: 'જો ગ્લૅડસ્ટન ટેમ્સ નદીમાં પડી જાય તો તે કમનસીબી કહેવાય, પણ જો કોઈ તેને બહાર કાઢે તો તે આપત્તિ કહેવાય.'

કલાપ્રદર્શનમાં પ્રેક્ષક મૉડર્ન આર્ટનું એક ચિત્ર જોઈને બોલી ઊઠયો: 'આ ચિત્રને શા માટે લટકાવ્યું હશે?'

'કદાચ એનો ચિત્રકાર એમને હાથ નહિ લાગ્યો હોય તેથી.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

—શિખરિણી—

હિસાબો જીવ્યાના થઈ કદી શકે, તો કરી જુઓ,
દિવાળી બાકી કૈં હૃદયની ન ખેંચાય પણ હો !

—ઉમાશંકર જોશી—

પવનની દિશા આપણે પલટી શકીએ નહિ, પણ આપણા શઢ તેને અનુરૂપ તો ચડાવી શકીએ.

પરદેશની સિલ્વર જ્યુબિલી ટીમની સામે પં. નેહરુની ભારતીય ટીમે છેલ્લે દિવસે પરાજયના મામલાને અણધાર્યો પલટાવીને વિજય મેળવ્યો, એથી ભારતીય ખેલાડીઓને અભિનંદવા ઊમટેલા પ્રેક્ષકોના ધસારામાં કોઈના કાંડાના પટ્ટામાંથી તૂટી પડેલી સોનાની એક કીમતી ઘડિયાળ એક તેરચૌદ વર્ષના કિશોરને હાથ આવી. જેની હશે તે શોધવા આવશે એવો નિશ્ચય કરી ઘડિયાળ લઇને તે ત્યાં જ ઊભો રહ્યો. ભારતીય ખેલાડી મુસ્તાકઅલીને મુકામે પહોંચ્યા બાદ પોતાની ઘડિયાળ ગુમાયાનું માલૂમ પડ્યું, ને આટલી મેદનીના ધસારામાં તે મળવાની લેશ પણ આશા વિના એ શોધવા આવ્યો, તો નિર્જન થઈ ગએલા એ મેદાનમાં ઘડિયાળ લઇને પેલો કિશોર અર્ધા કલાકથી યે વધુ સમય રાહ જોઇનેઊભોજ રહેલો! રામરાજ્ય માટે કહેવત છે કે રસ્તે પડેલી ચીજ ત્રણ દિવસે પણ પાછી ત્યાંથી જ મળે.

અનેકાર્થી શબ્દ : **લય** = નાશ, પ્રલય; લીનતા, એકતાર થઈ જવું તે; સંગીતમાં વિરામ કે વિશ્રામ; નૃત્ય, ગીત અને વાદ્યની સમતા; કોઈ સ્વર કાઢવામાં લાગતો સમય—દ્રુત, મધ્ય કે વિલંબિત; સ્વર કાઢવાનો ઢંગ.




કલાકણિકા : મધ્ય એશિયાથી આગળ વધી છેક સ્પેઈન સુધી પહોંચેલા મુસ્લિમ શાસનની સાથે એમની કલા-સંસ્કૃતિએ પણ પોતાનો પ્રભાવ વિસ્તાર્યો. ઈ.સ. ૧૨૩૬માં ગ્રૅનેડાનું અરબ સામ્રાજ્ય સ્થપાયું. ઈ. ૧૨૪૮માં મહમ્મદ બિન અલહમરે અલહમ્બ્રાની સ્થાપના કરી. એ અલહમ્બ્રાની છત પરનું આ શોભન છે. ભૌમિતિક આકૃતિઓ અને ફૂલપાનની અટપટી ગૂંથણી એ એની આગવી વિશિષ્ટતા છે.

> मनीषिणः सन्ति न ते हितैषिणः
> हितैषिणः सन्ति न ते मनीषिणः ।
> सुहृच्च विद्वानपि दुर्लभो नृणाम्
> यथौषधं स्वादु हितं च दुर्लभम् ॥
>
> જે લોકો બુદ્ધિશાળી હોય તે બધા હિતકારી હોતા નથી, અને જે હિતકારીઓ હોય છે તે વળી બુદ્ધિવાળા નથી હોતા. જેવી રીતે મીઠી પણ હોય ને સાથે હિતકારી પણ, એવી દવા દુર્લભ છે, તેમ મિત્ર સારો પણ હોય અને સાથે વિદ્વાન પણ, એવી વ્યક્તિ દુર્લભ હોય છે.

અંકસંદર્ભ—**આઠ** : શ્રીકૃષ્ણની આઠ રાણીઓ : સત્યભામા, જાંબવતી, નાગ્નજિતા, કાલિંદી, લક્ષ્મણા, મિત્રવિંદા, ભદ્રા, રોહિણી.

કહેવતો : 'કેળામાં ગોટલી નહિ, ને મુસલમાનને ચોટલી નહિ.' અમુક સ્થળે અમુક વસ્તુનો નિશ્ચિત અભાવ દર્શાવવા વપરાતી ચોટદાર દૃષ્ટાંતોવાળી કહેવત.

ચાલુ ઉજાગરા, સતત પરિશ્રમ કે લાંબી મુસાફરીના થાકથી શરીરમાં બેચેની ને કળતર થતાં હોય તો બેએક ડોલ ગરમ પાણીમાં મૂઠી ચા નાખીને ઉકાળીને એ પાણી વડે નાહવાથી કળતર દૂર થઈ, થાક ઊતરી જઈ, શરીર તાજું તથા હળવું થશે.



દક્ષિણ અમેરિકાનું આ રીંછ વિષુવવૃત્તની દક્ષિણે મળતું રીંછકુળનું એકમાત્ર પ્રતિનિધિ છે. એની આંખ ફરતે સફેદ કૂંડાળાં હોય છે એ પરથી એ ચશ્માંધારી રીંછ તરીકે ઓળખાય છે. આ પ્રકારના રીંછની આ એક જ જાત છે. લગભગ ૨૦૦ રતલની કાયાવાળું આ રીંછ વનસ્પત્યાહારી હોવાનું મનાય છે.

ગણિતગમ્મત : એક વર્ષના દિવસ ૩૬૫ હોય છે. આ આંકડા વિષે રસદાયક હકીકત એ છે કે તે ૧૦ થી ૧૨ સુધીની ક્રમિક સંખ્યાઓના વર્ગના સરવાળા બરાબર છે, એટલું જ નહિ પણ ત્યાર પછીના બે અંકો ૧૩ અને ૧૪ના વર્ગનો સરવાળો પણ ૩૬૫ થાય છે.

જુઓ $૩૬૫ = ૧૦^2 + ૧૧^2 + ૧૨^2$

$= ૧૩^2 + ૧૪^2$. (નીતમ વખારિયા)

શું ખાશો? કારતકે સીતાફળ, માગશરે શેરડી, પોષમાં જામફળ, માહમાં બોર, ફાગણે ધાણીચણા, ચૈત્રમાં રાયણ, વૈશાખે કેરી, જેઠમાં જાંબુ, અષાડે ખીર, શ્રાવણે પોંખ, ભાદરવે શાક ને આસોમાં મીઠાઈ.

બોદાર પથરી (lead litherge peroxide) ટંકણખાર, કપૂર, ગંધક અને સિંદૂર બધાંને સમ ભાગે લઈ કોપરેલમાં મિશ્રણ કરી બનાવેલો મલમ, ખસ થએલી હોય તે ભાગ પર કાથાની દોરડીથી સહેજ ઘસી કાઢી લગાડવાથી સાત જ દિવસમાં ખસ મટી જાય છે. રાળ (સર્જરસ,) ટંકણખાર ને ગંધકના ચૂર્ણને લીંબુના રસ અગર દહીંમાં ઘૂંટી લગાડવાથી દાદર મટી જશે. (છગનભાઈ ભક્ત)



ટિકિટકથા : વિટ્ટ લીઅવ (સફેદ સિંહ) નામના ડચ ઈસ્ટ ઇંડિયામૅનના એક જહાજને બે પોર્ટુગીઝ હરીફ જહાજોએ ઈ. ૧૬૧૩માં સેન્ટ હેલીના નજીક ડુબાડી દીધેલું. જાવાથી એ ઍમ્સ્ટર્ડૅમ જઈ રહ્યું હતું. સ્પૅનિશ દસ્તાવેજોમાં તેનો અહેવાલ વાંચીને બેલ્જિયમના એક દરિયામાંથી ખજાનો ખોળનારા રૉબર્ટ સ્ટેન્યુઈટે ઈ. ૧૯૭૬માં તેના ડૂબેલા અવશેષો ખોળી કાઢ્યા. સો ફૂટ ઊંડા પાણીમાંથી એને એમાં કેટલીક કાંસાની તોપો, ચીની માટીનાં કિંમતી વાસણો, સુરાપાત્રો વગેરે ઘણી ચીજો મળી હતી. સેન્ટ હેલીનાએ પોતાની છ ટિકિટો પર તે ખજાનાની ચીજો ચિત્રિત કરેલી. એમાંની આ એક પર એક તોપ આપી છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૧૩૦થી

નવાર ખંજવાળ આવવા લાગી હતી. પછી સતત ખંજવાળ આવવા લાગી ત્યારે ધ્યાન દઈને જોતાં લાગ્યું કે તે ભાગ પર ખરજવું હતું. તેથી તે ભાગ પર બ્લેડ બરાબર સાચવીને ઘસીને ચામડી પર ગુંદર લગાડી દીધો. અને ૪ ૫ દિવસ એ રીતે ગુંદર રોજ લગાડતાં ખૂબ બળતરા થતી પણ તેનો ફાયદો અનુભવતો કે ખરજવું જડમૂળથી ગુંદરથી નાબૂદ થઈ જાય છે તેથી તે ગુંદર લગાડવાનું ચાલુ જ રાખેલું અને એક અઠવાડિયામાં તદ્દન સારું થઈ ગયું. ગુંદર સાથે soothing effect માટે Betnovet N ઓઈન્ટમેન્ટ વાપરવાનું ચાલુ રાખ્યું હતું, અંગૂઠા પર ખરજવું થયું હતું તેની પણ બિલકુલ નિશાની રહી નથી એટલું સારું થઈ ગયું છે. તો એક સ્વાનુભવનો તદ્દન સરળ ને સસ્તામાં સસ્તો પ્રયોગ અન્ય વાચકોના લાભાર્થે રજૂ કર્યો છે. આમાં ફક્ત બે બાબતની ખાસ જરૂર છે: ગુંદર લગાડયા પછી બળતરા થાય તે સહન કરવી (મટે નહિ ત્યાં સુધી) ને તે ભાગ પર પાણી બિલકુલ ન લાગે તેટલી ખાસ કાળજી રાખવી.

(સુરત-૫) —રજનીભાઈ બર્માવાલા

ચિત્રકાર

ફેબ્રુઆરી 'કુમાર'માં (પૃષ્ઠ ૫૧) 'અદ્ભુત! અદ્ભુત!' શિર્ષક હેઠળ શ્રી હરીશ નાયકનો બે ચિત્રકારો વિષેનો સરસ પ્રસંગ પ્રકટ થયો છે. મૂળે જેમ્સ બૉલ્ડવીનની લખેલી આ રોમન લોકકથાનો ઉત્તરાર્ધ પણ એટલો જ સરસ છે.

પોતાના જેવા જ સિદ્ધહસ્ત ચિત્રકાર પેરહેસિયસે ઝીઓક્સિની ચિત્રકળાનું અભિમાન ઉતાર્યું એ પછી ઘણા સમયે ઝીઓક્સિસે ફરી એક વાર એક સુંદર ચિત્ર તૈયાર કર્યું. માથા પર તાજાં, રાતાં, રસાળ ચેરીની ટોપલી ઊચકીને જતા એક ફેરિયાનું એ ચિત્ર હતું. એ ચિત્ર પૂરું કરી એણે પોતાના ઘરના દરવાજા બહાર ટાંગ્યું કે તરત જ આકાશમાં ઊડતાં કેટલાંક પક્ષીઓ એ ચેરીને સાચાં માની એના પર ત્રાટક્યાં! ફરી એક વખત ચિત્રકાર ઝીઓક્સિને અભિમાન થયું. છે કોઈ આવો ચિત્રકાર જગતમાં? પણ ત્યાં તો એના આંતર-મનમાં આગલો પ્રસંગ તાજો થયો. ઝીઓક્સિસનું અભિમાન ઓસરવા માંડયું ને પોતાની કૃતિનો પોતે જ વિવેચક બની એ પોતાના મનને જાણે કહેવા માંડયો: તારું ચિત્ર નિષ્ફળ છે. ચિત્રનાં ચેરી ભલે સાચાં જેવાં લાગે પણ તેં દોરેલ ફેરિયામાં જીવ નથી લાગતો. એ ફેરિયાને તું જીવંત રજૂ કરી શકયો હોય તો પક્ષીઓ એની નજીક આવવાની હિંમત જ કેવી રીતે કરી શકત?

(અમદાવાદ) —ભારતી મહેન્દ્ર ત્રિવેદી

વિનોદની નજરે

'વિનોદની નજરે' લેખમાળા આપીને 'કુમારે' ગુજરાતી સાહિત્યને હૃષ્ટપુષ્ટ બનાવ્યું છે, જેને માટે એક વાચક તરીકે 'કુમાર' માટે હું ગૌરવ અનુભવું છું.

આ લેખમાળા અમારી લાયબ્રેરીના સઘળા મિત્રોમાં અતિ પ્રિય થઈ હોવાને કારણે આ પત્ર લખવા માટે ઓછામાં ઓછા વીસેક મિત્રોનો આગ્રહ પણ છે. સાથેસાથે એટલું પણ કહેવાનો અમારા સહુનો અનુરોધ છે, કે ભાઈશ્રી વિનોદ ભટ્ટે તેમના આ સર્જન દરમ્યાન હાસ્ય સાહિત્યમાં એક ન કલ્પી શકાય તેવા અઘરા વિષયને વાચકોના વાચન માટે સરળ બનાવી સમૃદ્ધ વાચનની ખોટ પૂરી કરી છે. કોઈને અતિશયોક્તિ ન લાગે, તેવી સભાનતા સાથે આ પત્ર લખવાનો વિચાર કર્યો હોવા છતાં, હું એટલું કહી શકું છું કે, આખી લેખમાળામાંથી એક પણ લેખ તો શું, એક વાકય પણ મને નબળું નથી લાગ્યું. છેવટે એટલા જ નિષ્કર્ષ ઉપર આવવાનું મન થાય છે કે 'મા સરસ્વતીએ ઉદારતાથી શ્રી વિનોદ ભટ્ટની કલમમાં પ્રવેશ કર્યો.' 'કુમાર' અને શ્રી વિનોદ ભટ્ટને હાર્દિક અભિનંદન.

(અમદાવાદ) —અશોક દવે

૨

'વિનોદની નજરે'ના ૩૪ લેખો વાંચ્યા. દર વખતે એટલો જ આનંદ થતો. હવે છેલ્લો વિનોદનો વિનોદ વિષે લેખ આવશે અને પછી સીરીઝ બંધ, એવી વાત જાણવા મળી છે. શિવ પંડયાએ સાહિત્યકારોમાં નર્મદથી નિરંજન સુધીનાનાં કેરીકેચર્સ તૈયાર કરી જે અભૂતપૂર્વ કાર્ય કર્યું છે તેવું જ કાર્ય શબ્દ દ્વારા વિનોદે કર્યું છે એમ કહું તો સહેજે અતિશયોક્તિ નહિ ગણાય. અલબત્ત, બિનસાહિત્યિક માણસોની આ સીરીઝમાં સંખ્યા ઠીકઠીક રહી. ઘણા જાણીતા બાકી રહી ગયા છે તો અન્ય નહિ જાણીતા, જાણીતા યે થયા છે. પરંતુ લેખકના પરિચય વિસ્તારની આ તો મર્યાદા છે.

બચુભાઈ રાવત વિષે લેખ ન આવે ત્યાં સુધી મારા મતે આ સીરીઝ અધૂરી જ ગણાવાની. બચુભાઈ તેમના કાર્યથી એક સંસ્થા બની ચૂકયા છે, અને સાહિત્યજગતમાં તેમનું એક આગવું સ્થાન 'કુમાર' અને 'બુધસભા'ને કારણે છે જ. ઉપરાંત આ આખીય સીરીઝ દરમિયાન દરેક લેખ વખતે તેમના શું પ્રતિભાવો રહ્યા તે જાણવાનો 'કુમાર'ના વાચકોનો અધિકાર નહિ? આ સિવાયે ઘણો મસાલો વિનોદ પાસે હશે એમાં મને કોઈ શંકા નથી. બચુભાઈ વિષે વિનોદ લખે, હજુ લખી શકે એવું માનતા વાચકો મારી જેમ પત્ર લખી 'કુમાર'ને જાણ કરે અને બચુભાઈ સંમત થાય એ જોવાની મારી તો એષણા ખરી! આ અગાઉ એક વખત 'કુમાર'ના પુરસ્કાર-ધોરણ વિષે થોડો ઊહાપોહ કરતો પત્ર મેં લખેલો જે 'કુમાર'માં કયા કારણસર છપાયો નથી તે જાણવાની ઇચ્છા ય ખરી. આ બાબતે ખુશવંતસિંઘની બરાબરીમાં બચુભાઈ પાછા પડતા હોય તો તેમાં દોષ કોનો? આ પત્ર વાચકો સુધી પહોંચે એવી અપેક્ષા છે.

(ગાંધીનગર) —ડંકેશ ઓઝા

૩

'કુમાર'માં આવતી 'વિનોદની નજરે' શબ્દચિત્ર, શ્રેણી એકંદરે ઉત્કૃષ્ટ અને અજોડ છે; અપૂર્વ પણ. દા. ત. વસુબહેનનું જ ઉત્તમ છે. એમના સમગ્ર વ્યક્તિત્વને ઉઠાવ આપનારું છે. એમનું ગૌરવ પ્રતિબિંબિત કરે છે, પરંતુ આવું છે એટલે, અને 'કુમાર' જેવું ઉચ્ચ કક્ષાનું સામયિક છે એટલે ખાસ સવિનય ફરિયાદના શબ્દ પણ ઉચ્ચારવા પડે છે.

કયારેક લેખક હળવાશના મોહમાં વધુપડતી છૂટ લે છે. શિવકુમાર જોશીના શબ્દચિત્રમાં અમેરિકા સાથે ન લઈ જવાનું કારણ આપતા રુચિર જોશીવાળી વાત સુરુચિની સીમારેખા ઓળંગે છે જ્યારે વસુબહેનના શબ્દચિત્ર (ફેબ્રુ. '૭૯)માં:

(૧) 'હવે તો તમે ઘરડા થયા'...એ કયાં થઈ છે?—કવિનો ઉત્તર. (૨) 'આપણા સાહિત્યકારો' વિષેની પ્રશ્નોત્તરીવાળું આખું લખાણ જ લગભગ. (૩) 'તું કહેતો હોય તો તારા ખોળામાં બેસું.' એ બધા સંસ્કારિતાની લક્ષ્મણરેખાથી કયાંય દૂર જાય છે.

વિનોદભાઈ પોતે કે મુલાકાત આપનાર વાતચીતમાં જે હળવાશ કે નિખાલસતા આણે તે બધી જ 'આવતી કાલનાં નાગરિકો માટેના માસિક'માં છપાય, અને તંત્રી બ. રા. જ હોય એ મારા જેવા કેટલાયથી સહન નહિ થતું હોય. છતાં હવે પુસ્તકાકાર કયારે?*

(નવા કંડલા-કચ્છ) —પ્રભાશંકર ફડક

[*પુસ્તક વોરા તરફથી પ્રકટ થઈ ગયું.]

એક પાઠાંતર

૬૬૨મા અંકમાં પ્રસિદ્ધ થએલા શ્લોક—

'यथा खरश्चन्दन–भारवाही
भारस्य वेत्ता न तु चन्दनस्य।'

ની અંતિમ બે પંક્તિઓ ફેરફાર સાથે, આયુર્વેદના માન્ય ગ્રંથ, સુશ્રુત સંહિતાના સૂત્રસ્થાનના ચોથા અધ્યાયમાં છે. એમાં અંતિમ પંક્તિઓ આ પ્રમાણે છે:

एवं हि शास्त्राणि बहून्यधीत्य
चार्थेषु मूढाः खरवद्वहन्ति'

અલબત્ત, પાઠાંતર ખાસ અર્થફેરવાળું નથી.

(જામનગર) —સુરેન્દ્ર પાઠક

ગુજરાતમાં અંત્યોદયના સૂર્યનો ઉદય



જનતા સરકારનો ગરીબી સામે સીધો જંગ

- ગરીબમાંય તદ્દન ગરીબ વર્ગના સીધા ઉત્કર્ષનો અને ગરીબીની રેખા નીચે જીવતા ગરીબ કુટુંબોના સીધા ઉત્થાનનો જનતા સરકારનો નૂતન દૃષ્ટિકોણવાળો કાર્યક્રમ.
- ઉત્પાદક સાધન-સંપત્તિ વિહીન અથવા તદ્દન અલ્પ સાધન-સંપત્તિવાળા ગરીબ કુટુંબોને કાયમી આવકનું સાધન આપી, સહાય આપી તેમની આર્થિક સ્થિતિ સુધારવાના મૂળભૂત ઉદ્દેશવાળો આર્થિક કાર્યક્રમ.
- ૬૦ વર્ષ કે ઉપરની ઉંમરના વૃદ્ધો અને અશક્ત વ્યક્તિઓને સામાજિક સલામતીનાં પગલાં તરીકે પેન્શન આપતો કાર્યક્રમ.
- સિમાંત ખેડૂતો અને ખેત-મજૂરો તથા માથાદીઠ માસિક રૂ. ૫૭ થી ઓછી આવકવાળા કે પાંચ માણસોના કુટુંબ માટે બધાં સાધનોમાંથી વાર્ષિક આવક રૂ. ૩૪૦૦ થી ઓછી હોય તેવી ગરીબી રેખા નીચેના કુટુંબોને આ યોજના હેઠળ આવરી લેવાશે.

ગુજરાતના લગભગ ૫૦ હજાર જેટલાં ગરીબીની રેખા નીચે જીવતાં અત્યંત ગરીબ કુટુંબોના ઉત્થાન માટેના કાર્યક્રમનો મે તા. ૧, ૧૯૭૯ થી ઉદય થતાં અંત્યોદયના મંગલ પ્રભાતનાં સુવર્ણ-કિરણો પથરાઈ જશે.

અંત્યોદય અને ગ્રામોન્નતિ—
જનતા સરકારના બે ગુરુમંત્રો